
# ડાહ્યો ડમરો



V RAMANUJ

કુમારપાળ દેસાઈ

# ડાહ્યો ડમરો

(દામોદર મહેતા)

કુમારપાળ દેસાઈ

**પ્રાપ્તિસ્થાન**

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001

ફોન : 079-22144663, 22149660

e-mail : goorjar@yahoo.com. web : gurjarbooksonline.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ, સિટી સેન્ટર પાસે, સીમા હૉલ સામે,

100 ફૂટ રોડ, પ્રહ્‌લાદનગર, અમદાવાદ 380015

ફોન : 26934340, 98252 68759 - gurjarprakashan@gmail.com

કિંમત : રૂ. ૧૦૦ પહેલી આવૃત્તિ : 1990
ચોથી સંવર્ધિત આવૃત્તિ : 2017

**Dahyo Damaro**
A story baised on Damodar Mehta's life for teenagers
by Kumarpal Desai
Published by Gurjar Granth Ratna Karyalaya, Ahmedabad-1

© કુમારપાળ દેસાઈ
પૃષ્ઠ : 4+100
ISBN : 978-93-5162-446-2
નકલ : 1000

પ્રકાશક : **ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ,
અમદાવાદ-380001 ફોન : 22144663,
e-mail : goorjar@yahoo.com
****

મુદ્રક : **ભગવતી ઑફસેટ**
સી/૧૬, બંસીધર એસ્ટેટ, બાલડોલપુરા, અમદાવાદ-380 004

## અનુક્રમ

ડાહ્યો ડમરો એટલે દામોદર મહેતા. ગુજરાતના સુવર્ણયુગ સમા સોલંકી યુગનું આ એક વિશિષ્ટ નવરત્ન. બાદશાહ અકબરના દરબારમાં જેમ બીરબલ હતા એમ ગુજરાતના રાજા ભીમદેવના દરબારમાં ડાહ્યો ડમરો હતો. ગુજરાતની દંતકથાઓ, રાસાઓ ને પ્રબંધોમાં આ પાત્ર વિશે આછી-પાતળી લકીરો મળે છે. એમાં ઊંડી ખોજ કરતાં બુદ્ધિચાતુર્યની કેટલીક માર્મિક ઘટનાઓ પ્રાપ્ત થાય છે.

આ ડાહ્યો ડમરો એટલે આદર્શ ગુજરાતી, લહેરી, ત્યાગી ને દેશાભિમાની. ભીમદેવ જેવા રાજવી અને વિમલમંત્રી જેવા મંત્રીઓ શસ્ત્રથી સમરાંગણ ખેલે છે. આ માનવી નિઃશસ્ત્ર રહીને ભલભલાને હરાવે છે ને મા ગુર્જરીની સેવા કરે છે.

આ કથાનકમાં તે સમયની પ્રચલિત અન્ય કથાઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. કેટલીક કથાઓ કાળે કાળે થયેલા આવા બુદ્ધિમાનોની સામાન્ય ને સમાન કથાઓ છે.

આ પુસ્તકને ગુજરાત સરકાર તરફથી ઉત્તમ ગુણવત્તાવાળાં પુસ્તકોની સ્પર્ધામાં બાળ-સાહિત્યના વિભાગમાં પારિતોષિક પ્રાપ્ત થયું હતું.

આજે આ પુસ્તક નવસંસ્કરણ પામીને ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત થાય છે તે માટે એ સંસ્થાનો અને શ્રી મનુભાઈ શાહનો આભારી છું.

માત્ર 'ડાહ્યો ડમરો' જેવી કહેવતમાં સજીવ રહેલા, મોટા ભાગે ભુલાઈ ગયેલા આ મહાન નરરત્નની કથા વિનોદી બુદ્ધિચાતુર્ય સાથે ગુજરાતના ગૌરવની ઝાંખી કરાવશે તો હું મારો યત્ન સાર્થક માનીશ.

૧૨-૪-૨૦૧૭ **કુમારપાળ દેસાઈ**

અમદાવાદ

# અનુક્રમ

| | | |
|---|---|---|
| ૧. | ભોળા ભામાશા | ૫ |
| ૨. | નવ્વાણું નાક | ૧૩ |
| ૩. | ધોળામાં ધૂળ | ૨૩ |
| ૪. | ડમરો દરબારમાં | ૩૦ |
| ૫. | આડે લાકડે આડો વેહ | ૩૮ |
| ૬. | ઉંદરે તાણ્યો ઘોડો | ૪૪ |
| ૭. | રેવાદાસની રાઈ | ૫૪ |
| ૮. | સૂરજની સાખે | ૫૯ |
| ૯. | હું ગુજરાતી | ૬૪ |
| ૧૦. | એલચીઓના પ્રકાર | ૭૪ |
| ૧૧. | દૂધ પીધું પ્રમાણ | ૭૬ |
| ૧૨. | એકે હજારાં | ૮૦ |
| ૧૩. | દર્શન કર્યાં | ૮૬ |
| ૧૪. | મહાન ભીમ, મહાન ભોજ | ૯૦ |
| ૧૫. | કેસર કેરી | ૯૩ |
| ૧૬. | રિસાયેલી રાણી | ૯૯ |

# ભોળા ભામાશા

## [૧]

સોનાપરી નામની નગરી. એમાં ચાર વાણિયા રહે. ચારે લંગોટિયા દોસ્તો. એમનાં નામ : શામળશા, પેથડશા, ઝાંઝણશા અને ભામાશા.

ચારેમાં સૌથી નાના વેપારી ભામાશા. સૌથી ભોળા પણ ભામાશા. પૂરો અલ્લાનો આદમી. કદી ખરું-ખોટું કરતાં આવડે નહીં.

આ ચારે વેપારીઓ એકસાથે વેપાર ખેડે. પાઈએ પાઈની ગણતરી કરે. એનો હિસાબ રાખે. કદી ઝઘડો કે ટંટો ન થાય તે માટે દરેક ચીજના ચાર ભાગ પાડે. વેપારની બધી બાબતમાં ભાગીદારી, માટે બધી વસ્તુ સરખી વહેંચી લેવી જોઈએ.

કહે કે હિસાબ પાઈનો, બક્ષિસ લાખની.

પોતાનાં વહાણોમાં માલ ભરી દેશ-દેશાવર મોકલે. પરદેશથી આવતાં વહાણોમાંથી માલની ખરીદી કરે. આ સાથે સીંગ અને કાલાં--કપાસનો ધંધો પણ કરે. સીંગ અને કપાસ રાખવા માટે મોટી-મોટી વખારો રાખે.

એક વખત વખારનો ચોકીદાર ફરિયાદ લઈને આવ્યો :

‘વખારમાં ઉંદરભાઈની સેના આવી છે. આવીને તોફાન જમાવી બેઠી છે. નાના ટચૂકડા દાંતથી કપાસની ગાંસડીઓની ગાંસડીઓ તોડી નાખે છે. પરિણામે અનેક ગાંસડીઓ તૂટી છે, ચારે તરફ રૂ, રૂ ને રૂ

થઈ ગયું છે, જાણે રૂનો મહાસાગર હિલોળે ચડ્યો ન હોય !

'આ મહાસાગરની મજા ઉંદરમામા પૂરેપૂરી માણે છે. સંતાકૂકડી રમવાની, ખો-ખો આપવાની, હૂતુતુની અને સાતતાળીની રમતો રમ્યા કરે છે આ બેતાજ બાદશાહો.'

શામળશા કહે કે સત્યાનાશ વાળશે આ ગજાનનનાં વાહનો ! પેથડશા કહે કે વિનાશ કરશે આપણા રૂનો આ ચૂંચી મહાશયો ! ઝાંઝણશા કહે કે કરો આ બલાને દેશપાર ! ભામાશા કહે કે જલદી આનો કોઈ ઉપાય શોધી કાઢો.

ચારે વેપારીઓ વિચારવા લાગ્યા. ભારે ભેજાબાજ વણિકો. તરત એક રામબાણ ઇલાજ જડી ગયો ! તરત એક મીનીમાસી લઈ આવ્યા. આ બિલાડીને જોઈને ઉંદરમામાઓ છુપાઈ ગયા.

આ માસી ઉંદરોને ફક્ત ધાકધમકી કે મેથીપાક જ ન આપતી, પણ એ તો સીધી એમને ઓહિયાં કરી જતી. એને ઘાએ જે ચડ્યા એની જિંદગીનાં બધાં વર્ષ પૂરાં જ થઈ ગયાં સમજો !


ફરી પેલા ચારે વાણિયા ભેગા મળ્યા. હવે ધંધો વધ્યો હતો. નુકસાન થતું અટક્યું હતું અને એ બધું મીનીમાસીને આભારી હતું.

ખરી રીતે વિચારતાં મીનીમાસીના પગને એ આભારી હતું. મીનીમાસીના પગે કુદરતે પોચી ગાદી જડી હતી. ચાલે એટલે જરા પણ અવાજ થાય નહિ. વળી છલાંગ દેવામાં, પીછો પકડવામાં ને પછી સજા કરવામાં પગ અને તેના નખ પણ પૂરા કાબેલ હતા !

આભાર માનીએ મીનીમાસીના ચાર પગનો !

ચારે વેપારીઓએ વિચાર કર્યો કે મીનીમાસીની બધી ખૂબી ચાર પગમાં છે. આપણે તેની હિફાજત કરવી જોઈએ. દરેક વેપારી એક-એક પગ સંભાળ માટે નક્કી કરી લે.

ચારે જણાએ મીનીમાસીના ચાર પગ વહેંચી લીધા, ને ચારે જણાએ મીનીમાસીના પગને ઝાંઝરથી શણગારવાનું નક્કી કર્યું.



## મીની માસીએ તરાપ મારી

શામળશાએ ઝાંઝરને સોનાની, પેથડશાએ ચાંદીની, ઝાંઝણશાએ તાંબાની અને ભામાશાએ પિચગુલ ઘૂઘરીઓ મઢાવી.

ઝાંઝર તૈયાર થયાં. સૌએ પોતપોતાના ભાગમાં મળેલા પગે ઝાંઝર બાંધી દીધાં. હવે તો મીનીમાસી ચાલે કે ઝાંઝરના ઝણકારથી બધું રણકી ઊઠે.

મીનીમાસી ચાલે રૂમઝૂમ ! દિવસે ઝાંઝર પહેરી સુંદરીની ચાલે ચાલે, રાતે ઝાંઝર કાઢી શેતાનની જેમ તલપે.

એક દિવસ બપોરે મીનીમાસી ગાંસડી પર બેઠાં હતાં. એક બાજુ ભૂખ લાગી હતી, બીજી બાજુ ઊંઘ આવતી હતી. એક તરફ બગાસું આવે ને આંખો ચોળે, બીજી બાજુ પેટમાં ગલૂડિયાં બોલે ! જરા લાંબો પગ કરીને વિચાર કરવા લાગ્યાં.

એવામાં થોડે દૂર પડેલી ગાંસડી નીચે એક ઉંદરડો દેખાયો. એને જોઈને મીનીમાસીની ઊંઘ ક્યાંય ઊડી ગઈ. સીધી તરાપ મારી, પણ ભાણેજ (ઉંદરભાઈ) માસી કરતાં ચાલાક નીકળ્યો. એ ઝડપથી દોડીને

ક્યાંક ભરાઈ ગયો. મીનીમાસીને પગે વાગ્યું એ વધારામાં.

ફરી પેલા ચારે વેપારી ભેગા થયા. મીનીમાસી ચારેની મજિયારી મિલકત હતી. બધાએ મીનીમાસીને કયા પગે વાગ્યું છે એની તપાસ કરી. ખબર પડી કે મીનીનો જે પગ ભામાશાના ભાગમાં આવ્યો હતો અને જે પગે પિચગુલની ઘૂઘરીવાળું ઝાંઝર હતું એ પગે ઈજા થઈ છે.

બસ, થઈ રહ્યું, હવે દવાદારૂ ને પાટાપિંડીની તમામ જવાબદારી ભામાશા પર આવી ગઈ. એનો બધો ખર્ચો ભામાશાએ ભોગવવાનો.

ભોળા ભામાશાએ બિલાડીની ખૂબ દરકાર લીધી. સારા વૈદ પાસે દવા લગાવડાવી પાટો બંધાવ્યો, બિલાડી તો આવા પાટાથી કંટાળી ગઈ. એને ચાલતાંય ન ફાવે ત્યાં ઠેકડો કે તરાપ મારવાની વાત જ કેવી?

એમાં એ લંગડાતી લંગડાતી-નસીબજોગે એક સગડી પાસે પહોંચી ગઈ. સગડી પર દૂધ ઊકળતું હતું. સગડી પાસે જતાં એનો પગ અડી ગયો. કપડાંનો પાટો સળગવા લાગ્યો.

બસ, પછી તો મીનીમાસીએ કૂદાકૂદ કરવા માંડી. ચારે તરફ ઘૂમવા માંડ્યું. એમાંય આ તો રૂ. સહેજ અગ્નિ લાગે કે ભડભડ સળગી ઊઠે.

વખારમાં આગ લાગી. ભારે ભડકા થયા. ગાંસડીઓ બળીને ખાખ થઈ. હજારોનું નુકસાન થયું.

ફરી પેલા ચારે વેપારીઓ ભેગા થયા. વાત બધી વિગતે જાણી, ઝીણવટથી વિચારી ને શાંતિથી વાગોળી. આખરે સાર આવ્યો કે ભામાશાએ પોતાના ભાગમાં આવેલા પગે પાટો બાંધ્યો. એ પાટો સળગ્યો. આ કારણે રૂમાં આગ લાગી અને એનાથી મોટું નુકસાન થયું. આથી તમામ નુકસાન માટે ભામાશા જવાબદાર છે. એણે નુકસાન ભરપાઈ કરવું જોઈએ. ત્રણે વેપારીએ ફેંસલો આપ્યો.

ભામાશાના તો હોશકોશ ઊડી ગયા. એણે પોતાના બચાવમાં

કહ્યું, 'બિલાડી દોડી તો ચાર પગે ને ? માટે બધાએ સરખું નુકસાન ભોગવવું જોઈએ.'

શામળશાએ કહ્યું, 'એ કેવી રીતે બને ? તારા ભાગમાં આવેલા પગે પાટો બાંધેલો હતો. તે સળગતાં આ આવડી મોટી આગ લાગી અને નુકસાન થયું. આથી આ નુકસાનની બધી જવાબદારી તારા ઉપર.'

ભામાશા પાસે આટલા બધા પૈસા ક્યાંથી હોય ? પૈસા ન મળતાં ત્રણે વેપારીઓએ સોનાપરીના પંચ આગળ ફરિયાદ કરી.

પંચ તો ગામના ચારે વેપારીઓને બરાબર ઓળખે. એમની આખી વાત શાંતિથી સાંભળી.

ત્રણે વેપારીઓએ પોતાની દલીલો રજૂ કરી અને કહ્યું કે ન્યાયની રીતે ભામાશાએ નુકસાન ભરપાઈ કરવું જોઈએ. પંચે આ ત્રણ વેપારીઓની વાત માન્ય રાખી.

ભામાશા મૂંઝાયો. એને સિદ્ધપુરનો ચતુર માનવી ડમરો યાદ આવ્યો. એ બુદ્ધિનો ભંડાર હતો. લોકોમાં એ ડાહ્યા ડમરાને નામે જાણીતો, પણ એનું મૂળ નામ બીજું હતું.

એનું મૂળ નામ હતું દામોદર મહેતો. દામોદરનું ટૂંકું રૂપ ડામર થયું. એ બહુ ડાહ્યો હતો, એટલે ડાહ્યો ડામર કહેવાતો, પણ લોકોની જીભનો વળાંક અજબ હોય છે. એણે ડામરનું ડમરો કરી નાખ્યું.

ડમરો એક સુગંધી છોડ છે. જેવો મેંદીનો છોડ, તુલસીનો છોડ એવો જ ડમરાનો છોડ. ભગવાનને ચડે. ભારે સુગંધ ફેલાવે. લોકો આંગણામાં વાવે, કાન દુખે તો કાનમાં એનાં ટીપાં નાંખે. લોકો પાઘડીના છોગામાં પણ આ ડમરો ઘાલે. દવા માટે, દુઆ (પૂજા) માટે ને શોભા માટે ડમરો વખણાય.

દામોદરના ગુણ પણ ડમરા જેવા હતા. એટલે એનું નામ થઈ ગયું ડાહ્યો ડમરો.

ગરીબ કે દુખિયાને એ મદદ કરે. ચતુરાઈના જોરે અભિમાનીનો

ગર્વ ગાળે. અન્યાય થતો હોય તો ન્યાય અપાવે.

ભામાશા ડમરા પાસે ગયા. ડમરાના પગમાં પાઘડી મૂકી અને કોઈ પણ રીતે પોતાને બચાવવા કહ્યું. ડમરો નહીં બચાવે તો એ અહીં જ પ્રાણ કાઢી નાખશે, કેમ કે બધું નુકસાન ભરપાઈ કરવા માટે, પોતાનું સાત પેઢીએ ભેગું કરેલું ધન પણ ઓછું પડે તેમ હતું.

ડમરાએ ખૂબ વિચાર કર્યો. બચાવના અવનવા રસ્તા અને તરકીબો ખોળવા લાગ્યો. આખરે બોલ્યો, 'ભામાશા, તમે પાટણના ધર્માધિકારી ને ફરિયાદ કરો.I

ભામાશાએ ફરિયાદ કરી. ધર્માધિકારીના ન્યાયાધીશો ભેગા થયા. એ બધા ગમે તેવી ગૂંચ ઉકેલી નાખે તેવી બુદ્ધિવાળા હતા. ન્યાયાધીશોએ ત્રણે વેપારીઓની વાત સાંભળી.

પછી ભામાશાને કહ્યું, 'તમારો જવાબ રજૂ કરો.'

ભામાશાએ કહ્યું, 'મારા તરફથી આ મારો મિત્ર જવાબ રજૂ કરશે. એનું નામ ડમરો છે.'

'વારુ, જલદી કરો.'

ડમરો સભામાં ઊભો થયો. એ ઠીંગણો હતો. એણે ધર્માધિકારી પાસે એક ઘોડી માગી.

લાકડાની ઘોડી આપવામાં આવી. ડમરો એના પર ચડી બોલ્યો, 'ધર્માધિકારી મંજૂરી આપે તો થોડા સવાલ મારા ત્રણ વેપારી મિત્રોને પૂછવા માગું છું.'

ધર્માધિકારી કહે, 'ખુશીથી પૂછો. પણ આડીઅવળી વાત પૂછશો મા.'

'વારુ,' ડમરો બોલ્યો. 'આગ લાગી તે વાત સાચી ને ?'

'દીવા જેવી સાચી,' ત્રણે જણા બોલ્યા.

'રૂ બળી ગયું. પરિણામે મોટું નુકસાન થયું ને ?' ડમરાએ

આગળ પૂછ્યું.

‘કરી કમાણી ધૂળ થઈ ગઈ. મરી ગયા મારા બાપ !’

‘વારુ, એ આગનું કારણ બિલાડી બની, કેમ ?’

‘બિલાડી નહિ તો શું અમે ?’ ત્રણે જણા ખિજાઈ ગયા. તેઓને લાગ્યું કે આ ડમરો સાવ મૂર્ખ લાગે છે. વાત સાદીસીધી છે, પણ સમજતો નથી.

ડમરાએ પૂછ્યું, ‘આગ લાગી ત્યારે બિલાડીની શારીરિક હાલત કેવી હતી ?’

‘એક પગે લંગડી. લંગડા પગે પાટો બાંધેલો. બિચારી લંગડો પગ ઊંચો રાખી ત્રણે પગે ચાલતી હતી.’

‘એ બિલાડીના સાજા ત્રણ પગ તમારા હિસ્સાના અને લંગડો પગ ભામાશાના ભાગમાં હતો ને ?’

‘એ તો ભામાશા પણ કબૂલ કરશે.’ ત્રણેએ કહ્યું.

ભામાશાએ ડોકું ધુણાવી હા કહી.

ડમરાએ આગળ પૂછ્યું, ‘ચાલવામાં બિલાડીના પાટાવાળા પગ અને બીજા પગમાં કંઈ ફેર હતો ?’

પેથડશા કહે, ‘પાટાવાળો પગ જખમી હતો. એ પગને બિલાડી જમીન પર પણ મૂકી શકતી ન હતી.’

ઝાંઝણશા કહે, ‘અરે ! બિચારી ત્રણ પગે જ ચાલતી હતી, એમ કહો ને ?’

ડમરાએ પૂછ્યું, ‘બરાબર. હવે તમે એ જવાબ આપો કે બિલાડીને પગે પાટો બાંધ્યો હતો ને તે સળગી ઊઠવાથી આગ લાગી તેમ તમે માનો છો ?’

શામળશાએ જવાબ આપ્યો, ‘હા, એક નહિ પણ સો વાર એમ માનીએ છીએ.’

તરત ડમરો બોલ્યો, 'તો તમારે ત્રણે વેપારીઓએ ભામાશાને નુકસાન આપવું જોઈએ.'

ત્રણે વેપારીઓ એકસાથે બોલી ઊઠ્યા, 'અરે ! એ વળી કેવી રીતે?'

ડમરો બોલ્યો, 'પગ પરનો પાટો સળગવાથી આગ નથી લાગી, પણ કૂદાકૂદ કરવાથી આગ લાગી છે.'

શામળશા બોલ્યા, 'હા, અમારું એ જ કહેવું છે. પણ જે પાટો સળગ્યો એ ભામાશાના પગે બાંધ્યો હતો અને બિલાડીએ કૂદાકૂદ કરતાં આગ લાગી તેથી અમે તેની પાસે નુકસાન માગીએ છીએ.'

ડમરો બોલ્યો, 'તમે તો કહ્યું કે ભામાશાવાળો પગ બિલાડી જમીન પર પણ મૂકી શકતી ન હતી. તો જુઓ, સહુ પહેલાં તો આગ પાટો સળગવાથી નથી લાગી. એ સળગ્યો હોત અને બિલાડીએ કૂદાકૂદ કરી ન હોત તો ક્યાંય આગ લાગત નહિ, પણ બિલાડીની કૂદાકૂદથી આગ લાગી છે.'

'આ કૂદાકૂદ એણે કરી કેવી રીતે ? ભામાશાવાળો પગ તો તે જમીન પર મૂકી શકતી ન હતી, પછી કૂદાકૂદની વાત કેવી ?'

'આમ તમારા ભાગના ત્રણ પગોથી બિલાડીએ કૂદાકૂદ કરી ને આગ લગાડી. માટે તમારે ત્રણેએ ભામાશાને જે નુકસાન થયું હોય તે ચૂકવવું ઘટે.'

ડમરાની વાત સાંભળીને વેપારીઓ સ્તબ્ધ થઈ ગયા. આ તો એમને ગળે જ બલા ચોંટી. આવું તો એમણે સપનેય ધાર્યું ન હતું.

પાટણની ધર્મ-અદાલતે ડમરાની વાત માન્ય રાખી. ન્યાયાધીશો અને પાટણના નાગરિકો ડમરાની બુદ્ધિ પર વારી ગયા.

ભોળો ભામાશા તો એનો લાખ-લાખ પાડ માનવા લાગ્યો.

❑

# નવ્વાણું નાક

## [૨]

સરસ્વતી નદી અને સિદ્ધપુર ગામ. એ ગામમાં ડાહ્યો ડમરો રહે.

ડમરો આખા ગામમાં જાણીતો. વડીલો સલાહ પૂછવા આવે. બાળકો અને યુવાનો એમના મનની વાતો કરવા આવે. સ્ત્રીઓ આવે. જુવાન આવે. ગેલ કરવા નાનાં ભૂલકાં પણ આવે.

સહુની સાથે ડમરો ડાહી વાતો કરે. કોઈનાં ગાડાં નેળમાં ફસાય, તો ડમરો ઘેર બેઠાં કાઢી આપે. કોઈનાં વહાણ ભરદરિયે તોફાને ચડે, ડમરો હીંચકે બેઠો એને હેમખેમ ઘેર લાવી દે.

અક્કલનો ખાં, બુદ્ધિનો ભંડાર, પૂરો કરામતી, ભારે હિકમતી.

વાતમાં ગૂંચ પડી કે સહુને ડમરો યાદ આવે.

ડમરો જરાક ઠીંગણો. બહુ રૂપાળો પણ નહીં. જોડા ને પાઘડી પહેરે ત્યારે મોટા માણસ જેવો લાગે, પણ બુદ્ધિ તો ડમરાના બાપની! આંખના ઇશારામાં ભલભલાની ચલ્લીઓ ઉડાડી દે.

ઘણાં કહેતાં કે એક દિવસ એ ભોળા ભીમદેવના દરબારમાં દીવાન બનશે. રાજાને આવા માણસની બહુ જરૂર. ત્યાં તો હાલતાંચાલતાં વાંકું પડે. ત્યાં જાળાં-વાળાં એટલાં હોય કે પગ ફસાતાં વાર ન લાગે.

પણ ડમરો તો પોતાની મોજનો માણસ. ઘોડાં ખેલવે, કસરત કરે ને શતરંજ રમે. રમવામાં એ એક્કો.

મોટામોટા મુત્સદ્દીઓના કાન કાપે એવો આ ઠિંગુજી કાનમાં શેલકડી ઘાલે. હાથે વીંટીઓ પહેરે. પણ બધું ખોટું !

લોકો પૂછે તો કહે, 'પૈસાદાર અને ગરીબનાં ઘરેણાં સરખાં. સાચાં ઘરેણાં બેમાંથી એકેય પહેરે નહીં !'

પાનનો ડબ્બો પાસે પડ્યો હતો. ડમરો હીંચકે બેઠો હતો. ઘરમાં ચૂલા પર ખીચડી હતી. એની વહુ પાણી ભરવા ગઈ હતી. કાળિયો કૂતરો ઘરની બહાર બેઠો હતો. ડમરો કાળિયાની ચોકી કરતો હતો. કેમ કે કાળિયો ખીચડીનો ખાં હતો.

ડમરો ખીચડીખાં સાથે ગેલ કરતો હતો. ત્યાં છોકરાંઓનું ટોળું હો-હો કરતું ત્યાં આવી પહોંચ્યું.

છોકરાં ડમરાને બહુ ચાહે. કોઈ એનું ઠેકાણું પૂછે કે સાથે આવીને ઘર બતાવે. ડમરો સહુને બદલામાં ગોળ પાયેલા મમરાના લાડવા આપે.

છોકરાંઓની આગળ એક માણસ ચાલતો હતો. એ ગરીબ દેખાતો હતો. લઘરવઘર અને મેલોઘેલો હતો. આંખમાંથી દડદડ આંસુ સરતાં હતાં. એક હાથે એ આંસુ લૂછતો હતો. બીજા હાથે એણે પોતાનું નાક પકડ્યું હતું. એને માથે દુઃખ પડ્યું હોય એમ લાગતું હતું. એને કંઈ કહેવું હતું પણ કહી શકતો નહોતો.

ડમરાને ગરીબો પર ભાવ હતો. પાન પાછું મૂકી દીધું. પગની ઠેસથી હીંચકો ઊભો રાખ્યો. પોતે ઊભો થયો ને ગરીબને માન આપી સામે એક સાંગામાચી પર બેસાડ્યો.

ગરીબ પોતાની વાત કરતાં શરમાતો હતો. ડમરાએ છોકરાંઓને ગળ્યા મમરા વહેંચ્યા. છોકરાં મમરા ખાતાં અને હોહા કરતાં ચાલ્યાં ગયાં.

ડમરો ઘરમાં જઈને પાણી લાવ્યો. ગરીબને પાયું ને કહ્યું : 'ભાઈ ! જે કહેવું હોય તે સુખેથી કહે. આ ઘર તારું છે. હું તારો છું.'

ગરીબ માણસ બોલ્યો, 'ગરીબનો બેલી એક ઈશ્વર છે.'

'ભાઈ ! માણસનો બેલી માણસ છે. જે હોય તે કહે. સાચું કહેજે. ખોટું ન કહેતો. ગરીબ ખોટું બોલે તો એ વધુ ગુનેગાર છે.'

ગરીબ માણસ બોલ્યો : 'હું વડનગરનો છું. મારા ગામમાં કાનો પટેલ કરીને એક સુખી ખેડૂત છે. આ પટેલ પાસે ખેતરપાદર અને ઢોરઢાંખર ઘણાં છે. વાડી ને કૂવા પણ છે. ભગવાને મિલકત ઘણી આપી છે, પણ મન સાવ નાનું આપ્યું છે.'

'ભાઈ ! દુનિયામાં સોએ નવ્વાણું ટકા એમ જ બન્યું છે,' ડમરાએ કહ્યું.

'કાના પટેલને ત્યાં નોકર-ચાકર ઘણા છે, પણ એની નોકરી રાખવાની શરત અઘરી છે. એ જેને નોકરીએ રાખે છે એની સાથે શરત કરે છે, કે જો હું તને રજા આપું તો મારું નાક તારે કાપી લેવું: ને જો તું રજા માગે તો તારું નાક મારે કાપી લેવું.

'વખાના માર્યા ઘણા ગરીબો આ શરત કબૂલે છે, નોકરીએ રહે છે, પણ પછી કાનો પટેલ એના પર કાળો કોપ વરસાવે છે. કામમાંથી ઊંચો આવે તો નોકર ખાવા પામે ને ? સાંજે પણ આખી રાત ચાલે તેટલું કામ આપે. બિચારો સૂવા શું પામે ? જરાક ઊંચો-નીચો થાય કે નાકની વાત આગળ કરે.'

'અરે ! કેટલાય નોકરો પગાર લીધા વિના નાસી છૂટ્યા. કેટલાય નાકની બીકે નરકાવાસ વેઠી રહ્યા છે. ગમે તેવો જાડો માણસ મહિનામાં સળેકડી જેવો જોઈ લો ! લાંબો વખત કાઢે તો સીધું સ્વર્ગનું વિમાન પકડવું પડે.'

ગરીબ સોમા પટેલે પોતાના નાક પરથી હાથ લઈ લીધો. નાકનું ટેરવું તાજું કપાયેલું હતું.

'અરરર ! આ ગજબ !' ડમરાએ કહ્યું.

'ડમરાભાઈ,' સોમા પટેલે કહ્યું, 'મારી તો જે હાલત થઈ તે થઈ. પણ હું એક જ વિચાર કરીને નીકળ્યો છું કે આ કાના પટેલને કાન

પકડાવવા. એને માથે કમબખ્તી બેસાડે તેવા નરબંકાની શોધ કરવી. ડમરાભાઈ ! ઘણા લોકોએ તમારું નામ આપ્યું છે. મારું કામ કરો. જિંદગીભર તમારો ગુલામ થઈને રહીશ. વગર પગારે તમારી નોકરી કરીશ, પણ એ દુષ્ટને...'

ડમરો કહે, 'સોમભાઈ ! ભગવાને ગરીબ અને પૈસાદારના ભેદ કર્યા નથી. એ તો માણસે પાડેલા ભેદ છે. પૈસાદાર હોવાથી કાના પટેલે પોતાની તાકાતનો ખોટો ઉપયોગ કર્યો. બુદ્ધિ અને પૈસા બીજાનું બગાડવા માટે નહિ, કંઈક સુધારવા સારુ છે. કાના પટેલને હું સરખો કરીશ.'

ડમરો ઊભો થયો. સોમા પટેલને કહે, 'તમે આ ઘરના મહેમાન. હું કાના પટેલની સાન ઠેકાણે આણવા જાઉં છું. આવું ત્યાં સુધી રોકાજો. આ કાળિયો તમારી ખાતર કરશે.'

ને ડમરાએ તો પટેલનો પોશાક સજ્યો. અગરખું, પાઘડી ને ચોયણો. ચાલ્યા. વહેલું આવે વડનગર ગામ.

વડનગરમાં મોવડી કાનો પટેલ ગણાય. આંગણે હાથી જેવી ભેંસો ઝૂલે. ખેતરમાં જાતવાન બળદ ઘૂમે. દહીં, માખણ ને દૂધનો તો પાર નહિ.

ડમરાને જોઈ ડેલીએ બેઠેલા કાના પટેલ બોલ્યા : 'આવો પટેલ! કાં, વરસ નબળાં છે ને ? નોકરી જોઈએ છે ? તમારું નામ ?'

'હાજી ! મારું નામ રામ સવાયો,' ડમરાએ નરમાશથી કહ્યું.

'મારી શરત જાણો છો ?'

'હાજી.'

'નવ્વાણુ નાક ભેગાં થયાં છે. સોમું નાક મળે એટલે એક જગન કરીને એમાં હોમવાં છે. નવ ખંડમાં સો નાકનો જગન કરનાર એક કાનો પટેલ. બોલો, મારી શરત કબૂલ છે ?'

'પેટને ખાતર બધું કબૂલ છે. આપ મને નોકરી આપો છો, એ જ મોટો પાડ : નહીં તો નોકરી ક્યાં રેઢી પડી છે ? શોધતાં નાકે દમ આવી

જાય છે.'

'ભલે ભલે, ચિંતા કરશો નહિ. દમ આવે એવું નાક જ નહિ રહે,' કાના પટેલે મશ્કરીમાં કહ્યું.

ડમરો નોકરીએ રહી ગયો.

રાત સારી ગઈ. સવારે કાના પટેલે હુકમ કર્યો : 'લો આ હળ, ખેતરે જાઓ. પંદર એકર જમીન સૂરજ આથમે એ પહેલાં ખેડી નાખજો, ને વખતસર ઘેર આવી જજો.'

રામ સવાયો હળ લઈને ખેતરે ગયો. ધૂમ તડકો તપે. થોડી વાર છાંયડા નીચે બેઠો. પછી ઊઠીને હળ સળગાવી દીધું. સાંજ પડી એટલે ટહેલતો-ટહેલતો રામ સવાયો ઘેર પાછો ફર્યો.

જેવું પટેલનું ઘર નજીક આવ્યું કે જોરજોરથી રડવા લાગ્યો. પોક મૂકી. આંખમાંથી આંસુની ધારા વહે. વચમાં મોટાં ડૂસકાં ખાય.

કાના પટેલે પૂછ્યું, 'અલ્યા, શું થયું ?'

'ગજબ થયો.'

'પણ શો ગજબ થયો ?'

'હળ-રામ ગુજરી ગયા. ભારે ગજબ થયો.' ડમરાએ જોરથી રડતાં કહ્યું, 'અરેરે ! તમારું હળ ! શેઠ, મરી ગયું !' આટલું કહી વળી જોરથી પોક મૂકી.

કાના શેઠ બરાડી ઊઠ્યા, 'શું બોલ્યો ? હળ તે કંઈ મરી જાય?'

'હા શેઠ, અહીંથી એને તડકામાં લઈ ગયો. શરીરે ગરમી ચડી. લૂ લાગવાથી તાવ આવ્યો. આખું શરીર ગરમ-ગરમ લાહ્ય થઈ ગયું હતું. એથી મેં છાંયડે મૂક્યું, તો સાવ ઠરી ગયું. મને મરી ગયેલું લાગ્યું. એથી ભારે દુઃખની સાથે મેં એની ઉત્તરક્રિયા કરી, એને બાળી મૂક્યું. શેઠ ! મરેલાને વધુ વાર તો રખાય નહીં ને ? આભડછેટ પડે !'

કાના શેઠને થયું કે કાં તો આ સાવ મૂરખ છે, અથવા ઘણો ચતુર

છે. જોઈએ, હવે આગળ શું કરે છે ? બેટો, મારા પંજામાંથી ક્યાં છટકવાનો છે ? આ તો કાનો પટેલ છે કાનો ! નવ્વાણુ નાક ભેગાં કરનારો કાનો !

બીજે દિવસે વહેલી સવારે કાના પટેલે બૂમ પાડી. 'અરે રામ સવાયા, જલદી દોડજે. મારી છાતીમાં ગભરામણ થાય છે.'

ડમરો ઊઠ્યો. શેઠ પાસે જઈને બોલ્યો. 'કહો શેઠ, શું કરું ?'

કાના પટેલ બરાડી ઊઠ્યા, 'શું કરું શું ? જોતો નથી મને ખૂબ ગભરામણ થાય છે. જલદી છાતી પર શેક કર. નહીં તો ભાઈ રામ સવાયા, મારા રામ રમી જશે.'

ડમરો દોડી ગયો. થોડી વારે પાછો આવ્યો ને પૂછવા લાગ્યો, 'શેઠ, તમને કેવો શેક માફક આવશે ? ગરમ શેક કે ટાઢો શેક ?'

કાના પટેલ વિચારમાં પડ્યા. ગરમ શેક તો ઘણી વાર કર્યો છે, પણ આ ટાઢો શેક વળી શું ? લાવ, જોઉં તો ખરો કે છે શું ? કાના પટેલ બોલ્યા : 'ટાઢો શેક લાવ !'

ડમરો વળી દોડ્યો. જઈને પોતાની ઓરડીમાં સૂઈ ગયો. અડધો કલાક ગયો, કલાક ગયો, બે કલાક ગયા, પણ રામ સવાયો આવ્યો નહીં.

કાના શેઠે બૂમ મારી, 'અલ્યા રામ સવાયા, જલદી પેલો ટાઢો શેક લાવ !'

ડમરાએ કહ્યું, 'શેઠ, બસ, હવે તૈયાર થવા આવ્યો છે ! થોડી વારમાં જ લાવું છું.'

કાના પટેલની ગાયોની રખેવાળી કરે છનો ભરવાડ. ડમરાએ છના ભરવાડને કહી રાખેલું કે ગાય પોદળો મૂકે કે તરત મને બૂમ પાડવી.

છના ભરવાડે બૂમ પાડી. ડમરો શેઠનું નવુંનકોર ધોતિયું લઈને દોડ્યો. ધોતિયામાં પોદળો ઝીલી લીધો ને ધોતિયાને બરાબર ગાંઠ મારી

પટેલની છાતી પર મૂક્યો.

પટેલની આંખ સહેજ મળેલી પણ છાતી પર પોદળાનો ભાર પડતાં જાગ્યા. એ બોલી ઊઠ્યા, 'અલ્યા, આ શું છે ?'

'શેઠ, આ તો ટાઢો શેક ! કેમ, કેવો લાગે છે ?'

કાના પટેલની નજર નવાનકોર ધોતિયા પર ગઈ. એમનો જીવ બળી ઊઠ્યો.

એ બોલ્યા, 'રામ સવાયા, તું સાવ ડફોળ છે. તને બીજું કંઈ ન મળ્યું તે આ નવાનકોર ધોતિયામાં પોદળો લાવ્યો. ગમાર ! અક્કલને રામ-રામ કરીને આવ્યો લાગે છે તું !'

'શેઠ, હું શું કરું ? છના ભરવાડે એકાએક બૂમ પાડી. કંઈ લૂગડું શોધવા બેસું તો પોદળો નીચે પડે. એનું બધું સત્ત્વ જમીન ચૂસી લે. પરિણામે આપને બરાબર શેક ન મળે, ગભરામણ પણ ન ઘટે. કેમ, શેકથી સારું લાગે છે ને ? પટેલ, માણસ કરતાં કંઈ ધોતિયું થોડું વધે છે ?'

કાના પટેલ ખરેખરા કંટાળ્યા. એમને થયું કે હવે તો આને ગમે તેમ પણ કાઢવો પડશે. કોઈ કામ સોંપીએ, તો કામ તો નથી થતું, પરંતુ બમણું નુકસાન થાય છે.

કાના પટેલે છેલ્લો ઉપાય અજમાવ્યો.

એમણે પટલાણીને કહ્યું, 'પટલાણી, આ નવો નોકર ભારે ઉસ્તાદ છે. એને રાખવો પાલવે તેમ નથી. વળી આપણાથી શરત મુજબ એને રજા પણ આપી શકાય તેમ નથી. પગારની ઉપર એકસો એકાવન વધારે આપીને છૂટો કરવા તૈયાર છું, પણ રજા આપીએ તો નાક આપવું પડે. માટે ટાઢે પાણીએ ખસ કાઢવી છે. સવારે એ ઘોરતો હોય છે. સવારે આપણા બેમાંથી જે વહેલું ઊઠે એ આ લપને આપણી બાજુના કૂવામાં નાખી આવે.'

પટલાણી કહે, 'ભલે.'

બહાર ઊભેલો ડમરો આ વાત સાંભળી ગયો.

ડમરો એ રાતે સૂતો જ નહીં. પથારીમાં પડ્યો પડ્યો રાહ જુએ કે પટેલ-પટલાણી ક્યારે સૂઈ જાય.

થોડી વારમાં પટેલ અને પટલાણીનાં નસકોરાંથી ઓરડો ગાજવા લાગ્યો. ધીરેથી ડમરો ઊઠ્યો. ઊઠીને પટલાણીને ઊંચકી બાજુના કૂવામાં નાખી આવ્યો. પાછો આવીને પટલાણીની જગ્યાએ માથે ચાદર ઓઢીને સૂઈ ગયો.

પટેલ ઊઠ્યા. જોયું તો ડમરાનો ખાટલો ખાલી. કાના પટેલ તો પટલાણી ઉપર ખુશ ખુશ થઈ ગયા. પટલાણીના ખાટલા તરફ ફરીને પટેલ આનંદથી બોલ્યા, 'વાહ પટલાણી, વાહ. તમે તો કમાલ કરી દીધી. કેમ રામ સવાયાને કૂવામાં બરાબર ઝીંક્યો છે ને ?'

પટલાણીના ખાટલામાં સૂતેલા ડમરાએ પડખું ફેરવ્યું.

પટેલ બોલ્યા, 'હાશ, એ રામ સવાયો ગયો એ સારું થયું. માળાએ ખૂબ હેરાન કર્યા. નુકસાન ઘણું કર્યું. પણ લે ત્યારે લેતો જા! અત્યારે બિચારો સ્વર્ગમાં—અરે ભૂલ્યો, સાતમા નરકમાં પડ્યો-પડ્યો ચીસો પાડતો હશે. હાશ ! મારું નાક તો રહી ગયું. ધન્ય પટલાણી, ધન્ય ! તમે ધન્ય ધર્યો અવતાર !'

એમ કહીને પટેલ જેવા સૂતેલાં પટલાણીને શાબાશીનો ધબ્બો મારવા ગયા કે ડમરો ચાદર ખસેડી ખાટલામાંથી ઊભો થઈ ગયો.

પટેલ મૂંઝવણમાં પડ્યા. અરે ! સપનામાં તો નથી ને ? આ તો પટલાણીને બદલે રામ સવાયો. માંડ-માંડ શેઠ સ્વસ્થ થયા.

ડમરો બોલ્યો, 'શેઠ, વિચારો છો શું ? કેમ, મને કાઢી મૂકવો છે? પણ એમ નહીં બને. કાં તો નાક આપો, કાં તો મને રાખો.'

કાના પટેલે અધીરાઈથી પૂછ્યું, 'અલ્યા રામ સવાયા, પટલાણી ક્યાં ?'

'શેઠ, તમે મને જ્યાં મોકલવાના હતા ત્યાં મારે બદલે એ ગયાં.'



### પટલાણીના બદલે ડમરો ખાટલામાંથી ઊભો થયો ને પટેલના હોશકોશ ઊડી ગયા

પટલાણીને બદલે ડમરો ખાટલામાંથી ઊભો થયો ને પટેલના હોંશકોશ ઊડી ગયા.

પટેલ કહે, 'અલ્યા, સીધેસીધું બોલ ને ?'

ડમરો કહે, 'શેઠ, એ તો ક્યારનાંય કૂવામાં...'

પટેલ રોવા જેવા થઈને બોલ્યા :

'હાય, હાય, પટલાણીને કૂવે નાખ્યાં તેં, અલ્યા રામ સવાયા ?'

ડમરો કહે, 'ના, ના. એમણે તો કૂવો પૂર્યો.'

કાનો પટેલ કહે, 'તને હાથ જોડું. સાચું કહે. મારું નખ્ખોદ કાઢીશ મા.'

ડમરાએ કહ્યું, 'મારી સાથે ચાલો.'

બંને કૂવાકાંઠે ગયા. કૂવો ઘણો ઊંડો, અંદર એક કોસ લટકે. કોસમાં પટલાણી ઊંઘે.

પટલાણીને જીવતી જોઈ કાના પટેલના જીવમાં જીવ આવ્યો. કોસ ખેંચી પટલાણીને બહાર કાઢ્યાં.

પટલાણી હજી ઘેનમાં હતાં.

કાના પટેલને સમજાયું કે આ શેરને માથે સવાશેર છે. હળ, ધોતિયું ને છેવટે પટલાણીની દશા કફોડી કરી ! આગળ જતાં મારીય અવદશા કરે. નાક લઈનેય વિદાય લે તો એના લાખ-લાખ પાડ !

કાના પટેલ કહે, 'રામ સવાયા, તારે નાક લેવું હોય તો લઈ લે, પણ હવે મને રામ-રામ કર !'

પટેલ નાક કાપવા જતા હતા. ડમરાએ અટકાવ્યા ને કહ્યું, 'શેઠ, તમારું નાક મારે જોઈતું નથી, પણ હવેથી કોઈની સાથે આવી શરત કરશો નહીં. કોઈની ગરજ કે ગરીબીનો ખોટો લાભ લેશો નહીં, તેવું વચન આપો.'

કાના પટેલ કહે, 'ભાઈ રામ સવાયા ! તેં આજે મારી આંખ ઉઘાડી નાખી. જ્ઞાન આપે તે ગુરુ. આજથી તું મારો ગુરુ. હવે તું અહીં રહે. હું તારી સેવા કરીશ.'

'કાના પટેલ, મારાથી અહીં રહેવાય એમ નથી. હું તો સિદ્ધપુરનો બ્રાહ્મણ છું -- દામોદર મહેતો.'

'અરે, તમે જ દામોદર મહેતા ! તમારી ચતુરાઈની વાતો મેં સાંભળી છે. ડહાપણ અને ચતુરાઈના દરિયા છો તમે ! હવે તો તમારે થોડા દિવસ અહીં રોકાવું જ પડશે.'

'ના ભાઈ ના. મારા જૂના નામ રામ સવાયા પ્રમાણે હવે તો રામ-રામ.' ડમરો કાના પટેલને રામ રામ કરીને ચાલી નીકળ્યો.

❑

# ધોળામાં ધૂળ

## [૩]

ઊંઝા ગામમાં અચરત ડોશી રહે. ભારે જાજરમાન. એમના પતિ ઓઘડભાઈ. પંચના આગેવાન, ધરમના થાંભલા. લોકો પોતાની થાપણ એમને ત્યાં મૂકી જાય. ઓઘડ શેઠને એમાંની એક પાઈ ગાયની માટી બરાબર.

ઓઘડ શેઠના નામ પર ફૂલ મુકાય. એકાએક એમનું અવસાન થયું. અચરતમાના હાથમાં વહીવટ આવ્યો.

સહુ કહે, 'અચરત ડોશી એટલે ધરમનો અવતાર.' ગામના લોકો અચરતમા પાસે પૈસા મૂકી જાય. જરૂર પડતાં આવીને પાછા લઈ જાય.

ડોશી લોકોની થાપણનું જીવની પેઠે જતન કરે. પારકી થાપણને સહેજે રેઢી ન મૂકે.

એક દિવસની વાત છે. અચરતમાને ત્યાં ચાર જણા આવ્યા. ચારે વેશથી વેપારી લાગતા હતા, પણ એમનાં મન હતાં ચોર જેવાં.

એમણે આવીને ડોશીમાને પાંચસો સોનામહોરો થાપણ તરીકે સાચવવા આપી. સાથે-સાથે એવું જણાવ્યું કે અમે ચારે જણા સાથે મળીને લેવા આવીએ ત્યારે જ તમારે પાછી આપવી. ચારમાં એકે ઓછો હોય તો આપવી નહીં.

થોડા મહિના વીતી ગયા. ફરી એક વાર પેલા ચાર જણા આવ્યા.

એમણે ડોશીમાને બીજી પાંચસો સોનામહોરો આપી.

અંદરઅંદર એકબીજા પર વિશ્વાસ નહીં. કોઈ આ સોનામહોરો ચાઉં કરી જાય તો ? આથી ફરી વાર અચરતમાને ચેતવણી આપી કે ચારેની રૂબરૂ તમારે અમે માગીએ ત્યારે થાપણ પાછી આપવી. કોઈ એકને આપવી નહિ.

સોનામહોરો આપી ચારે જણા થોડી વાર અચરતમાના ઓટલે આરામ કરવા બેઠા. એવામાં એક મીઠાઈની લારી આવી. બરફી, પેંડા ને દૂધની રબડી જોઈ ચારે જણાનાં મોંમાં પાણી આવ્યું. વળી ભૂખ પણ કકડીને લાગી હતી.


આ રબડી લેવી કઈ રીતે ? એને માટે તો વાસણ જોઈએ. વાસણ લાવવું ક્યાંથી ? તરત જ ચારે જણાને અચરતમા યાદ આવ્યાં. એક જણને રબડી માટે ડોશીમા પાસેથી વાસણ લેવા ઘરમાં મોકલ્યો. એનું નામ પેમો.

પેમાને થયું કે ઠીક લાગ મળ્યો છે ! હવે મારે કોઈ યુક્તિ લડાવવી જોઈએ. એવો ઉપાય કરું કે બધી સોનામહોરો મને જ મળે ! બાકીના બધા હાથ ઘસતા રહે !

પેમો પરસાળ વટાવી અંદર ગયો. ડોશીમા પાસે સોનામહોરોની થેલી માગી.

અચરતમાને અચરજ થયું કે હજી હમણાં જ સોનામહોર આપી ને વળી તરત પાછી લેવા આવ્યો ?

પેમાએ કહ્યું, 'માજી, આ તમારે ઓટલે બેસીને જ અમે નવો વેપાર ખેડવાનો વિચાર કર્યો. ભૃગુકચ્છ (ભરૂચ) બંદરેથી દૂર દેશાવર વહાણો મોકલવાં. અહીંથી માલ મોકલવો, પરદેશથી માલ ભરી લાવવો. લે-વેચ કરવી. આ માટે પુષ્કળ ધનની જરૂર પડવાની છે. માટે તમે અમારી થાપણ જાળવવાના પૈસા લઈ લો અને હજાર સોનામહોરોની થેલી પાછી આપો.



પેમાએ અચરતમાને કહ્યું,
'હજાર સોનામહોરોની થેલી પાછી આપો.'

અચરતમા કહે, 'પણ એ તો તમે ચારે જણા સાથે આવો તો જ આપવાની છે. તમારા એકના કહેવાથી મારાથી ન અપાય.'

'માજી તમારી વાત સાવ સાચી. બાકીના ત્રણ બહાર ઓટલા પર જ બેઠા છે. તમે જ બૂમ પાડીને પૂછો ને કે પેમો માગે છે તે આપું ને?'

અચરતમાએ બૂમ પાડીને પૂછ્યું, 'ભાઈઓ, પેમો માગે છે તે આપું ને ?'

બહાર બેઠેલા ત્રણ જણા તો સમજ્યા કે ડોશીમા એમ પૂછે છે કે આ વાસણ માગે છે તો તે આપું કે નહીં ?

ત્રણેએ એકસાથે જોરથી હા કહી. કહ્યું, 'માજી ! પ્રેમથી પેમાને આપો ને !'

અચરતમાએ સોનામહોરોની થેલી કાઢી આપી. પેમાએ પોતાનાં કપડાંમાં સંતાડી દીધી. બીજે બારણેથી બહાર નીકળી ગયો અને મૂકી સીધી દોટ !

આ બાજુ ત્રણે જણા તો બહાર બેઠાબેઠા પેમાની રાહ જુએ કે ક્યારે વાસણ લઈને આવે અને ક્યારે રબડી ખાવા મળે. રબડીને જોઈ મોંમાં પાણી છૂટે ! વારે વારે રબડી સામે જુએ ને વારેવારે હોઠ પર જીભ ફેરવે.

પેમાએ અચરતમાને કહ્યું, 'હજાર સોનામહોરોની થેલી પાછી આપો.'

ઘણો સમય વીતી ગયો, છતાં પેમો વાસણ લઈને આવ્યો નહીં. આખરે થાકીને ત્રણે જણા અંદર ગયા.

અંદરના ઓરડામાં અચરતમા ખાટલા પર બેઠાંબેઠાં છીંકણી સૂંઘે. એમણે પૂછ્યું : 'કેમ ભાઈઓ, ફરી પાછા કેમ આવ્યા ? વેપારનો વિચાર માંડી વાળ્યો ?'

પેલા ત્રણે જણાએ કહ્યું, 'અરે, વેપાર વળી કેવો ને વાત વળી કેવી ?'

'કેમ, તમે તમારા ભાઈબંધ મારફત હમણાં જ વેપાર કરવા માટે બધી સોનામહોરો મંગાવી લીધી ને !'

ત્રણે જણા એકસાથે બોલી ઊઠ્યા, 'હેં... એ.... શું કહો છો ? સાવ ખોટી....'

અચરતમા બોલ્યાં, 'કેમ, મેં તમને પૂછ્યું નહોતું કે આ માગે છે તે આપું કે નહીં ? અને તમે આપવાની હા નહોતી પાડી ?'

'પણ અમે તો એ વાસણ લેવા આવ્યો હતો, એની વાત સમજ્યા હતા. હવે શું થશે ? પેમો જરૂર આપણને બનાવી ગયો.'

ત્રણે જણા એકબીજા સામે મોં વકાસી જોવા લાગ્યા. ભારે થઈ! એમણે પેમાની ખૂબ શોધ કરી, પણ પત્તો લાગ્યો નહીં. એ પણ ચોરનો ભાઈ ઘંટીચોર હતો.

પાછા ત્રણે આવ્યા અચરતમા પાસે. 'ડોશી ! પેમો તો મળતો નથી, પણ મોટી ભૂલ તો તમે કરી. અમે ચારે જણા તમારી રૂબરૂમાં આવીને સાથે માગીએ ત્યારે સોનામહોરો તમારે આપવાની હતી. તમે એને એકલાને કેમ આપી ?'

અચરતમા કહે કે તમે બહારથી હા પાડી માટે મેં આપી. પણ ત્રણે જણા માને ખરા ? એમણે અચરતમા પાસે હજાર સોનામહોરો માગી. ડોશી આટલી સોનામહોરો લાવે ક્યાંથી ?

છેવટે ત્રણે જણાએ અચરતમા સામે ઊંઝાના પંચમાં ફરિયાદ નોંધાવી.

પંચ એ પરમેશ્વર. એની વાત માનવી પડે. પંચે અચરતમાને ગુનેગાર ઠેરવ્યાં. કહ્યું કે ભૂલ ડોશીની છે. એમણે ચારે જણા આવીને માગે ત્યારે સોનામહોરો આપવાની હતી. એકલા પેમાને કેમ આપી ? કોઈ પણ રીતે હજાર સોનામહોરો આ ત્રણ જણાને આપવી એવું ફરમાન કર્યું.

અચરત ડોશી તો ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યાં. આટલી બધી

સોનામહોરો લાવવી ક્યાંથી ? અને ક્યાંયથી લાવી ન શકાય તો વાસણ-કૂસણ લિલામ થાય. એમના ધોળામાં ધૂળ પડે. એમ છતાંય મજૂરી કરીને બાકીના પૈસા તો ભરવાના રહે જ !

એવામાં ડોશીને ડમરો યાદ આવ્યો. ડમરાની સુગંધથી ઉદાસ મન નાચી ઊઠે એમ મૂંઝાયેલી અચરતમામાં જીવ આવ્યો. ડોશીમા સિદ્ધપુર ગયાં ને ડમરાને મળ્યાં.

ઊંઝાવાળાં અચરતમાને ડમરો સારી રીતે જાણે. આખા ગુજરાતમાં અચરતમાને કોઈ ન ઓળખે એ જ અચરજ કહેવાય !

ડમરાએ અચરતમાને બેસાડ્યાં ને બધી વાત સાંભળી. અચરતમાએ ડમરાને કોઈ ઉપાય ખોળી કાઢવા કહ્યું. જો કોઈ ઉપાય નહીં ખોળે તો પોતાનું આખું જીવતર ધૂળ થશે.

ડમરાને થયું કે આ ચાર ઉસ્તાદ છે. ડોશી ભલી છે. પાડાના વાંકે પખાલીને ડામ હોય નહિ.

ડમરાએ થોડી વાર વિચાર કર્યો. પછી કહ્યું, 'અચરતમા, મૂંઝાવ નહીં. હું તમારા દીકરા જેવો જ છું. ડાહ્યો દીકરો માને કદી દુઃખ ન આવવા દે. ચાલો, ઊંઝાના પંચની પાસે.'

ઊંઝાના પંચને થયું કે આ વળી કેમ પાછી આવી ? પણ ડમરાને જોઈને ખ્યાલ આવી ગયો કે જરૂર ડમરો એના ડહાપણથી ડોશીને મદદ કરવા આવ્યો છે. પંચે ફરી પેલા ત્રણે જણાને બોલાવ્યા.

ડમરાએ એમને પૂછ્યું, 'કેમ ભાઈઓ, તમે આ ડોશીમાને હજાર સોનામહોર થાપણ તરીકે સાચવવા આપી હતી ને ?'

ત્રણેએ જવાબ આપ્યો, 'હા.'

'અને ડોશીને કહ્યું હતું કે અમે ચારે જણા સાથે માગવા આવીએ ત્યારે તમારે પાછી આપવી. બરાબર ને ?'

ત્રણેએ હા કહી. ડમરાએ વળી પૂછ્યું, 'તમારામાંનો એક આવીને સોનામહોરો લઈ ગયો. ડોશીમાએ શરતનો ભંગ કરી એ સોનામહોરો

આપી, ખરું ને ? ચાર જણા વગર કેમ અપાય, એમ જ ને ?'

ત્રણેએ હકારમાં ડોકાં ધુણાવ્યાં. એમને તો થયું કે આ ડમરો આપણો પક્ષ લેતો લાગે છે.

તરત ડમરો બોલી ઊઠ્યો, 'તો ડોશીમા, તમારે સોનામહોરો આપવી જ જોઈએ ! આપવી જ જોઈએ !'

પેલા ત્રણે જણા નાચી ઊઠ્યા. એ તો બોલવા લાગ્યા, 'વાહ ડમરાભાઈ વાહ ! તમે સાચના અવતાર છો !'

અચરતમા ભારે અચરજથી બોલ્યાં, 'પણ બેટા, હું કેવી રીતે...'

હજી અચરતમા પૂરું બોલે તે પહેલાં ડમરાએ પેલા ત્રણેને કહ્યું :

'પણ સબૂર કરો. તમારી શરત એવી છે કે તમે ચારે જણા રૂબરૂ સાથે આવો ત્યારે સોનામહોરો આપવી. માટે અચરત ડોશી એ સોનામહોરો તમારે માટે તૈયાર રાખશે, પણ એને લેવા માટે તમે ત્રણ જણ નહીં, તમારે ચારે જણાએ સાથે આવવું પડશે.'

ત્રણે તો આ વાત સાંભળીને ફીકા પડી ગયા. એમના તો હોશકોશ ઊડી ગયા. ચોથો મળે તો-તો એની પાસેથી સોનામહોરો પણ મળે જ ને !

ઊંઝાના પંચે ડમરાની વાત મંજૂર રાખી.

અચરતમાના આનંદનો પાર ન રહ્યો.

એમણે ડમરાને અંતરથી અનેક આશીર્વાદ આપ્યા ને કહ્યું કે બેટા, આવી બુદ્ધિથી તું જરૂર એક દિવસ ગુજરાતનો દીવાન બનીશ.

❑

## ડમરો દરબારમાં

## [૪]

ગુજરાત પર ભીમદેવનું રાજ સોળે કળાએ તપે.

પાટણની જાહોજલાલીનો દેશ-દેશાવરમાં ડંકો વાગે.

ભીમદેવના શૂરા મંત્રી વિમળશાહની હાક વાગે.

તલવાર અને તીરના યુદ્ધમાં ભલભલાને પાણી ભરાવે. ગમે તેવા વિકરાળ વાઘનાં બે હાથે ઊભાં ચીરિયાં કરી નાખે. જેવો શૂરો એવો દયાવાન.

ધર્મની રખેવાળીનું કામ સોમ પુરોહિત કરે. જાહિલ્લ નામનો વણિક સરકારી ખજાનાની ભાળ રાખે.

પાટણના રાજવી રાજધાનીમાંથી રાજઅમલ ચલાવે. શહેરોમાં 'દ્રાંગક' એમના વતી કારભાર કરે. દ્રંગ એટલે શહેર અને દ્રાંગક એટલે શહેરનો રક્ષક.

સિદ્ધપુર શહેરમાં આવો એક ભીમનો દ્રાંગક. એનું નામ કૃષ્ણદેવ. કૃષ્ણદેવ સિદ્ધપુરનું બરાબર રખોપું કરે.

સોલંકી વંશના સ્થાપક મૂળરાજના રુદ્રમહાલય મંદિરની જાળવણી કરે. સરસ્વતી નદીમાં સ્નાન કરી પુણ્ય મેળવવા આવતા લોકોની સગવડ સાચવે.

સિદ્ધપુરના દંડનાયક કૃષ્ણદેવ અને ડમરાને ભારે દોસ્તી. રાજકાજની

ગૂંચ ઉકેલવામાં એ ડમરાની સલાહ પણ લે.

એક દિવસ કૃષ્ણદેવ જમીને આરામ કરતા હતા. ઉનાળાનો ધોમધખતો તડકો હતો. આંખમાં ભારે જમણનું ઘેન હતું.

એવામાં દરવાને આવીને સમાચાર આપ્યા કે બહાર ચંદ્રાવતીના રાજવી ધન્ધુક પરમાર આવીને ઊભા છે. આપને અબી ને અબી મળવા માગે છે.

કૃષ્ણદેવને થયું કે નક્કી કંઈ ગંભીર બાબત બની લાગે છે. વાત એવી હતી કે લાંબા સમય સુધી ભીમદેવ અને ધન્ધુક વચ્ચે વેર હતું.

વિમળમંત્રી અને કૃષ્ણદેવની મહેનતને લીધે ભીમદેવનો ચંદ્રાવતીના રાજવી ધન્ધુક માટેનો ગુસ્સો હમણાં માંડ ઓછો થયો હતો, છતાં એના તરફથી હંમેશાં બળવાની શંકા રહ્યા કરતી હતી.

ભીમદેવે બંનેના સમજાવવાથી એના પર ચઢાઈ કરવાની મુલતવી રાખી. પણ ધન્ધુકે ફરી ધમાલ કરી હોવી જોઈએ, નહીં તો ચંદ્રાવતીના રાજવી કંઈ બળબળતા બપોરે આમ ન આવે.

કૃષ્ણદેવે એમને તરત લાવવા જણાવ્યું. ધન્ધુક આવ્યો. કૃષ્ણદેવે એને આવકાર આપ્યો. ધન્ધુકના મોં પર થાક જણાતો હતો, ચિંતાનાં ચિહ્નો દેખાતાં હતાં. ક્યારેય ચામડીને સૂરજથી સહેજે શેકાવા ન દેનાર ચંદ્રાવતીના રાજવી બળબળતા બપોરે અમસ્તા આવ્યા ન હોય !

ધન્ધુકે મોં પર વળેલો પરસેવો લૂછતાં-લૂછતાં કહ્યું, 'અરે, ગજબ થઈ ગયો, કૃષ્ણદેવ ! મારું તો ધનોતપનોત નીકળી જશે.'

કૃષ્ણદેવે પૂછ્યું, 'પણ એવું થયું શું ? કોઈ પરદેશી રાજા ચઢી આવે છે ? રાજની સામે કંઈ બળવો થયો છે ?'

'એથીય વધુ,' ધન્ધુકે કહ્યું.

'એવું તે શું છે ?'

'મહારાજ ભીમદેવનો કોપ ! એક વાર તમે અને વિમળ મંત્રીએ બચાવ્યો, પણ હવે બચવાની આશા નથી. ભૂલ એવી થઈ ગઈ છે કે ખુદ વિમલ મંત્રી કંઈ કરી શકે તેમ નથી. હવે ચંદ્રાવતીમાંથી પરમારો નીકળી ગયેલા જ સમજો.'

'ધન્ધુક, એવી તે શી ભૂલ થઈ ?'

ધન્ધુક પરમારે વાત આગળ ચલાવી : 'દશેરાના દિવસે મહારાજ ભીમદેવની સવારી નીકળી. ચેદીના રાજા કર્ણદેવ અને કર્ણાટકના સોમેશ્વર જેવા ભીમદેવના મિત્ર રાજવીઓ સવારીમાં હતા. નડૂલનો ચૌહાણ રાજા, સિન્ધુ દેશનો હમણાં પરાજય પામેલો રાજવી તથા કોંકણનો સામંત પણ હતો. આવા ખંડિયા રાજાઓમાં એક હું પણ હતો. રાજા ભીમદેવને મેં ભેટસોગાદ ધરી. સવારી વખતે ભીમદેવની પાછળ હાથી પર બેસી હુંય નીકળ્યો.'

'ધન્ધુક ! આમ તો કરવું જ પડે. અમારે દંડનાયકોને એમનું રાજ સાચવવાનું, તમારે એમનું માન સાચવવાનું !'

ધન્ધુકે રડતા અવાજે કહ્યું, 'સવારી અડધે પહોંચી હશે અને કોણ જાણે કેમ મને શું સૂઝ્યું કે મેં મારો હાથી પાછો વાળ્યો. મગજમાં લડાયક ખુન્નસ આવી ગયું. એમ થયું કે આ રીતે નમવા કરતાં મરવું શું ખોટું ? પરમાર સોલંકીને ન નમે. મહાવતને તરત હાથી પાછો વાળવા હુકમ કર્યો. દશેરાની સવારીમાં મારા કારણે ભંગાણ પડ્યું. રાજા ભીમદેવનો ચહેરો તો તપાવેલા તાંબા જેવો થઈ ગયો. એમણે હુકમ કર્યો કે બસ, ખબર લઈ નાખો ધન્ધુકની ! એ પાતળા પરમારનું પૂંછડું કાપી નાખો કે કૂદકા ભરતો અટકે ! બસ, દીધો નગારે ઘા : ધડામધિમ.

'કૃષ્ણદેવ ! મને ઉતારે આવ્યા પછી ભારે મૂંઝવણ થઈ. મને પછી સમજાયું કે સવારી પાછી વાળવી એટલે રાજનું ને રાજાનું અપમાન. હજી માંડ ચંદ્રાવતી પહોંચ્યો કે મહારાજ ભીમદેવનું ફરમાન આવ્યું કે 'તમે સવારી શા માટે પાછી વાળી એનું ત્રણ દિવસમાં કારણ

આપી જાવ, નહીં તો તમારું રાજ આંચકી લેવામાં આવશે. પાટણનો રાજા ભીમદેવ આવું ઘોર અપમાન સહેજે સાંખી નહીં લે !'

'ધન્ધુક પરમાર ! તમે મોટી પહાડ જેવડી ભૂલ કરી. મહામહેનતે ગુર્જરપતિ ભીમદેવનો તમારા પરનો ક્રોધ ઊતર્યો હતો. એને તમે વધાર્યો. હવે એ રાજવી તમને જિંદગીભર કેદખાનામાં રાખશે. ઘાણીએ ઘાલશે.'

ધન્ધુકે કહ્યું, 'કૃષ્ણદેવ, કપરે વખતે મિત્રને મદદ હોય, મેણાં નહીં. કંઈક ઉપાય બતાવો. રાજ જાય તો જાય, પણ જીવ ન જાય તેવું કરો ! કહો તો નાસી છૂટું.'

કૃષ્ણદેવ વિચારમાં પડ્યો. અનેક ઉપાય ખોળ્યા, પણ કોઈ રીતે બચાવ થાય એમ લાગ્યું નહીં, પણ એકાએક એમને ડાહ્યો ડમરો યાદ આવ્યો. એમણે કહ્યું :

'ધન્ધુક પરમાર ! મારા ગામમાં એક દામોદર મહેતા નામનો ચતુર માનવી રહે છે. સહુ એને ડાહ્યા ડમરાના નામે ઓળખે છે. ભલભલા વિદ્વાનો ને ચતુરોને પાણી પાય એવો છે. એમ કહેવાય છે કે ચતુરાઈ નામની નાર ડમરાની આગળ, એ જેમ ડમરુ વગાડે એમ એ નાચે છે. માટે એને બોલાવીએ.

'ડૂબતો માણસ તણખલું ઝાલે, પણ એટલું યાદ રાખજો કે કાલે ભીમદેવ પાસે હાજર થવાનો દિવસ છે. વેળા વહી જશે તો ભારે થશે !'

તાબડતોબ ડમરાને બોલાવવામાં આવ્યો. ડમરાભાઈ તો આવ્યા. પોતાના મિત્ર સિદ્ધપુરના દંડનાયક કૃષ્ણદેવને નમસ્કાર કર્યા. કૃષ્ણદેવે ચંદ્રાવતીના રાજવીની ઓળખાણ કરાવી આખી ઘટના કહી.

ડમરાએ વાત સાંભળી. થોડી વાર વિચાર કરીને બોલ્યો, 'રાજવી ! અબઘડી જણાવી દો કે સવારીમાંથી પાછા ફરવાનું કારણ ખૂબ ખાનગી હોવાથી, આપને અંગત રીતે મળવા આવી રહ્યા છીએ.'

ધન્ધુકે કહ્યું, 'ભાઈ, કાગળના કનકવાથી પતતું હોય તો જવાની વાત ન કરશો. ત્યાં ગયા તો તો આપણી ભૂલ જણાતાં સીધા જેલના સળિયા પાછળ. અહીં હોઈશું તો ભાગી છૂટવાની તક પણ મળશે ને !'

ડમરો કહે, 'ના, રાજવી. એમ મૂંઝાવાની જરૂર નથી. ડમરો બધું બરાબર ઉકેલી દેશે.'

કૃષ્ણદેવે ડમરાના ડહાપણ પર વિશ્વાસ રાખવા ધન્ધુકને જણાવ્યું. ડમરાએ કહ્યું, 'રાજવી, તમારે કશું કરવાનું જ નહીં. મહારાજ ભીમદેવ ગમે તેટલું પૂછે, તમારે કહેવું, 'મને શરમ આવે છે, મારા મંત્રીશ્વરને પૂછો.'

ધન્ધુક પરમાર અને ડમરાભાઈ ભીમદેવની મુલાકાતે પાટણ આવ્યા. બંને પાટણની જાહોજલાલી જોવા લાગ્યા. ધન અને બળ બંનેમાં સમૃદ્ધ એના નાગરિકોને જોવા લાગ્યા. રાજા ભીમદેવને મળવા માટે કહેવડાવ્યું. બંને સમયસર પાટણના રાજવીના મહેલમાં દાખલ થયા.

ચન્દ્રાવતીના રાજવીએ જોયું કે ચારે બાજુ મોટા પ્રમાણમાં સૈનિકો ઊભા હતા. એને થયું કે નક્કી આ બધાને અમે બહાર નીકળીએ ત્યારે પકડી લેવા તૈયાર રાખવામાં આવ્યા છે.

રાજવીએ ડમરાને કહ્યું :

'ડમરાજી ! અરે ભૂલ્યો, મારા મંત્રીશ્વર ! આ બધા આપણને મામાને ત્યાં લહેર કરાવવા લઈ જશે.'

ડમરો કહે, 'રાજવી ! ભય રાખો નહીં. ડમરાની આવડત તમે હજી જોઈ નથી.'

'આવડત ! આવડત ! આવડત ! આ પકડીને તને અને મને જીવનભરની કેદમાં ઘાલશે એટલે આપણી બધી આવડત નીકળી જવાની.' ધન્ધુકે ઊકળી જતાં કહ્યું.

'રાજવી, મૂંઝાશો નહીં. તમારે તો કારણ પૂછે ત્યારે મેં કહ્યું



**ડમરો દરબારમાં**

એટલું જ બોલવાનું : 'મને શરમ આવે છે, મારા મંત્રીશ્વરને પૂછો.' આટલું યાદ રાખશો એટલે બેડો પાર.'

ધન્ધુક અને ડમરો ભીમદેવની સામે હાજર થયા. ગુસ્સે થયેલા ભીમદેવે પૂછ્યું :

'કેમ, બહુ ચગ્યા લાગો છો ? પાટણની સામે વેર બાંધવું લાગે છે ?'

ધન્ધુકે જવાબ આપ્યો, 'ના રાજવી ! પાટણ અને એના પ્રતાપી રાજવી સામે વેર બાંધવું એ હાથે કરીને પોતાનો સર્વનાશ વહોરી લેવા જેવું છે.'

'એમ ? આટલું સમજો છો તો પછી અમારી સવારીમાંથી તમે પાછા કેમ વળ્યા ? આ તો રાજનું મોટું અપમાન કહેવાય.'

ધન્ધુકે ધડકતા દિલે જવાબ આપ્યો, 'રાજવી, એની અમને ખબર છે.'

'શું ધૂળ ખબર છે ? આવા અપમાન માટે તમારું રાજ આંચકી લેવામાં આવશે. ભૂંડા હાલ થશે એ વધારામાં.'

'મહારાજ, આપનો પ્રતાપ હું જાણું છું.'

ભીમદેવનો કોપ ફાટી ઊઠ્યો. 'શું ધૂળ જાણો છો ? હજી એવું કામ કરવાનું કારણ તો કહેતા નથી.'

'મને શરમ આવે છે, મારા મંત્રીશ્વરને પૂછો,' એમ કહી ધન્ધુકે ડમરાને બતાવ્યો.

'ઓહ ! એવું તે શું છે કે તમે કારણ નથી આપતા ? ભૂલ તમારી ને કારણ એ આપે. બોલો ?'

'ના મહારાજ, મને શરમ આવે છે. મારા મંત્રીશ્વરને પૂછો,' ધન્ધુકે ડમરાએ ગોખવેલું વાક્ય બરાબર બોલવા માંડ્યું.

મહારાજ ભીમદેવે ડમરા તરફ ફરીને કહ્યું, 'ઠીક ત્યારે, તમે બોલો.'

ડમરો કહે, 'નામદાર, અમારા રાજવી આપની સદા ઇજ્જત કરે છે. અમારો સ્વપ્નમાં પણ આપનું અપમાન કરવાનો ઇરાદો ન હોય.'

'તો પછી તમારા રાજવી અડધેથી પાછા કેમ ફર્યા ? અમારું ગૌરવ કરવા ?'

'હા મહારાજ. આપનું ગૌરવ કરવા જ. આપની શાન-શૌકત જાળવવા જ.'

'કેમ અલ્યા, સાવ ઊંધું બોલે છે. બંનેને જેલમાં નાખી દઈશ.' ભીમદેવ ઊકળી ગયા. ચંદ્રાવતીના રાજવીને તો થયું કે આ બાફે છે. ડહાપણને બદલે દોઢ ડહાપણનો ખજાનો લાગે છે.

ડમરાએ આગળ ચલાવ્યું, 'મહારાજ, આપનું માન ને ગૌરવ સાચવવા જ અમારા રાજવી પાછા ફર્યા. વાત એમ હતી કે એમણે એ દિવસે રેચ લીધો હતો. આથી એકાએક પાછા ફરવું પડ્યું. પાછા ન ફર્યા

હોત તો, એથી... આપની શાન-શૌકતને કેટલો મોટો ધક્કો લાગત એ આપ જ વિચારો.'

ભીમદેવ તો આ સાંભળીને ખડખડાટ હસી પડ્યા. એટલું બધું હસવું આવ્યું કે હસતાં હસતાં બેવડ વળી ગયા. માંડ હસવું શમાવી બોલ્યા, 'અરે ! હું ધારતો હતો કે તમે રાજનું અપમાન કર્યું છે. મેં તમને કેટલીય શિક્ષાઓ કરવાના મનસૂબા ઘડ્યા હતા અને વાત નીકળી માત્ર આ આટલી જ !'

ભીમદેવે ધન્ધુક પરમાર અને એમના મંત્રીશ્વર ડમરાને માનભેર વિદાય આપી. ધન્ધુકે ડમરાને ચદ્રાવતી આવવાનો આગ્રહ કર્યો. એ મંત્રીશ્વરનું પદ માગે તો એ પદ; કે જે એને ગમે તે પદ આપવાની વાત કરી.

પણ ડમરો કહે, 'ના રાજવી, મારે તો ભલી મારી સરસ્વતી ને ભલું મારું સિદ્ધપુર !'

❑

# આડે લાકડે આડો વેહ

## [૫]

સોલંકી સમયનું ગુજરાત.

સિદ્ધિ અને સમૃદ્ધિની ટોચે બિરાજેલું ગુજરાત.

ગુજરાતની રાજધાની પાટણ. પાટણમાં વૈભવ અને વીરતાની કહાનીઓ રચાય.

વિમળ મંત્રી જેવા વીરની તલવાર ચમકે.

વટેશ્વર જેવા વિદ્વાનની કલમ મહેકે. પાટણ બધામાં આગળ. જ્ઞાનમાં આગળ તો દાનમાં મોખરે. વીરતામાં તો એનો જોટો ન જડે.

આવા પાટણમાં અનેક કલાકારો વસે. કોઈ જ્ઞાની તો કોઈ માની. વળી કોઈ અભિમાની પણ ખરા !

અહીં વસે કાન નામનો કલાકાર. ભારે નામાંકિત ચિતારો. છબીઓ એવી ચીતરે કે જાણે હૂબહૂ જોઈ લો !

કાનને બધેથી આમંત્રણ મળવા લાગ્યાં. ધીરેધીરે એણે શેઠ-શાહુકાર ને રાજા-મહારાજા સિવાય બીજા કોઈનાં ચિત્ર ચીતરવાં બંધ કર્યાં. કોઈ બોલાવે તોય જાય નહિ. કોઈ પાલખી લઈને આવે, તોય ઊભો થાય નહિ !

ગીનીઓના-સોનામહોરના ઢગલા કરો તો એ ઊભો થાય. ભા-બાપા કરો તો પીંછી હાથમાં લે. પણ પછી છબી એવી દોરે કે ન પૂછો

વાત ! જાણે ફક્ત જીવ મૂકવાનો બાકી રહે.

હમણાં કાન ચિતારો ગામના રામાધીન શેઠની છબી દોરતો હતો.

રામાધીનને કમાયેલા પૈસાનો અહંકાર હતો.

કાન ચિતારાને કરુણાવતાર ભગવાને આપેલી કલાનો ગર્વ હતો. ભાગ્યજોગે બેનો ભેટો થયો. લોઢેલોઢાં ભેટ્યાં પછી બાકી શું રહે ?

રામાધીને કહ્યું, 'હું જેવો છું તેવી છબી બનાવ તો હજાર સોનામહોર આપું.'

કાન ચિતારો કહે, 'હજારમાં તો કોઈ હાલી-મવાલી દોરી આપશે. બંદા પાસે દોરાવવી હોય તો દસ હજાર જોઈએ.'

રામાધીન કહે, 'અરે, દસ હજારના કાકા, પણ શરત એ કે જો મારા જેવી હૂબહૂ છબી ત્રણ માસમાં ન દોરી શકે તો તારી ટચલી આંગળી કાપી નંખાવું, ને અવળે ગધેડે ગામમાંથી કાઢું.'

કાન ફૂંફાડો મારી બોલ્યો, 'કબૂલ.' લખત-પતર થયાં, સહી-સિક્કા થયા. પંચ નક્કી થયું, ને છબી દોરવી શરૂ કરી. કાન ચિતારો રોજ સૂર્યમંદિરે દર્શન કરવા જાય. હાથીએ ચડીને જાય અને આવે.

રામાધીન શેઠની છબી દોરતાં એક માસ થયો. હવે સફળતાની પરીક્ષા શરૂ થઈ. શેઠ અને પંચ રોજ હાજર થાય.

છબી જુએ ને નાપાસ કરે. રામાધીન રોજ ચહેરો બદલે. રોજ કંઈ વાંધો કાઢે. વખત પૂરો થવા આવ્યો, પણ છબી પાસ ન થઈ.

કાનનો ગર્વ ગળી ગયો. રામાધીને તેના ઘરની આજુબાજુ માણસ ગોઠવી દીધા. રખે રાત માથે લઈને ચિત્રકાર ભાગી જાય !

કાન તો નરમઘેંશ થઈ ગયો. એને થયું કે આંગળી ગઈ તો જિંદગી જવા બરાબર થશે.

કોઈએ એને કહ્યું, 'તું ડાહ્યા ડમરાને ભેગો થા. જો તને કોઈ બચાવશે તો એ જ કલાકારોનો બેલી છે.

સવારનો પહોર છે. ડમરો નાહીધોઈને બેઠો છે. એ વખતે કાન ચિતારો ત્યાં આવ્યો. ડમરો કાનને ઓળખે. એણે કાનને ભાવથી આવકાર આપ્યો.

કાનનું મોઢું પડી ગયું હતું. ધીમેધીમે ચાલતો હતો. આંખોમાં ઉદાસી હતી. કોઈ દુઃખના ડુંગર તળે દબાયેલો લાગતો હતો.

ડમરાએ પૂછ્યું, 'કેમ કાન, કંઈ ખરાબ સમાચાર છે ?'

કાને કહ્યું, 'ના.'

ડમરો કહે, 'તો પછી તારો ચહેરો દુઃખી કેમ જણાય છે ? તારી હાલત તો જાણે તારાં બારે વહાણ ડૂબી ગયાં હોય એવી લાગે છે.'

'ડમરાભાઈ ! એક મોટી આફતમાં ફસાયો છું. ગમે તે થાય, પણ મને બચાવો.'

'સારા માણસની ફરજ છે કે કલાકારને મદદ કરવી. કલા ખાતર જીવનું દાન દેતાં પણ અચકાવું જોઈએ નહીં. તું તારે મોકળે મને બધી વાત કહે. જરૂર કંઈ રસ્તો નીકળશે.' ડમરાએ કહ્યું.

કાન ચિતારાએ કહ્યું, 'એક દિવસ રામાધીન શેઠ મારા ઘેર આવ્યા. એમણે મને આબેહૂબ છબી દોરી આપવા કહ્યું. સાથે જણાવ્યું કે તને દસ હજાર સોનામહોરો આપીશ. ત્રણ માસમાં છબી દોરવી અને જેવો હું છું એવી જ આબેહૂબ છબી દોરવી. એમ ન થાય તો મારી ટચલી આંગળી કાપી નાખવી ને અવળે ગધેડે ગામમાંથી મને કાઢવો.'

કાને આગળ બોલતાં કહ્યું, 'મેં એ શરત સ્વીકારી અને એક મહિનાની મહેનત બાદ છબી પૂરી થઈ. રામાધીન શેઠને જોવા બોલાવ્યા.'

'પછી શું થયું ?' ડમરાએ પૂછ્યું.

'રામાધીન શેઠ આવ્યા, પણ કોઈ ને કોઈ ખામી કાઢવા લાગ્યા.

'એ કહે, 'આંખની પાંપણ બરાબર થઈ નથી.'

'પાંપણમાં સુધારો કરું તો કહે કે કાન સહેજ વાંકા છે.

'એ બરાબર કરું તો કહે કે કપાળમાં એક કરચલી ઓછી દેખાય છે. આમ રોજ કોઈ ને કોઈ ખામી શોધે અને મને હેરાન કરે. હવે તો ત્રણ મહિનાની મુદત પણ પૂરી થવા આવી છે. હવે મારું શું થશે...' કહી કાન ચિતારો જોરથી રડવા લાગ્યો.

'આમ હોય તો એને બરાબર પાઠ ભણાવવો જોઈએ,' ડમરાએ કહ્યું.

'પણ ડમરાભાઈ, આજે એ ત્રણ મહિનાની મુદત પૂરી થાય છે. કાલે એ મહારાજ ભીમદેવના દરબારમાં ફરિયાદ કરવાનો છે.'

ડમરાએ કાનને આશ્વાસન આપ્યું. કાલે પોતે એની સાથે દરબારમાં આવશે અને જરૂર બચાવશે એવી ખાતરી આપી.

બીજે દિવસે દરબાર ભરાયો. ડમરો અને કાન ચિતારો દરબારમાં હાજર થયા. ડમરાએ કશુંક કપડામાં વીંટાળીને પોતાની સાથે લીધું હતું.

રામાધીન શેઠે મહારાજ ભીમદેવ પાસે ફરિયાદ કરી. એણે કહ્યું, 'મહારાજ, આ ચિતારો શરત પાળવામાં નિષ્ફળ ગયો છે. એણે શરત પ્રમાણે સજા ભોગવવી જોઈએ.'

મહારાજ ભીમદેવે ચિતારાને પૂછ્યું, 'તમારે કંઈ બચાવ કરવો છે?'

કાને ડમરા તરફ નજર કરી.

મહારાજ ભીમદેવે ડમરાને ઓળખી કાઢ્યો. એ બોલી ઊઠ્યા, 'ઓહ તમે ! ધન્ધુકના મંત્રી ને ?'

'ના મહારાજ, હું કોઈનો મંત્રી નથી. હું તો છું સિદ્ધપુરનો બ્રાહ્મણ દામોદર મહેતો. લોકો મને ડાહ્યા ડમરા તરીકે ઓળખે છે.'

મહારાજ ભીમદેવે કહ્યું, 'ડમરાભાઈ, હવે તમે શું કરવા માગો છો ?'

ડમરાએ પોતાની પાઘડી સરખી કરતાં રામાધીન શેઠને કહ્યું,



**શેઠ આમાં કશી ખામી હોય તો કહો !**

'બોલો, તમે કેવી છબી માગી હતી ?'

શેઠે કહ્યું, 'જેવો હું છું તેવો જ દેખાઉં, એવી છબી માગી હતી.'

ડમરાએ કહ્યું, 'તો તમારી છબી બનાવીને કાન ચિતારાએ મને

સોંપી છે. હું તમને બતાવું છું. બરાબર આબેહૂબ તમારા જેવી—લગીરે ફેર નહીં. જોજો.'

રામાધીન શેઠ મનોમન હસતાં-હસતાં વિચારવા લાગ્યા. આ ડમરોય ઠીક તાલ કરે છે. એમણે કહ્યું, 'ઠીક તો, બતાવો ત્યારે.'

ડમરાએ પેલી કપડામાં વીંટાળેલી વસ્તુ બહાર કાઢી. એ હતો અરીસો.'

અરીસો રામાધીન શેઠની સામે ધર્યો અને કહ્યું,

'જુઓ, આમાં તમે છો તેવા જ દેખાવ છો ને ? આ રહી તમારી છબી ! આમાં કશીય ખામી હોય તો કહો.'

રામાધીન શેઠ શું બોલે ?

પૂરી એક હજાર સોનામહોરો ગણીને આપવી પડી.

આખો દરબાર ડમરાની ચતુરાઈ જોઈ ખુશખુશ થઈ ગયો.

કાન ચિતારો તો ડમરાને પગે પડ્યો.

ડમરાએ કહ્યું, 'કાન ! પૈસો અને કળા અભિમાનની ચીજ નથી. પ્રભુની ભેટ છે. કલાકારનું મૃત્યુ અહંકારમાં છે. તેં અહંકાર કર્યો ને જીવતો મૂઓ. તેં અહંકાર છોડ્યો ને તું જીતી ગયો. બાકી અરીસો એ કંઈ છબી કહેવાય ? પણ આ તો આડે લાકડે આડો વેહ.

❑

# ઉંદરે તાણ્યો ઘોડો

## [૬]

બુદ્ધિશાળી ઘણા થયા. ચાલાક માણસો ઘણા મળ્યા.

પણ ડમરો એ ડમરો.

ડમરામાં જેટલી ચતુરાઈ, એટલી દયા. કોઈને દુઃખી થતો જુએ કે દોડી જાય. કોઈ ગરીબોને સતાવતો નજરે પડે તો એને સીધો કરે.

નોકરોનાં નાક કાપનાર કાના પટેલને સીધો કર્યો. એણે જિંદગીભર ફરી આવો જુલમ ન કરવાની પ્રતિજ્ઞા લીધી. થોડા સમય બાદ એક બીજી એવી જ ખબર આવી.

નિરૂણા નામે નાનકડું ગામ. આ ગામમાં નાથા શેઠ નામનો એક પૈસાદાર વસે. લાચાર-ગરીબને નોકરીએ રાખે, એને પળવાર આરામ લેવા દે નહિ.

નાથો શેઠ ને નાથી શેઠાણી કામ આપ્યા જ કરે ! પેલો ખૂબ થાકી જાય. એનાં અંગેઅંગ તૂટે, પણ સહેજ બેસે કે તરત નાથા શેઠ ઊધડો લઈ લે. નોકરને ઢોરની જેમ રાખે.

ડમરાને આની ખબર મળી. એ તો ઊપડ્યો નિરૂણા ગામે. વેશ બદલીને શેઠના ઘેર આવ્યો.

નાથા શેઠ ખડકી બહાર બેસી દાતણ કરતા હતા. એમનો નોકર એક હાથે શેઠનો પગ દાબે. બીજા હાથમાં થૂંકદાની. શેઠ વારેવારે એમાં થૂંકે.

સહેજ પગ દાબતો અટકે કે શેઠ તરત લાત મારે. થૂંકદાની આઘીપાછી થાય તો માથે જોરથી ટાપલી મારે. ડમરો ખડકીએ ઊભો રહ્યો. જેવું શેઠનું દાતણપાણીનું કામ પૂરું થયું કે તરત દોડીને પેલા નોકરને વળગી પડ્યો.

ડમરો કહે, 'કેમ ભાઈ, મને ઓળખે છે ને ? હું તારા કાકાનો દીકરો-નારણ !'

પેલો વિચારમાં પડ્યો. અરે ! મારે કાકા જ નથી, ત્યાં વળી એમનો દીકરો ક્યાંથી ફૂટી નીકળ્યો ?

નાથા શેઠ અંદર ગયા. ડમરાએ પેલા નોકરને બોલાવી કહ્યું :

'ભાઈ, હું ડમરો ! ઓળખ્યો ને મને ? આ શેઠને સીધો કરવો છે. માટે આજથી તારી જગ્યાએ હું નોકરીએ રહીશ. તું એટલા દિવસ આરામ કર. આ શેઠે તારા ટેભા નરમ કર્યા છે, હવે હું એના કરું.'

પેલો નોકર ડમરાને શેઠ પાસે લઈ ગયો. એ ડમરાએ સમજાવ્યા પ્રમાણે કહેવા લાગ્યો.

એણે કહ્યું, 'શેઠ, આ મારા કાકાનો દીકરો છે. મારા ગામથી આવે છે. એ ખબર લાવ્યો છે કે મારા પિતા માંદા છે. માટે મને થોડા દિવસની રજા આપો. મારે બદલે ત્યાં સુધી આ નારણ કામ કરશે.'

'કેમ અલ્યા, બધું કામ આવડે છે ને ?' શેઠે નારણ સામે જોઈને પૂછ્યું.

'હા શેઠ ! બધું જ કામ આવડે છે.'

અને આમ નારણ બનેલો ડમરો નાથા શેઠની નોકરીમાં રહ્યો.

શેઠે એક ઘોડો આપ્યો. ચાર માઈલ દૂર ખેતરમાં લઈ જઈ એને પાણી પિવડાવવાનું અને ચણા ખવડાવવાનું કહ્યું.

નારણ તો ઊપડ્યો. ગામની સીમમાં જઈ ઊભો રહ્યો. ઘોડાની પૂંછડી કાપીને એને તગડી મૂક્યો.

પાસે એક ઉંદરનું દર હતું. ડમરાએ દરમાં પૂંછડી ખોસી. પછી બૂમ પાડવા લાગ્યો, 'દોડો ! દોડો ! મારા ઘોડાને ઉંદર તાણી ગયા ! ધાજો રે ધાજો !'

પાસેના ખેતરમાંથી પશાકાકા આવ્યા. બાજુમાંથી છગનલાલ આવ્યા. એમની પાછળ જોરુભા આવ્યા. હાંફતાં-હાંફતાં કાશીબહેન આવ્યાં. સહુએ ડમરાને રડતો જોયો. એ તો જોરજોરથી રડે અને પાછો બૂમ પાડે.

બધાંને આવેલા, જોઈને ડમરાએ કહ્યું, 'ઉંદરો ભેગા થઈ મારા ઘોડાને તાણી ગયા. અરે રે ! મારા શેઠને શો જવાબ આપીશ ? આ માત્ર પૂંછડી જ બહાર રહી ગઈ !'

પશાકાકા કહે, 'અરે ! ઉંદર તે ઘોડાને તાણી જતા હશે ?'

ડમરો કહે, 'તો લો, તમે જ મારા ઘોડાને દરની બહાર ખેંચી કાઢો ને !'

પશાકાકાએ પૂંછડી ખેંચી. એકલી પૂંછડી જ બહાર નીકળી.

ડમરો બોલી ઊઠ્યો, 'રામ ! રામ ! આ ઉંદરો આખાય ઘોડાને ખાઈ ગયા. આ માત્ર પૂંછડી જ બાકી રહી ! ખેર, હવે પૂંછડી તો પૂંછડી. શેઠને બતાવવા માટે તો લઈ જાઉં.'

કોઈને આમાં બહુ સમજ પડી નહીં. સહુ વિખરાઈ ગયાં. નાથા પટેલને પણ આ વાત સાંભળી આશ્ચર્ય થયું. નાથા શેઠે નક્કી કર્યું કે હવે આને કોઈ વસ્તુ આપવી નહીં. સંદેશો પહોંચાડવાનું જ કામ સોંપવું. જેથી આવું કોઈ નુકસાન તો ન થાય.

નાથા શેઠે નારણને બોલાવ્યો. નારણ આવીને બુદ્ધુની પેઠે ઊભો રહ્યો.

શેઠ બોલ્યા, 'જો અલ્યા, કાલે હું મારે સાસરે જવાનો છું. મારું સાસરું ઉનાવા ગામના લવજી પટેલને ઘેર છે. આજે તારે ત્યાં જવાનું.

'વળી જો. પહેલી વાર સાસરે જાઉં છું એટલે મારો વટ પડે એવી વાતો તારે કરવાની. મારે વિશે મોટીમોટી વાતો કરવી. મારી ધનદોલત ને સાહ્યબી વિશે ગુણગાન કરવાં. મારા રુઆબ વિશે વાતો કરવી. મને રાબ બહુ ભાવે છે એ પણ કહેવું.'

ડમરો કહે, 'ભલે શેઠ ! એમાં તમારે કહેવું ન પડે. નારણ એમ ગાંજ્યો જાય તેવો નથી.'

ડમરો તો ઊપડ્યો શેઠને સાસરે. જઈને લવજી પટેલને એમના જમાઈ આવવાના ખબર આપ્યા.

નાથા શેઠ પહેલી વાર સાસરે આવતા હતા, આથી લવજી પટેલ તો વારંવાર ડમરાને પૂછે, 'શેઠને શું ભાવે છે ? શેઠ કેમ રહે છે ? કેવી પથારી પર સૂએ છે ?

ડમરો બધાને બરાબર જવાબ આપે. એવામાં એણે લવજી પટેલને બાજુએ બોલાવી કહ્યું :

'સાંભળો શેઠ, મને મારા શેઠે એક ખાનગી સંદેશો આપ્યો છે. તમને છાનામાના કહેવાનું કહ્યું છે. જો વાત બહાર પડે તો શેઠની આબરૂ જાય. મારા શેઠને મીઠાની રાબ બહુ ભાવે છે, પણ જોજો ! શેઠની સાસુને આવી વાત ન કહેશો. નહીં તો એમની આબરૂને આંચ આવે !'

લવજી પટેલ બોલ્યા, 'અરે વાત બહાર જાય નહીં, પણ આ મીઠાની રાબ કેવી હોય ? સાકર કે ગોળની રાબ ખાધી છે, પણ મીઠાની રાબનું તો નામેય નથી સાંભળ્યું !'

ડમરો કહે, 'જુઓ, હું તમને સમજાવું. તમારે રાબ બનાવવી ગોળની, પણ એની અંદર ખૂબ મીઠું નાંખવું. બને તેટલું મીઠું નાખજો. મારા શેઠને એવી રાબ બહુ ભાવે છે.'

'ભલે. પટલાણીને કહી દઉં.' પટેલ કહેવા જવા લાગ્યા.

પણ ડમરાએ લવજી પટેલને રોક્યા ને કહ્યું, 'વળી જુઓ, કદાચ

શરમને લીધે શેઠ આ રાબ પીવાની ના પાડે. સાસરું ખરું ને ? પણ તોય તમારે માનવું નહીં કે એમને રાબ પીવી નથી. તમે તો બને એટલો આગ્રહ કરજો જ ! એમાં પાછા ન પડશો !'

બીજે દિવસે નાથા શેઠ પોતાને સાસરે આવ્યા. લવજી પટેલે સ્વાગત કર્યું. શેઠની બરાબર સરભરા કરવા માંડી.

બધા જમવા બેઠા. રાબ આવી. શેઠને થયું કે આ નારણે વાત તો કરી દીધી લાગે છે કે પોતાને રાબ બહુ ભાવે છે ! માળો છે તોફાની, પણ ડાહ્યો ડમરો લાગે છે.

શેઠે એક ઘૂંટડો લીધો.

અરે ! આ શું ? આ તો રાબ છે કે મીઠાનું પાણી ? પણ અહીં તો શેઠથી બોલાય કેવી રીતે ? આ તો સાસરું કહેવાય. કંઈ બોલે તો વટ જતો રહે.

મહામહેનતે એક વાટકી રાબ ખાધી. 'હાશ' કરીને જેવો વાટકો નીચે મૂક્યો, કે તરત લવજી પટેલે બીજી રાબ રેડી વાટકો ભરી દીધો.

હવે થાય શું ? એઠું તો મુકાય નહીં. શેઠ મહામહેનતે, મોઢું બગડેલું દેખાય નહીં એની તકેદારી રાખીને રાબ પી ગયા.

એવામાં લવજી પટેલ ફરી રાબ આપવા ગયા. શેઠે ના પાડી, પણ લવજી પટેલ ચૂકે એવા ન હતા.

એમને શેઠના નોકર નારણના શબ્દો યાદ હતા કે શેઠ શરમમાં ના પાડે, પણ તમે પાછા ના પડતા. લવજી પટેલે તો આગ્રહ કર્યો. મારા સમ, મારા સમ, કરીને બીજા બે વાટકા પિવડાવી દીધા. શેઠને મીઠાની રાબના ચાર વાટકા પીવા પડ્યા.

રાત પડી. શેઠ સૂતા. પણ મીઠાની રાબ કંઈ સૂવા દે ? એટલું બધું મીઠું પેટમાં ગયું હતું કે શેઠને તો ઝાડા થઈ ગયા. સહેજ બેસે કે પાછા જવું પડે ! આખીય રાત આ જ ચાલ્યું.

શેઠનું શરીર ઓગળી ગયું. એમણે નાથી શેઠાણીને આવી રાબ

કેમ બનાવી એની તપાસ કરવા કહ્યું. શેઠાણી ખબર લાવ્યાં કે આ તો એમના નોકર નારણનાં કામ છે !

નાથા શેઠ રજા લઈને નિરૂણા જવા નીકળ્યા. નારણને પણ સાથે લીધો. મનમાં વિચાર્યું કે હવે એને ઘેર આવવા દે ને પૂરી ખબર પાડી નાખું. કામ કરાવીને દમ કઢાવી નાખું.

શેઠાણીને અને નોકર નારણ લઈને શેઠ નિરૂણા પાછા આવ્યા. નારણના વેશમાં રહેલો ડમરો પણ પાછો આવ્યો. આવીને બોલ્યો, 'શેઠ, કોઈ હુકમ ?'

શેઠને સ્નાન કરવાની ઇચ્છા હતી. એમણે કહ્યું, 'જા, પાણી લાવ.' ડમરો એક નાનકડા પવાલામાં પાણી ભરીને આવ્યો. શેઠે જોયું ને ગુસ્સે થયા.

જોરથી બોલી ઊઠ્યા, 'અલ્યા, મેં નાહવાનું પાણી લાવવા કહ્યું છે. જલદી જા. કપડાં કાઢીને બેઠો છું એટલે ઠંડી ખૂબ લાગે છે.'

ડમરો પાછો ગયો. લોટામાં ગરમ પાણી ભરીને આવ્યો. નાથા શેઠને ખૂબ ગુસ્સો ચડ્યો ને બોલ્યા :

'મૂરખ, મેં તને નાહવા માટે ડોલમાં પાણી લાવવાનું કહ્યું. કેમ, કંઈ અક્કલ-બક્કલ છે કે વેચી નાખી છે ?'

ડમરો કહે, 'શેઠ, ગમે તેમ ન બોલો, પણ ખેર ! શેઠ છો, માટે હુકમ પાળું છું.'

નારણ ડોલમાં સ્નાન કરવા માટે પાણી લાવ્યો. ડોલ મૂકીને બોલ્યો, 'શેઠ હવે ?'

નાથા શેઠ ગરમ થઈને બોલ્યા, 'અરે ! હવે શું ? સવાર પડી છે એ દેખાતું નથી ? ચાલ, એક પછી એક સવારનાં કામ પતાવ. ચૂલો સળગાવી, ખાટલો પાથરી ઉપર ગાદી તકિયા મૂકી દૂધ ગરમ કર.'

શેઠ તો સ્નાન કરીને બેઠા. દૂધની રાહ જોતા હતા.

પણ આ શું ? દૂધને બદલે સામે નારણ પાણીની ડોલોની ડોલો કશાક પર ઠાલવતો હતો. નાથા શેઠને થયું કે જરૂર આણે કંઈ નવાજૂની કરી લાગે છે.

શેઠે જોયું તો આભા જ બની ગયા. 'આ શું કર્યું તેં ?' શેઠ જોરથી બરાડી ઊઠ્યા.

ડમરો કહે, 'શેઠ, તમે કહ્યું તેમ કર્યું. તમે કહ્યું : ચૂલો સળગાવી, ખાટલો પાથરી, ઉપર ગાદી-તકિયા મૂકી દૂધ ગરમ કર. મેં એમ જ કર્યું. પણ દૂધ તૈયાર થવાને બદલે ખાટલો ને ગાદીતકિયાં સળગ્યાં. બધું સળગી જતાં દૂધની તપેલી તો ચૂલાના ખાડામાં પડી. શેઠ, શું તમેય આવું ખોટું ખોટું કામ બતાવો છો ?'

શેઠ મનમાં સમસમી ઊઠ્યા. એ બોલ્યા, 'અલ્યા, તારામાં અક્કલ છે કે નહીં ? ન હોય તો જા સિદ્ધપુરના ડમરા પાસેથી થોડી અક્કલ ભાડે લઈ આવ !'

નારણ બોલ્યો, 'શેઠ, એમ કંઈ અક્કલ ભાડે મળતી હશે? વળી મારામાં તો અક્કલ છે. મારા દોસ્તો મને ડમરો જ કહે છે !'

શેઠ ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા, 'એ તો આમ કહીને તારી બુઠ્ઠી બુદ્ધિની મજાક ઉડાવતા હશે !'

ડમરો કહે, 'શેઠ, હવે કોઈ હુકમ ?' નાથા શેઠને તો સવારે દૂધ પીવાની ટેવ. આથી શેઠે નાથી શેઠાણીને ઉઠાડવાનું કામ સોંપ્યું.

શેઠાણી તો ઘ...ર...ર...ર... નસકોરાં બોલાવે, સૂરજ બરાબર ઊંચો આકાશમાં આવે પછી શેઠાણીને ઊઠવાની ટેવ.

ડમરાએ કહ્યું, 'શેઠાણીજી, શેઠ બોલાવે છે', પણ શેઠાણી ઊઠે તો ને ! શેઠાણીનાં ગાજતાં નસકોરામાં ડમરાનો અવાજ પણ શેઠાણીને સંભળાયો નહીં હોય !

ડમરો પાછો ગયો. શેઠને કહ્યું કે શેઠાણી ઊઠતાં નથી. એક તરફ શેઠ આ મૂરખ નારણથી ખિજાયેલા, બીજ બાજુ દૂધ વિના ભૂખ પણ



**શેઠાણી બૂમો પાડવા લાગ્યાં,**
**'દોડો રે દોડો ! હું તો તણાઈ ગઈ !'**

કકડીને લાગેલી.

શેઠે કહ્યું, 'અરે ! ના શેની ઊઠે. પાણી નાખીને ઉઠાડ !'

ડમરો કહે, 'જેવો હુકમ !' ડમરો શેઠાણી પાસે ગયો. પાણીની માટલી લીધી. પાણી જોરથી માથા પર રેડવા લાગ્યો.

શેઠાણીની ઊંઘ પૂરઝડપે ચાલતી હતી ત્યાં આ પાણી પડ્યું. એ તો અડધા ઘેનમાં ને ઘેનમાં બહાવરાં બની બૂમો પાડવા લાગ્યાં, 'દોડો

દોડો હું તો તણાઈ ગઈ ! બધાં ક્યાં મરી ગયાં ? દોડો !'

તરત ડમરો બહાર નીકળીને બૂમો પાડવા લાગ્યો, 'દોડો ! મારાં શેઠાણી તણાઈ ગયાં ! દોડો ! જલદી દોડો.'

નજીકમાં રહેતાં પશાકાકા, માનો રબારી અને અમથી ડોશી દોડી આવ્યાં. નાનાં ભૂલકાંઓથી માંડીને બુઢ્ઢાઓ પણ દોડી આવ્યાં.

સૌને અચરજ થાય કે આ શિયાળામાં વળી પૂર કેવું ? અને નદી તો દસ ગાઉ દૂર છે એમાં શેઠાણી તણાય કેવી રીતે ?

નાથો શેઠ હાંફળા-ફાંફળા થઈ દોડે. બધા ભેગા થયા. નારણને પૂછ્યું, 'એય શેઠાણી ક્યાં છે ?'

એવામાં નાથી શેઠાણી જાતે જ બહાર આવ્યાં. એમણે કહ્યું કે હું તો ઊંઘમાં મારા પર પાણી પડતાં આમ બરાડી ઊઠી હતી.

નારણ કહે, 'મને એવી શી ખબર ? મને તો થયું તમે સાચે જ તણાઈ રહ્યાં હશો.'

પાડોશીઓ હસતાં-હસતાં વીખરાઈ ગયાં.

નાથા શેઠે નારણને કહ્યું, 'હવે તને રજા આપું છું. હું તારાથી થાક્યો, આમ તો મહિનાના વીસ રૂપિયા નક્કી કર્યા હતા. પણ દસ દિવસમાં જ તારાથી થાક્યો. જા, તને દસ દિવસના દસ રૂપિયા આપું છું. તું જા એટલે બસ !'

નારણ કહે, 'શેઠ, હું જઈશ. પણ અત્યારે નહીં.'

'તો ક્યારે જઈશ ?' શેઠે પૂછ્યું.

'જુઓ શેઠ, હું છવ્વીસ વરસનો છું. હજી બીજાં પચ્ચીસ વરસ તો કાઢીશ. પછી હું ઉપર જઈશ અને ઉપર જઈશ ત્યારે અહીંથી જઈશ !'

શેઠ મનમાં બોલ્યા કે, મારો દહાડો ફર્યો હોય તો હું તને રાખું ને ? શેઠ બોલ્યા, 'પણ મારે તને છૂટો કરવો છે !'

'શેઠ, મને દસ દિવસના દસ રૂપિયા લેખે પચીસ વર્ષના નવ

હજાર રૂપિયા આપો તો જાઉં. શેઠ છો એટલે તમારી પાસેથી વ્યાજ નહીં લઉં.'

શેઠ મૂંઝાયા. આ તો બલા વળગી. એનાથી તો છૂટવું જોઈએ. નહીં તો મારું બધું ધનોત-પનોત કરી નાખશે !

આખરે નારણથી છુટકારો મેળવવા પાંચ હજાર રૂપિયા આપવા તૈયાર થયા ! તેમણે કહ્યું, 'ભાઈ, હવે આજથી નોકર રાખીશ નહીં. જાતે જ કામ કરીશ.'

નાથી શેઠાણી પણ આવું કહેવા લાગ્યાં.

ડમરો ઊભો થયો. એણે પૈસાની ના પાડી અને કહ્યું, 'શેઠ, તમે જે ડમરા પાસેથી બુદ્ધિ ઉછીની લેવાનું કહેતા હતા તે ડમરો હું પોતે જ !

'શેઠ, ધન એ કોઈ ઉપર જુલમ ગુજારવા માટે નથી, કોઈની લાચારીનો લાભ લેવા માટે નથી. ગરીબ નોકર એ પણ માણસ છે. નોકરને નાનો ભાઈ સમજો !'

નાથા શેઠે પોતાની ભૂલ કબૂલ કરી, ફરી કોઈ ગરીબને કે લાચારને હેરાન ન કરવાની પ્રતિજ્ઞા લીધી. વળી ગરીબ કે લાચારને વરસે દહાડે થોડું દાન કરવાનો પણ નિશ્ચય કર્યો.

ડમરાએ નાથા શેઠની રજા લીધી અને નિરૂણા ગામથી પાછો સિદ્ધપુર તરફ ચાલી નીકળ્યો.

❑

# રેવાદાસની રાઈ

## [૭]

'બચાવો...બચાવો... કોઈ તો બચાવો. મારી આખી જિંદગીની મહેનત ધૂળધાણી થઈ જશે.'

ગુજરાતની રાજધાની પાટણની દક્ષિણે આવેલા એક મહાલયમાં આગ લાગી. બહાર ઊભો-ઊભો એ મહાલયનો માલિક ચીસો નાખતો હતો. એ પાટણની ફોફળવાડીનો રહીશ શેઠ શામળશા હતો. જબરો સાગરખેડુ હતો પણ અત્યારે પાગલની પેઠે બૂમાબૂમ કરતો હતો.

'છે કોઈ એવો વીરલો જે ભડભડતી આગમાંથી પહેલે માળે રહેલી મારી પેટી લઈ આવે ? છે કોઈ એવો માડીજાયો વીર ?'

પણ આવી ભડભડ બળતી આગમાં પેટી લેવા જાય કોણ ? પેટીને ખાતર કોઈ જીવની બાજી ઓછી લગાવે ?

શામળશા ફરીથી બોલ્યો, 'ભાઈ, કોઈ મરદનો બચ્ચો હોય તો દોડે. પહેલે માળે વચલા ઓરડામાં ડાબી બાજુએ જમીનમાં પેટી દાટેલી છે. અરે ભાઈ ! જે લાવી આપશે એને પાંચસો સોનામહોર રોકડી ગણી આપીશ.'

શામળશાની આંખે અંધારાં આવતાં હતાં. બાપદાદાએ જાનનું જોખમ ખેડીને મિલકત ભેગી કરી હતી. વરસના આઠ-આઠ મહિના દૂર દેશાવર ખેડી, ભૂખે-તરસે ભેગી કરેલી મિલકત આગમાં ભરખાઈ જતી હતી.

એણે ફરી એક હજાર સોનામહોરો આપવાની વાત કરી. પણ

સોનામહોરને ખાતર કંઈ કોઈ પોતાના પ્રાણ હોડમાં મૂકે ખરું ?

એવામાં એક માણસ શામળશા પાસે આવ્યો. રેવાદાસ એનું નામ. ગામમાં ગરીબોને રોવડાવનાર તરીકે એ ઓળખાય. વ્યાજનો ધંધો કરે. ચોપડામાં આડુંઅવળું કરે. કોઈ લાચારને પૈસા ધીરે. એક વાર એના ચોપડે જે ચડ્યો એ સાત પેઢીએ પણ બહાર ન નીકળે.

રેવાદાસ બોલ્યો, 'શામળશા, પેટી જોઈએ છે ને ?'

શામળશા કરગરતે અવાજે બોલ્યો, 'હા, ભાઈસા'બ. નહીં તો મારું બધુંય લૂંટાઈ જશે. હું બે ઘડીમાં બાવો થઈ જઈશ. મને મદદ કરો. ભગવાન તમને મદદ કરશે.'

રેવાદાસે જેવી સોનામહોરો આપવાની શામળશાની વાત સાંભળી કે એને શક ગયો કે નક્કી પેટીમાં પુષ્કળ ધન છે. એને થયું કે ગમે તે રીતે આ શામળશાને મૂરખ બનાવીનેય એ ધન હાથ કરવું જોઈએ.

રેવાદાસે કહ્યું, 'તો શેઠ, હું ઘરમાંથી પેટી લઈ આવું અને મને ગમે તે તમને આપીશ.'

શામળશાને એમ કે માગી માગીને વધુમાં વધુ અડધું ધન માગશે. અડધું તો પોતાને મળશે ને ? આથી શામળશાએ એની વાત કબૂલ રાખી.

રેવાદાસે આગમાં ઝુકાવ્યું. ધુમાડા વચ્ચેથી માર્ગ કરતો દાદર પર ચડીને પહેલે માળે પહોંચ્યો. વચલા ઓરડામાં ગયો. ડાબી બાજુએ બધે હાથ ફંફોળ્યા. સહેજ જમીન ખોદી અને કંઈક અથડાતાં હાથથી પેટી લઈને કૂદકા લગાવતો બહાર આવ્યો.

બહાર આવીને રેવાદાસે પેટી ઉઘાડી, જોયું તો ઝળહળતાં રત્નો જ રત્નો ! એક જુએ અને એક ભૂલે ! રેવાદાસે આવાં ઝળહળતાં રત્નો આખા ભવમાં ક્યારેય જોયાં ન હતાં. રત્નો આટલાં ઝળહળતાં હોય એવું સ્વપ્નમાંય નહોતું કલ્પ્યું !

રેવાદાસ આમેય ખોરા ટોપરાના જેવી દાનતવાળો હતો ને આ રત્નો જોઈને એની દાનત વધુ બગડી. એને થયું કે આમાંથી એક પણ રત્ન જવા દેવા જેવું નથી. એણે રત્નોને ઠાલવીને પોટલી બાંધી. ખાલી



**રેવાદાસે આગમાં ઝુકાવી પેટી લીધી**

પેટી શામળશાને સુપરત કરીને કહ્યું કે તમારી પેટી તમને પાછી !

શામળશા આ જોઈને આભો બની ગયો. એણે કહ્યું, 'ભાઈ રેવાદાસ, આ તો અન્યાય કહેવાય.'

રેવાદાસે તોછડાઈથી જવાબ આપ્યો, 'કેમ વળી, આમાં અન્યાય શાનો ?'

'મને તો એમ કે તમે ઓછામાં ઓછાં અડધાં રત્નો તો મને પાછાં આપશો. મારી સાત પેઢીની મિલકત પર અડધો અધિકાર તો ખરો ને! આવો દગો ન કરાય.'

રેવાદાસે જવાબ આપ્યો, 'અડધાં રત્નો શેનાં ને વાત શેની ? આ પેટી આપી એ માટે પણ મારો પાડ માન.'

શામળશા પોકેપોક મૂકીને રડવા લાગ્યો. આખા જીવતરની કમાણી ધૂળમાં મળી. અરે ! એક રત્ન મળ્યું હોત તોપણ ફરીથી વેપાર શરૂ કરત ! હવે કરવું શું ?

એવામાં શામળશાને સિદ્ધપુરનો ડાહ્યો ડમરો યાદ આવ્યો. ડમરો

ગરીબોનો બેલી હતો. ગાંઠનું ખાઈને પણ દુઃખીની વહારે ધાતો. આથી શામળશા સિદ્ધપુર આવીને ડમરાને મળ્યા. અથથી ઇતિ સુધી વાત કરી.

ડમરાએ પાટણના ન્યાયમંદિરમાં ફરિયાદ કરવા કહ્યું. ફરિયાદ થતાં રેવાદાસ ન્યાયમંદિરમાં હાજર થયા.

રેવાદાસ આવ્યા તો ખરા, પણ મનમાં એવી રાઈ ભરાયેલી હતી કે એક નહીં, પણ દસ ડમરા આવે તોય ડાહ્યા કરી દઉં તેમ છું. આ ડમરાને તો ડમરાના પાનની પેઠે મસળી નાખીશ. કેમ કે શરત મુજબ રેવાદાસને પોતાને ગમે તે શામળશાને આપવાનું હતું અને એણે પેટી આપી હતી.

પાટણના ન્યાયમંદિરમાં આજે ન્યાયાસને પ્રતાપી રાજા ભીમદેવ ખુદ બેઠા. એક બાજુ વીર વિમલ મંત્રી બેઠા અને બીજી બાજુ સોમ પુરોહિત બેઠા.

રાજાએ આખી વાત સાંભળી. પછી ડમરાએ થોડા પ્રશ્નો પૂછવાની રજા માગી. રાજા ભીમદેવે ધન્ધુક પરમારના મંત્રી તરીકે આવેલા ડમરાને ઓળખી કાઢ્યો.

સભાએ પૂછ્યું, 'સવાલ-જવાબથી શું વળશે ?'

ડમરાએ જવાબ આપ્યો, 'ભગવાને માણસને બુદ્ધિ આપી છે. એનો ખોટે રસ્તે ઉપયોગ કરનારને પકડવા માટે સવાલ-જવાબની રીત છે. માટે મહારાજ મને પ્રશ્નો પૂછવાની રજા આપે.'

મહારાજ ભીમદેવે ડમરાને પ્રશ્નો પૂછવાની પરવાનગી આપી.

ડમરાએ કહ્યું, 'કેમ રેવાદાસ ! તમે આ પેટી બળતા ઘરમાંથી બહાર લાવ્યા હતા ને ?'

રેવાદાસે બેદરકારીથી જવાબ આપ્યો, 'હા, બીજું કોણ લાવ્યું હતું ?'

'એ પેટીમાંથી શું નીકળ્યું ?' ડમરાએ પૂછ્યું.

રેવાદાસે તોછડાઈથી કહ્યું, 'એ પેટીમાંથી રત્નો નીકળ્યાં. પૂરાં સો રત્નો !'

ડમરો બોલ્યો, 'ઓહ, રત્નો નીકળ્યાં ! રત્નો તો તમને ખૂબ ગમ્યાં હશે, ખરું ને ?'

'હા, રત્નો તો ખૂબ ગમે જ ને ! પણ એમાંથી તમને કંઈ મળે તેમ નથી.'

આખી સભા રેવાદાસની વાતથી હસી પડી.

'અને પેલી પેટી તમને ન ગમી, તમે એ શામળશાને આપી, ખરું ને ?'

રેવાદાસ બોલ્યા, 'હા, હવે વગર મફતનો ક્યાં સુધી પૂછતો રહીશ તું ?'

તરત ડમરો બોલ્યો, 'વગર મફતનો શું ? ચાલો, રત્નો આપી દો શામળશાને અને પેટી તમે રાખો.'

રેવાદાસ તાડૂકી ઊઠ્યો, 'લો બોલ્યા ! રત્નો આપી દો ! એમ કંઈ ન અપાય હોં ! તમે શરત જાણો છો ?'

'હા, શરત જાણું છું એટલે જ કહું છું. તમે શરત કરી હતી કે મને ગમે તે તમને (શામળશાને) આપીશ. તો તમને રત્નો ગમ્યાં, માટે એ શામળશાને આપો. શામળશા તમને પેટી આપે.'

રેવાદાસ મૂંઝાયો. ખૂબ ગલ્લાંતલ્લાં કરવા લાગ્યો. પણ આખરે રત્નો તો આપવાં જ પડ્યાં. લોભ અને લુચ્ચાઈ કરવા જતાં રેવાદાસને બધું ખોવું પડ્યું. વળી રાજદરબાર વચ્ચે એની રેવડી દાણાદાણ થઈ.

શામળશા તો ડમરાને પગે પડ્યા. ડમરાએ પ્રેમથી ઊભા કર્યા. રાજા ભીમ પણ આ સિદ્ધપુરના ચતુર નર પર વારી ગયા. એને પાટણ આવીને વસવા કહ્યું. એની બુદ્ધિ અને ચતુરાઈથી પોતાના દરબારની રોનક વધારવા કહ્યું.

સિદ્ધપુરનો ડમરો ગુજરાતના પ્રતાપી રાજવી ભીમદેવનો દરબારી બન્યો !

❑

# સૂરજની સાખે

## [૮]

રાજા ભીમદેવનો દરબાર થંભી ગયો છે.

વિમલ મંત્રી વિચારમાં પડી ગયા છે. સોમ પુરોહિતના મોં પર મૂંઝવણ છે. દરબારીઓ સૂનમૂન બેઠા છે. ન કોઈ કોઈની સાથે બોલે કે ન ચાલે.

કોઈ પરદેશીની ચઢાઈના સમાચાર નથી. કોઈ રાજવીના મરણની ખબર નથી. નથી ગુજરાતના ગરવા રાજ પર દુકાળ કે એવી કોઈ આફતના ઓળા આવ્યા.

પરંતુ રાજદરબારની સામે આજે એક મૂંઝવતો સવાલ આવ્યો છે. ચતુર દીવાન અને કુશળ દરબારીઓ એનો ઉકેલ શોધવામાં નિષ્ફળ ગયા છે. મામલો ઘણો વિચિત્ર છે.

એક તરફ ધનવાન શાહુકારની ફરિયાદ છે, બીજી તરફ એક ગરીબ કણબી ગુનામાં સપડાયો છે.

ધનવાન શાહુકારે વાવણી ટાણે આ કણબીને હજાર રૂપિયા આપેલા. શરત એવી હતી કે છ મહિના પછી પાછા આપવા. આજ આઠ મહિના વીતી ગયા, પણ શાહુકારને એ રકમ પાછી મળી ન હતી. શાહુકારે ફરિયાદ કરી. કણબીને દરબારમાં હાજર કરાયો.

શાહુકારે કહ્યું, 'મહારાજ, આ કણબી પૈસા ઉછીના લઈ ગયો. પણ હવે એ પાછા આપતો નથી.'

કણબી બોલ્યો, 'મહારાજ, આજથી બે મહિના પહેલાં મેં એના

પૈસા ચૂકવી દીધા છે.'

શાહુકાર બોલી ઊઠ્યો, 'સાવ ખોટી વાત ! મને તો એક પાઈ પણ આપી નથી.'

મહારાજ ભીમદેવ બોલ્યા, 'તમે કંઈ લખત તો કરાવ્યું હશે ને?'

'હા મહારાજ, આ રહ્યું અમારું લખત.' એમ કહી શાહુકારે લખતનો કાગળ મહારાજ સામે ધર્યો.

મહારાજ ભીમદેવે વાંચ્યું, 'હું સૂરજ ભગવાનની સાખે કહું છું કે વાવણી વખતે તમારી પાસેથી હજાર રૂપિયા લીધા છે. એ રકમ એના વ્યાજ સાથે મારે છ મહિનામાં ચૂકવી દેવાની રહેશે. નહીં તો તમે કહેશો તે સજા હું ભોગવીશ.'

મહારાજને શાહુકારની વાત સાચી લાગી. દસ્તાવેજ પર રૂપિયા પાછા આપ્યા હોવાનું કોઈ નિશાન ન હતું. મહારાજ ભીમદેવને થયું કે નક્કી આ કણબી જૂઠું બોલે છે. એમણે કરડાકીથી પૂછ્યું,

'અલ્યા, કણબી, તું સાચું બોલે છે ને ?'

કણબીએ કહ્યું, 'મહારાજ, મારી ધરતીમાતાના સોગન ખાઈને કહું છું કે મેં આ શાહુકારના પૈસા વ્યાજ સાથે દૂધે ધોઈને પાછા આપ્યા છે.'

'પણ તો એનું કોઈ નિશાન હોય ને ? આમાં એવું ક્યાં છે ?'

ગરીબ કણબી દયામણા અવાજે બોલ્યો, 'મેં લીલી શાહીથી મોટી ચોકડી મારી હતી.'

'તો બતાવ આ કાગળમાં.' એમ કહી મહારાજે એની સામે કાગળ ધર્યો.

કણબીએ કાગળ જોયો, પણ ક્યાંય ચોકડી ન દેખાય ! આ શું? પોતે કરેલી ચોકડી ક્યાં ગુમ થઈ ગઈ ?

એની મૂંઝવણ પારખી જતાં મહારાજે કહ્યું, 'કણબી, તું ગુનેગાર છે, તને સજા થવી જોઈએ.'

પેલો કણબી ધરતી પર ફસડાઈ પડ્યો. પોકેપોક મૂકીને રડવા લાગ્યો. 'મહારાજ, મને બચાવો, બચાવો. તમારી ન્યાયની અદાલતમાં

એક નિર્દોષનું ખૂન રેડાશે. બચાવો.' આમ બોલતો-બોલતો છાતીફાટ રુદન કરવા લાગ્યો.

બધા વિમાસણમાં પડ્યા. એવામાં ડમરો યાદ આવ્યો. ભારે ચતુર આદમી. વળી એટલો જ મશ્કરો. હવે તો એ પાટણનો એક અમાત્ય બન્યો હતો. આજ એ કોઈ કામસર આવ્યો ન હતો. પણ એને તાબડતોબ બોલાવવામાં આવ્યો.

ટપ...ટપ...

સહુને ખબર પડી ગઈ કે ડમરો આવી રહ્યો છે. આ એની ચાખડીઓનો અવાજ એના આગમનની અગાઉથી ખબર આપી દે છે ! સાવ સાદો, કોઈને ભાગ્યે જ ખ્યાલ આવે કે આ રાજા ભીમદેવના દરબારની શાન સમો ડમરો હશે.

ડમરાભાઈ સભામાં પધાર્યા. માથે પાઘડી, ખભે ધોળો ખેસ અને કસીને બાંધેલું અંગરખું. એને માંડીને બધી વાત કરવામાં આવી. ડમરાએ કણબી પાસે લખત માગ્યું. એક વાર વાંચ્યું. પણ મળે શું ? ચારે ખૂણે જોયું. પણ કશુંય દેખાય નહીં. ફરી લખત વાંચ્યું. 'હું સૂરજ ભગવાનની સાખે કહું છું કે...' પણ આટલું વાંચતાંની સાથે એકદમ દરબારની બહાર દોડ્યો. દોડતાં-દોડતાં પાઘડી પડી ગઈ, પણ એ પાઘડી લેવા પણ ઊભો ન રહ્યો. કામ એટલે કામ, બીજી વાત નહીં..

થોડી વારે સભામાં પાછો આવ્યો, અને બોલ્યો, 'મહારાજ, કણબીને છોડી મૂકો. સજા આ શાહુકારને કરો !'

બધા આશ્ચર્યમાં પડી ગયા. ડમરાનું મગજ ચસકી ગયું છે કે શું ? શાહુકારને સજા કરવા માટે એની પાસે પુરાવો શો છે ?

ડમરાએ શાહુકારને કહ્યું, 'ભાઈ, ગરીબને હેરાન કરવા એમાં કંઈ ચતુરાઈ નથી. માટે સાચેસાચું બોલી જજે. આ કણબીએ તને પૈસા પાછા આપ્યા છે કે નહીં ?'

શાહુકાર મક્કમ રહ્યો, ના કહી.

ડમરાએ કહ્યું, 'મહારાજ, આનો ફેંસલો અહીં બેઠા ન થઈ શકે. આપણે દરબારની બહાર જવું પડશે.'



**ડમરાએ ભીમદેવને ચોકડી બતાવી**

કેટલાક દરબારીઓ અકળાયા. આ તે વળી કેવું તૂત ? દરબારમાં આવાં ટીખળ ન હોય !

આખીય રાજસભા ખુલ્લા મેદાનમાં આવી. રાજસિંહાસન ગોઠવાયું. રાજા ને દરબારીઓ આવ્યા. કણબી અને શાહુકાર હાજર થયા.

ડમરાએ લખત રજૂ કર્યું. એમાં શરૂઆતમાં 'સૂરજ ભગવાનની સાખે' એમ લખવામાં આવ્યું હતું. કોઈ પણ લખત લખતાં ભગવાનની આવી સાક્ષી મુકાતી. પણ ડમરાએ તો કાગળ સૂરજ સામે ધર્યો અને રાજાએ જોયું તો એ કાગળમાં એક ચોકડીની છાપ દેખાઈ.

શાહુકારની દશા કાપો તોય લોહી ન નીકળે તેવી થઈ ગઈ. એ મહારાજના પગમાં પડ્યો ને બોલ્યો,

'મહારાજ, મને માફ કરો. પૈસાના લોભે મેં આ બધું કર્યું. કણબીએ પૈસા પાછા આપી લખત પર શાહીથી ચોકડી કરી. મેં તરત એના પર ઝીણી ખાંડ ભભરાવી અને કાગળને કીડિયારા પાસે મૂકી દીધો. કીડીઓ પેલી ખાંડને લઈ ગઈ અને ચોકડી જતી રહી. પણ મહારાજ ! આ મારી ભૂલ થઈ. મને માફ કરો. હવે આવું કદી નહીં કરું.'

કણબી ડમરાના પગમાં પડ્યો ને બોલ્યો, 'તમે મને મરતો બચાવ્યો. તમારો પાડ હું કદી નહીં ભૂલું.'

ડમરાએ કહ્યું, 'ભાઈ, પાડ માનવાનો ભગવાનનો. બુદ્ધિના બે ઉપયોગ થાય. મારવા માટે ને તારવા માટે. જે બીજાને મારવા પોતાની ચતુરાઈ વાપરે એ કદી સુખી થતો નથી.'

શાહુકારને સજા થઈ. કણબી નિર્દોષ છૂટ્યો. એ તો નાચતો-કૂદતો ડમરાનો પાડ માનતો દોડ્યો પોતાના ખેતર ભણી.

મહારાજ ભીમદેવ ડમરા પર ખુશ થયા, એની ચતુરાઈ પર આફરીન પોકારી ગયા.

❑

# હું ગુજરાતી !

## [૯]

આ વખતે ગુજરાતને અડીને માળવાનું રાજ હતું. રાંકનો માળવો એવું એનું બિરુદ હતું.

ઢોર રાખનારા માલધારી અને રબારી-ભરવાડો વરસાદ ઓછો વરસે, નીરણ ઓછું પાકે એટલે માળવા તરફ ચાલ્યા જતા ને દુકાળ વિતાવી દેતા, એટલે રાંકનો માળવો કહેવાતો.

માળવાનો રાજા નામે ભોજ. ભોજ એટલે ભોજ. એના જેવો પંડિત કોઈ નહીં. એના જેવો પરાક્રમી કોઈ નહીં.

ધારાનગરી એની પાટનગરી. મહાન વિદ્વાનો એના 'કાંચનસભા' નામના દરબારમાં બેસે. ભોજનો દરબાર એટલે વાત પૂછો મા. અહીં વિદ્વાનો, કવિઓ, રાજપુરુષો, નાટ્યાચાર્યો, સંગીતકારો, શિલ્પીઓ ને સાહિત્યકારો બેસતા. અહીં બેસવું એ એક ગૌરવની વાત ગણાતી.

એક વાર ગુજરાતમાં દુકાળ પડ્યો. લોકો માળવા તરફ ચાલ્યા. ત્યાં જઈને ઢોર ચારતાં-ચારતાં તરેહ તરેહની વાતો કરવા લાગ્યા. ગુજરાતના રહેનારાઓને ગુજરાત પર પ્રેમ. એના સંસ્કાર પર પ્રેમ, એનાં તીર્થ, સાવજ ને સતીઓ માટે માન !

ગુજરાતના લોકો વાત કરે કે અમારે ત્યાં આબુ-દેલવાડાનાં દેરાં બંધાય છે ! એવાં બંધાય છે કે થયાં નથી ને થશે નહીં ! રે ! મજૂરીમાં આરસના ભૂકા બરાબર રૂપું અપાય છે.

એ કહેતા, અમારે ત્યાં પ્રભાસને કાંઠે સોમનાથ મહાદેવ છે. ભારે

જબરું તીર્થ છે. ત્યાંથી સાડા સાતસો યોજન દૂર ગંગા નદી છે. ત્યાંથી રોજ ગંગાજળની એક કાવડ આવે છે. એનાથી ભગવાનને અભિષેક થાય છે. પાસે ભાલકા તીર્થ છે. ભગવાન કૃષ્ણચંદ્ર ત્યાં નિર્વાણ પામ્યા હતા.

ગુજરાતના ગૌરવની વાત કરતાં રંગમાં આવી જતા ને એ કહેતા, 'અમારે ત્યાં સાધુ શીલગુણસૂરિ થયા, વનરાજને એમણે ઉછેર્યો, તૈયાર કર્યો ને કહ્યું, 'બેટા, રાજા થનારે પહેલાં મુનિ થવાની જરૂર છે. મુનિને કોઈ વાતમાં મોહ ન હોય, એને માથે ફક્ત ફરજ હોય. રાજા પણ એવો હોય.'

માળવાની પ્રજા આ સાંભળે. ધારાનગરીના ગુજરાતની વાતો થાય. રાજા ભોજના કાને પણ વખાણ પહોંચ્યાં ! રાજા ભોજ જેવો બળવાન એવો વિદ્વાન ! એ કહે કે ગુજરાતીઓ ભણવા-ગણવામાં શું સમજે ? પંડિતો તો માળવાના અને બહાદુરો પણ માળવાના. કદાચ એ આપણી સાથે મુકાબલો કરવા ચાહતા હોય, તોય એમનું ગજું નહીં!

વારુ ! કરીએ ગમ્મત ! પહેલાં વાગ્યુદ્ધમાં ગુજરાતને ઝાંખું પાડો!

રાજા ભોજે એક શ્લોક લખ્યો અને ગુજરાતના રાજાને મોકલ્યો. એનો અર્થ એ હતો કે, 'રે ગુજરાતના રાજા ! કેસરી સિંહને તેં જોયો નહીં હોય ! એ કેસરી સિંહ એક પંજાથી મોટા ગજેન્દ્ર (હાથી)ના ગંડસ્થળ ચીરી નાખે છે ! એ ગરીબડાં ગુજરાતી હરણાં સામે શું લડે ? બિચારો ભીમ! ભોજરાજા જેવા કેસરી સિંહ સામે એ ભીમ ગજ પણ નથી અને રજ પણ નથી. એના શાકાહારી વાણિયા પ્રધાનો મૃગલાનો બીજો અવતાર છે. મારી કૃપાએ તારા રાજનું અસ્તિત્વ છે. ને આપણી સંધિ એ તારા રાજની જીવાદોરી છે.'

પાટણના દરબારમાં આ સંદેશો પહોંચ્યો. શબ્દો તલનારના ઘા કરતાં આકરા હતા. ભીમદેવના દરબારમાં એક જૈન આચાર્ય હતા. નામ ગોવિંદસૂરિ ! એમણે એનો તરત ને તરત જવાબ લખ્યો.

'હે અંધક યાદવકુળના નબીરા ભોજ ! તારા અંધક કુળમાં ધૃતરાષ્ટ્ર અંધ થઈ ગયો. એને સો પુત્રો હતા. તેઓ કૌરવ કહેવાતા.

એ સોને હણનારો એકમાત્ર ભીમ હતો ! એવો આ ગુજરાતનો ભીમ રાજા છે ! તું પારકી આંખે દેખે છે. પોથીપંડિતો તને ચડાવે તેમ ચડે છે. ખરેખર તારું જ્ઞાનનેત્ર ફૂટી ગયું છે. જેથી તને તારા બળનો ખ્યાલ નથી. ભીમની તાકાતનો પરચો નથી.'

તીખાં તમતમતાં મરચાં જેવો જવાબ !

રાજા ભોજે વાંચ્યો. એના પંડિતોએ વાંચ્યો. એના સેનાપતિઓએ વાંચ્યો. તેઓએ કહ્યું, 'ગુજરાતીઓ ખોટા અભિમાની છે. એમના દેશમાં દુકાળ છે. ચડાઈ કરો.'

તરત એક દૂત સાથે ભીમદેવને કહેવરાવ્યું કે તૈયાર થઈ જાઓ. અમે લડવા માગીએ છીએ.

દે ધનાધન ! નગારે ઘાવ દીધો.

ગુજરાતમાં પણ લડાઈની તૈયારીઓ ચાલી. લોકો શસ્ત્રસજ્જ બની ગયા. પણ અંદરની હાલત જુદી હતી. ગુજરાતમાં દુકાળ હતો. ઘાસચારો નહોતો. અનાજ પણ નહોતું.

થોડા વખત પહેલાં મહમદ ગિઝની થોડી લૂંટફાટ ચલાવીને ગયો હતો. ગુજરાત હજી બેઠું થયું નહોતું. ગુજરાતને એની સમૃદ્ધિ ફરી ખડી કરવી હતી. ત્યાં દુકાળ પડ્યો. પેટમાં ખાડો હોય અને લડાઈ કેમ થાય?

ગુજરાતની રાજસભા એકઠી થઈ. બધા વિચાર કરવા લાગ્યા કે એવા કોઈ એલચીને માળવા મોકલવો, જે લડાઈ લંબાવે ! સહુએ દામોદર મહેતાનું નામ પસંદ કર્યું.

દામોદર મહેતો પણ જોવા જેવો. નાનો, નાટો, ઠિંગણો, સહેજ શ્યામ ને કંઈ રોફવાળો નહીં. પણ બુદ્ધિ એના બાપની. ગમે એવી મુશ્કેલીમાંથી માર્ગ કાઢે.

સહુએ કહ્યું કે આપણા એલચી તરીકે ડાહ્યા ડમરાને મોકલો.

અમાત્ય જેવું શાંતિનું પદ છોડી ડમરો દેશને ખાતર એલચી બન્યો. પોતાનાં માનપાન પછી, ગુજરાતની શાન પહેલી.

રાજા ભીમદેવે કાગળ પર રાજની મહોર મારી સહી-સિક્કા કર્યા. ડાહ્યો ડમરો વિદાય થયો.

પ્રજાએ કહ્યું કે દેશનું નામ રોશન કરજે, વગર લડાઈએ માળવાને જીતજે, લડવું પડે તો સહેલાઈથી જીત મળે એમ કરજે.

ડાહ્યો ડમરો રવાના થયો, પણ ગુજરાતના રાજાને ચેન પડે નહીં. એણે દોડતે ઘોડે માણસ મોકલ્યો. કહેવડાવ્યું કે મળી જાય !

ડાહ્યો ડમરો રાજનો સેવક હતો. એ પાછો આવ્યો.

રાજાએ કહ્યું, 'જોજે બોલવામાં કે ચાલવામાં સહેજે ગફલત થઈ જાય નહીં. બાણું લાખનો માળવો કહેવાય છે.'

ને ડાહ્યો ડમરો વિદાય થયો. બે એક ગાઉ ગયો હશે, ત્યાં રાજા ભીમદેવનો સંદેશો આવ્યો. ડાહ્યા ડમરાએ વળી પાછું ફરવું પડ્યું.

રાજા ભીમદેવે વળી એકાંતમાં લઈ જઈને કહ્યું, 'જો બની શકે તો - લડાઈમાં હું અને ભોજ લડીએ. બેમાં જે હારે એનો દેશ હાર્યો. જે જીતે એનો દેશ જીત્યો.'

દામોદર મહેતા હસ્યો. એણે કહ્યું, 'સારું. લડવાની વાત તો દૂર છે. હજુ તો મારે ભેજું લડાવવાનું છે.'

ડાહ્યો ડમરો વિદાય થયો. મોડું થયું હતું. રાત પડવા આવી હતી. પાંચેક કોસ પર પડાવ નાખ્યો. સવારમાં વહેલા આગળ વધવું હતું. સહુ વહેલા-વહેલા પથારીમાં પડ્યા. એટલી વારમાં રાજા ભીમદેવનો દૂત આવ્યો. દોડતે-દોડતે ઘોડે આવ્યો. આડા પડેલા ડાહ્યા ડમરાને ઉઠાડ્યો ને કહ્યું, 'મહારાજ ભીમદેવ તમને હમણાં ને હમણાં યાદ કરે છે.'

ડાહ્યો ડમરો મનમાં નારાજ થયો. પણ ધણીનો ધણી કોણ ? એ તરત ઘોડે ચડ્યો ને મહારાજ ભીમદેવની સેવામાં હાજર થયો.

રાજા ભીમદેવે કહ્યું, 'માળવાની માલણો વખણાય છે. ત્યાંનાં ફૂલ વખણાય છે. ત્યાંની મહેંદીનો રંગ અજબ હોય છે. પાછા વળો ત્યારે એ લેતા આવજો. મારે ગુજરાતમાં નમૂનેદાર બાગ બનાવવો છે.'

'મહારાજ, આપે મને આટલા માટે બોલાવ્યો હતો ?'

'ના, ના, જે વાત કહેવાની છે, એ તો હજી બાકી છે. જુઓ ! તમે ગુજરાતના એલચી તરીકે જાઓ છો. બહુ જોરથી ન બોલવું, બહુ ધીરે પણ ન બોલવું, વળી ત્યાંના લોકો શાક-દાળમાં તેલનો વઘાર

કરતા નથી. અને દાળમાં ગોળ નાખતા નથી.'

ડાહ્યો ડમરો કંટાળ્યો. એણે ખેસ ખંખેર્યો ને કહ્યું, 'શેઠની શિખામણ ઝાંપા સુધી, મહારાજ, એ તો જેવો રોગ એવી દવા.'

ને ડાહ્યો ડમરો ચાલી નીકળ્યો. વળી ઝાંપા સુધી ગયો ને ભીમદેવે પાછો બોલાવ્યો ને કહ્યું, 'લે આ સંદેશો ! ભોજરાજાને આપજે.'

ડાહ્યો ડમરો કંઈ બોલ્યા વગર મોઢું ચઢાવીને નીકળતાં બોલ્યો, 'રાજના મામલા ગંભીર હોય છે. આવો રમતચાળો કરો એ સારું નહીં.'

ભોળા રાજા ભીમદેવને ખોટું લાગ્યું. ડમરો અભિમાની છે. શું કૂકડો હશે તો વહાણું વાશે ? તરત માલવપતિ ભોજદેવને બીજો સંદેશો મોકલ્યો :

'અમારો એલચી દામોદર ત્યાં આવે છે. અમારા કહ્યામાં નથી. માથું ઉતારી લેજો.'

ડમરો તો દિવસે ન ચાલે એટલું રાતે ચાલે અને રાતે ન ચાલે એટલું દિવસે ચાલે.

એમ દડમજલ કૂચ કરતો ધારાનગરીના દરવાજે આવી પહોંચ્યો.

❑

ધારાનગરીનો કિલ્લો તો આભને અડે. પરદેશનું પંખી પણ રજા સિવાય અંદર દાખલ થઈ શકે નહીં. દરવાજે સિપાઈઓ ખુલ્લી તલવારે પહેરો ભરે. આવી સાત થરી ચોકી. એકમાંથી ગમે તેમ કરીને આગળ વધે, તો બીજે પકડાઈ જાય. બીજેથી આગળ વધે તો ત્રીજે. એમ સાતમી ચોકી સુધીમાં તો ભલભલા બાવડે ઝલાઈ જાય ને લોઢાની સાંકળે બંધાઈ જાય.

માલવપતિ ભોજ આજે દરવાજે ખડો છે. એના હાથમાં એક લખોટો છે. ગુજરાતના રાજાનો એ લખેલો છે. એક વાર વાંચ્યો, બે વાર વાંચ્યો ને પછી પ્રધાન બુદ્ધિસાગરને વાત કરી :

'રાજ્યની કાયદાપોથીમાં એલચીને અવધ્ય કહ્યો છે. એને મરાય નહીં. અને ગુજરાતનો રાજા ભીમદેવ કહે છે કે મારો મંત્રી ડમરો-દામોદર ત્યાં આવે છે. એને દેખતાં જ ગરદને મારજો. મારી નાખીને

પણ એલચીને ઈજા કરીએ તોય આબરૂ જાય.’

મંત્રી બુદ્ધિસાગર કહે, ‘અવન્તિનાથ, તેલ જુઓ, તેલની ધાર જુઓ. એને આવવા તો દો. જીવે કે મરે, આપણે તો હિંગ અને ફટકડી.’

‘એક રાજાએ સામાન્ય રીતે બીજા રાજાના ગુનેગારને પકડવો જોઈએ. લડાઈની વાત જુદી. લડાઈ પહેલાંની વાત જુદી. આવવા દો. ઝાઝેરાં માનપાન દઈશું. પછી એના રાજાનો કાગળ બતાવીશું ને પછી ખુલાસો માગીશું. ખુલાસો બરાબર નહીં હોય તો તરત જ ડોકું ધડથી અલગ કરશું. ખરાબ દેખાશે તો ભીમનું ગણાશે.’

ત્યાં તો દામોદર મહેતો દરવાજામાં પેઠો. સામે માલવપતિ ભોજને જોયો. પ્રણામ કરીને પોતાના રાજાનો કાગળ ધર્યો. એમાં ગુજરાતના એલચી તરીકે દામોદર આવે છે, એવી વાત લખી હતી.

રાજા ભોજે કંઈ કહ્યું નહીં. સામે પોતાના ઉપરનો કાગળ ધર્યો એમાં લખ્યું હતું કે, ‘દેખો ત્યાં દામોદરને ઠાર મારો.’

દામોદરે કાગળ વાંચ્યો. વાંચીને એ લેશ પણ વિચારમાં પડ્યો નહીં. મોં મલકાવ્યું ને બોલ્યો, ‘અવન્તિનાથ ! હુકમનો અમલ કરો. અબી ને અબી મારું મસ્તક ધડથી અલગ કરો. આપના મુબારક હાથે એ માન મળે એવી મારી ઇચ્છા છે.’

રાજા ભોજ વિચારમાં પડી ગયો. કોઈને જીવવાની ફિકર હોય, આ દામોદરને તો મરવાની ઉતાવળ છે ! નક્કી એમાં કાંઈક ભેદ હશે.

રાજા ભોજે કહ્યું, ‘અલ્યા, તને મરતાં દુઃખ નથી ? તારાં ઘરબારની, પરિવારની ચિંતા થતી નથી ?’

દામોદર કહે, ‘હજૂર, અમે ગુજરાતીઓ દેશ માટે મરવા ગાંડા છીએ. ને દેશની વાત આવે ત્યાં ઘરબાર પણ યાદ આવે નહીં. વળી મરવું એટલે મરવું. જીવવા માટે વડના પાંદડા પર અમે લોહીના લેખ લખીએ નહીં.’

દામોદરે છેલ્લું વાક્ય રાજા ભોજને લગતું કહ્યું. વાત એવી હતી કે રાજા ભોજ નાનો હતો. એનો કાકો મુંજ રાજ્ય ચલાવતો હતો.

મુંજની ઇચ્છા ભોજનું કાસળ કાઢવાની હતી. એક વાર મારાઓને સોંપી દીધો ને કહ્યું કે જાઓ, વનમાં જઈને હણી નાખો !

મારાઓ ભોજને મારવા તૈયાર થયા, ત્યારે ભોજે કહ્યું, 'આ વડના પાંદડા પર સંદેશ લખી આપું છું. રાજા મુંજને વંચાવજો.'

મારાઓને આ છોકરો વહાલો લાગ્યો. રાજા, વાજાં ને વાંદરા સરખા હોય. ઘડીકમાં આમ કહે, ઘડીકમાં તેમ કહે. મારાઓએ ભોજને માર્યો નહીં. સંતાડી દીધો. એ સંદેશો વાંચી મુંજનું મન પલળી ગયું. ભોજને પાછો બોલાવ્યો. પાંદડા પરના સંદેશની વાત આમ હતી.

રાજા ભોજને બાળપણનો એ કિસ્સો યાદ આવ્યો. થોડી વાર વિચાર કરી પછી બોલ્યો, 'દામોદર ! મને એક વાત કહીશ ?'

'જરૂર. મરતો માણસ કદી જૂઠું બોલે નહીં.'

'તારો વાંકગુનો શો છે ?'

'ન કોઈ વાંક, ન કંઈ ગુનો.'

'તો આવી સજા કેમ કરી ?'

'હજૂર, ગુજરાતના ભલા માટે ગુજરાતીઓ પ્રાણ આપે છે. હું ગુજરાતી છું.'

'તું મરીશ એમાં ગુજરાતનું શું ભલું થશે, બલ્કે એક વીર ને ડાહ્યો ગુજરાતી ઓછો થશે.' ભોજે કહ્યું.

'હજૂર ! કોઈ વસ્તુ ઓછી થાય પછી આમ તો એમાંથી વત્તી થાય છે. કણમાંથી મણ થાય છે તે તો આપ જાણો છો.'

'તું ભારે ઉસ્તાદ છે. આ વાત મને સમજાવ.'

'અવન્તિનાથ ! આપ એકાન્તે પધારો. બધીય વાત કહીશ. મરનાર જૂઠું બોલે નહીં. મંત્રીશ્વર બુદ્ધિસાગર પણ ભલે આવે.'

માળવાનો રાજા અને દીવાન બુદ્ધિસાગર દામોદરને લઈને એક ઓરડામાં ગયા. દામોદરે કહ્યું, 'અવન્તિનાથ ! મહાસતી સીતાની વાત યાદ છે ને ? ઋષિઓ રાવણની હદમાં તપ કરે. રાવણે કર માગ્યો. ઋષિઓ નારાજ થયા. તેઓએ પોતાની ટચલી આંગળી વધેરી લોહી

કાઢ્યું. એ વડે ઘડો ભરીને રાવણને આપ્યો. રાવણ ડર્યો. સહુએ કહ્યું કે તારું નિકંદન નીકળશે. ઘડો બીજા રાજાની હદમાં દાટી દે. રાવણે જનક રાજાની હદમાં ઘડો દાટ્યો. એમાંથી સીતાજી જન્મ્યાં. સીતાજીના કારણે રાવણનો નાશ થયો.'

દામોદર તો જાણે માણભટ્ટ બની ગયો હતો ને કથા કહેવા માંડ્યો હતો.

પ્રધાન બુદ્ધિસાગર કહે, 'દામોદર મહેતા ! તમે શું અમને રામાયણ સંભળાવો છો ?'

'માફ કરજો મહાશયો ! આ તો દૃષ્ટાંત આપીને વાત સમજાવવાની મારી રીત છે. વાત એવી છે કે હું જરા ભારેપગો છું. મારા બાપ રાજજ્યોતિષી છે. એમણે મારું જોષ જોયું હતું અને ગુજરાતના રાજાને કહ્યું હતું કે આ દામોદરનું જ્યાં લોહી પડશે, ત્યાં નિકંદન નીકળશે. કોઈ રાજા સબળો થાય, તમને ખોટી રીતે હેરાન કરવા માગે તો એ દેશમાં દામોદરનું લોહી વહેરાવજો.'

ડમરો વાત કરતાં થોભ્યો. રાજા ભોજ એના તરફ આશ્ચર્યથી જોઈ રહ્યા. અજબગજબનો છે આ અઢીહથ્થો !

ડમરો બોલ્યો, 'અવન્તિનાથ ! આપે ગુજરાતને ખોટી રીતે હેરાન કરવા માંડ્યું છે. હવે મારે અહીં મરવું છે. હું એક મરીશ. ત્યાં લાખો જીવશે.'

રાજા ભોજ કહે, 'ગાંડો હોય એ તને આંગળી અડાડે.'

દામોદર કહે, 'મહારાજ ! જુઓ, વચન આપી વાત જાણી. હવે મને ધક્કો ન દેશો. મારી ગરદન તૈયાર છે. તલવાર ચલાવો. જય સોમનાથ !'

દામોદર ગરદન નમાવીને ખડો રહ્યો. પણ તલવાર ચલાવે કોણ ? ભોજ રાજા કહે, 'દામોદર ! ધન્ય છે તને. દેશ માટે મરવાને જેણે જાણ્યું તે લાખેણો પુરુષ કહેવાય. હું ગુજરાતની ઇજ્જત કરું છું. ગુજરાતીઓની માભોમ માટેની ભક્તિને વખાણું છું.'

'મહારાજ, ઇજ્જત ઓઢાતી નથી કે પહેરાતી નથી. વખાણથી



**ડમરાએ કહ્યું, 'અવંતિનાથ, અબી ને અબી**
**મારું મસ્તક ધડથી અલગ કરો, '**

પેટ ભરાતાં નથી. કાં તો મને ગરદન મારો, કાં હું માગું તે આપો !'

'ડાહ્યા દામોદર ! હું પ્રસન્ન છું. માગે તે આપું.'

'ત્રણ વર્ષ સુધી ગુજરાત સાથે સંધિનું વચન આપો.'

'વચન આપ્યું, ડાહ્યા દામોદર. બપોરે રાજસભામાં આવજે. અત્યારે માળવાની મહાન માલણ ચંપાને ત્યાં જા, ને ઉતારો કર.'

રાજા ભોજ ને મંત્રી બુદ્ધિસાગર પાછા ફર્યા.

માલણ ચંપાને તરત ખબર પહોંચી. એ ડાહ્યા દામોદરને સામે પગલે લેવા આવી. ચંપા માલણ તો માલણ જ ! શો ઠાઠ, શું રૂપ ! શો ઠસ્સો ! શી ચતુરાઈ !

ચંપા માલણ ચતુર હતી. દામોદર એનાથી સવાયો ચતુર હતો.

દામોદરે વાતચીતમાં ને કવિત્વમાં એને ખુશખુશ કરી દીધી.

ચંપા માલણ મેંદીના રંગમાં જાણે, હાથ, પગ કે હડપચી પર મેંદીથી એવી આકૃતિઓ કાઢે કે ભલભલો ચિત્રકાર પાણી ભરે !

ચંપા માલણ ગુજરાતનાં વખાણ સાંભળીને ખુશ ખુશ થઈ ગઈ. એ કહે, 'તું ગુજરાતણોનાં બહુ વખાણ કરે છે, તો મારે એ જોવી છે.'

દામોદર કહે, 'ચંદનની ડાળ જો ને ગુજરાતણ જો, બંને સરખી. બાગમાં કોકિલા જો ને ગરબે ઘૂમતી ગુજરાતણ જો. બંને સરખી ! લક્ષ્મીની મૂર્તિ જો અને ગુજરાતની સ્ત્રીને જો. બંને સરખી.'

ચંપા માલણ કહે, 'હું ચોક્કસ તારી સાથે આવીશ.'

દામોદર કહે, 'નકામા માણસોને ગુજરાતમાં પ્રવેશ મળતો નથી. તને એક કામ સોંપું. તું મેંદી લગાડવામાં કુશળ છે. ગુજરાતની સ્ત્રીઓ સુંદર છે. એમને મેંદીની વિશેષ કલાકારી શીખવજે.'

ચંપા માલણ તો રાજી થઈ ગઈ. એને ગુજરાતની વાતો સાંભળી ઘેલું લાગ્યું હતું. ડમરો થોડો સમય માળવામાં રહ્યો. પછી વહાલું વતન યાદ આવ્યું.

એ ગુજરાતમાં પાછો ફર્યો. સાથે ચંપા માલણને પણ લાવ્યો. ગુજરાતણો સાથે એનો પરિચય કરાવ્યો. સહુ સાથે મળીને ગાવા લાગ્યા -

**'મેંદી તો વાવી માળવે,**
**એનો રંગ ગયો ગુજરાત**
**મેંદી રંગ લાગ્યો.'**

ડમરાને હેમખેમ આવેલો જોઈ ભીમદેવ આનંદ પામ્યા. એમને એમના ઉતાવળિયા સ્વભાવ પર ખેદ થયો. ગુસ્સામાં અકળાઈને ડમરાને મારવાનું લખી નાખ્યું હતું.

ભીમદેવે એને ખૂબ માનપાન આપ્યું. અવંતિ સાથે સંધિ કરાવી લાવવા માટે ભરદરબારમાં ડમરાનાં ખૂબ ગુણગાન ગાયાં.

❑

# એલચીઓના પ્રકાર

## [૧૦]

ગુજરાતનો એલચી ડાહ્યો ડમરો હવે વધુ વખત અવંતિમાં રહે છે.

ધીરેધીરે આખી નગરીમાં એ બુદ્ધિનો ધણી થઈ બેઠો. અક્કલનો ખજાનો ગણાવા લાગ્યો.

કંઈક મૂંઝવણ થાય કે માળવાના લોકો આ ગુજરાતી ડાહ્યા ડમરા પાસે દોડે. કંઈક ગૂંચ ઊભી થાય કે ડમરાને તેડું આવે.

પૃથ્વીમાં બધે પાણીની પરબ હોય. અવંતિમાં વિદ્યાની પરબો જોવા મળે. ક્યાંક ન્યાયનો અભ્યાસ થતો હોય. ક્યાંક કાવ્યનો થતો હોય. ક્યાંક અલંકારશાસ્ત્ર શિખવાડાય તો ક્યાંક રસશાસ્ત્ર શીખવાતું.

દેશ-પરદેશથી આવેલા વિદ્યાર્થીઓ પંડિતોના ઘરના ફળિયામાં ટિંગાડેલા પાંજરા પાસે બેસી, એમાં બેઠેલાં મેના-પોપટની વાણીમાંથી માલવપંડિતોની સંસ્કૃત બોલવાની ઢબ શીખે.

ભોજરાજાની પ્રસિદ્ધ 'કાંચનસભા'માં દેશદેશનાં રત્નો એકઠાં થતાં, પણ હવે એ કાંચનસભા ડાહ્યા ડમરાના ટુચકા વગર ઝાંખી લાગવા માંડી. એ રોજ નવીનવી વાતો કાઢે ને નવીનવી કહાણીઓ કહે. ટુચકાઓનો તો એની પાસે પાર નહીં. હાજરજવાબી તો દામોદરની.

ઘણા લોકો ડમરાની ચડતી જોઈ પેટમાં બળવા લાગ્યા. એને હલકો પાડવા માટે ભોજના દરબારીઓ મહેનત કરવા લાગ્યા.

દામોદર મહેતા દેખાવે સાવ સાદો લાગે. બહુ જ નમ્રતાથી વાત કરે અને બીજાની વાત સાંભળે. એનું કદ સાવ નાનું અને સહેજ કદરૂપો પણ લાગે. આથી એક દિવસ ભોજના એક દરબારીએ એની મજાક ઉડાવવા પૂછ્યું,

'મહેતા, ગુજરાતના રાજા પાસે તમારા જેવા કેટલા કદરૂપા પ્રધાનો છે ?'

દામોદર મહેતાએ જવાબ વાળ્યો. 'એમની પાસે મારા જેવા પણ ઘણા છે ને દેખાવડા પણ ઘણા છે. વળી ન કદરૂપા ને ન રૂપાળા એવા પણ મંત્રીઓ છે.'

ભોજનો દરબારી બોલ્યો, 'તો તમારા જેવાને જ અહીં એલચી તરીકે પસંદ કરીને કેમ મોકલ્યા ?'

ડમરો એની વાત પારખી ગયો. એ બોલ્યો, 'અમે એલચીઓના પ્રકાર પાડ્યા છે. ઉત્તમ, મધ્યમ અને અધમ. જેવું રાજ્ય હોય એવો એલચી મોકલાય. સમજ્યા ને મહાશય ?'

પેલો ભોજનો દરબારી શું કહે ? એની દશા તો કાપો તોય લોહી ન નીકળે એવી થઈ.

❑

# દૂધ પીધું પ્રમાણ

## [૧૧]

પણ ગુજરાતનું માળવામાં માન વધારનાર ડાહ્યા ડમરાની હાલત ગુજરાતમાં જુદી હતી. એક વીર તરીકે ભીમદેવ આખા ભારતવર્ષમાં પંકાય. એના જેવો બાણાવળી તો કોઈ મળે નહીં.

ભીમદેવને સહુ ભોળો ભીમદેવ કહે. સહેજ કાચા કાનનો. કોઈ ચઢાવે તો ચઢી જાય. ભીમદેવના કેટલાક દરબારીઓને ડમરા પર ભારે દાઝ. ડમરાની ચતુરાઈ આગળ એમની બધી મહેનત પાણીમાં જતી. ભીમદેવને હંમેશાં ડમરાના વિરોધમાં ખોટી ભંભેરણી કરે અને ભીમદેવ ભોળો હોવાથી એ માની પણ લે.

એક વાર દરબારીઓએ ભીમદેવને કહ્યું, 'મહારાજ ! આ ડમરાને એની બુદ્ધિનું ગુમાન ચડ્યું છે. એને એમ થયું કે બુદ્ધિ તો એના બાપની, બાકીના બધા પાણી ભરે.'

બીજો દરબારી બોલી ઊઠ્યો, 'મહારાજ ! એના આવા ગુમાનને ઉતારવું જોઈએ. એ તો પોતાને બીજો પાટણપતિ માની બેઠો છે.'

'એ તો ઠીક, અહીં એની આવડત ચાલે, પણ ભોજની રાજસભામાં તો એની સહુ ઠેકડી ઉડાવે છે.' ત્રીજાએ તક ઝડપતાં કહ્યું. ભોળા ભીમદેવે ડમરાનું ગુમાન ઉતારવાનો નિશ્ચય કર્યો. દ્વેષી દરબારીઓએ રાજાને એનું ગુમાન ઉતારવાની રીત પણ બતાવી. એમણે કહ્યું કે એક દાબડામાં રાખ ભરીને રાજા ભોજને ભેટ તરીકે મોકલાવો. પછી જુઓ

એ કેવી બુદ્ધિ ચલાવે છે ? ભોજના દરબારમાં થોડો મેથીપાક ખાશે એટલે એનું અભિમાન ઊતરી જશે.

મહારાજ ભીમદેવે ડમરાને બોલાવ્યો અને રાજા ભોજને પોતાની વતી આ દાબડો ભેટ આપવા જણાવ્યું. કીમતી ભેટ હોવાથી રસ્તામાં એને ખોલવાની ના કહી. એ જુએ નહીં, તેનું ધ્યાન રાખવા માટે વળી પાછા સૈનિકો મૂક્યા. ડમરો અવંતિનગરીમાં આવ્યો. મહારાજ ભીમદેવની ભેટ લઈ એ ભોજ રાજાની મહાન 'કાંચનસભા'માં દાખલ થયો.

ભોજ રાજાએ ડમરાનો સત્કાર કર્યો. એનેય ખબર હતી કે ડમરા જેવો ચતુર માનવી મળી જાય તો પોતાનો દરબાર શોભી ઊઠે. એણે કહ્યું, 'પધારો ! દામોદર મહેતા ! પધારો !'

ડમરાએ મહારાજ ભોજને નમસ્કાર કર્યા અને ચંદનનો દાબડો બહાર કાઢ્યો. એમાં સોનાનું જડતર હતું. ભીમદેવની એ ભેટ દામોદરે ભોજદેવને ચરણે ધરી. આખી સભાને અચરજ થયું કે અરે ! આમાં હશે શું ? હીરા હશે કે માણેક હશે ? મંત્રી બુદ્ધિસાગરે દાબડો ખોલ્યો. જોયું તો રાખ ! દાબડો ખોલતાં મોં પર ઊડી.

આખી સભા ખળભળી ઊઠી. વયોવૃદ્ધ કવિ ધનપાલ બોલી ઊઠ્યા, 'પાટણપતિને મદ ચડ્યો લાગે છે, મહારાજ !'

સેનાપતિ કુલચંદ્ર બોલ્યો, 'ના, ના, કવિરાજ ! રાખ થનારા પાટણની આ નિશાની છે. મહારાજ ભીમદેવે અવંતિનાથને પાટણના નાશ માટે સામેથી આમંત્રણ આપ્યું છે. મહારાજ ચાલો વધાવી લઈએ.'

એક ઘડી તો ડમરો અચરજમાં ડૂબી ગયો. અરે ! કોઈ રાજા બીજા રાજાને રાખની ભેટ મોકલે નહીં. નક્કી આ દરબારીઓનું કાવતરું છે. મહારાજ ભીમદેવને જરૂર કોઈએ ચઢાવ્યા છે. આ તો મારું કાસળ કાઢવાની જ તરકીબ ! પણ ડમરો કોનું નામ ? એ તરત કડવો ઘૂંટડો પી ગયો અને હસતો-હસતો બોલ્યો : 'મહારાજ, સેનાપતિ કુલચંદ્ર પાટણ ભાંગતાં પહેલાં એના સંધિવિગ્રહિકને બોલવાની તક આપશે ને?'

'જરૂર, જરૂર, કહો દામોદર મહેતા. તમારું શું કહેવું છે ?' ભોજ

રાજાએ કહ્યું.

દામોદરે ધીમેથી વાત શરૂ કરી, 'હે અવંતિનાથ ! અમારે ત્યાં ભગવાન સોમનાથ બિરાજે છે. એની તો વાત શી કરવી ? ભગવાન સોમેશ્વરનું જમીનની બહાર પાંચ ફૂટ રહેલું લિંગ એ આખું ભારતવર્ષનું સૌથી મોટું જ્યોતિર્લિંગ છે. એના ગર્ભગૃહમાં રાતદિવસ રત્નજડિત દીપમાળાઓ બળે છે. સભામંડપના થાંભલામાં કીમતી રત્નો જડેલાં છે. ઝવેરાતનો તો કંઈ પાર નથી. બસો મણ વજનની સોનાની સાંકળો પર ઘંટ ટિંગાડેલા છે. ગ્રહણને સમયે લાખથીય વધુ યાત્રાળુઓ અહીં સ્નાન માટે એકઠા થાય છે. મરણ પછી અસ્થિઓ પધરાવવા સહુ અહીં આવે છે. હજારો વિદ્વાનો અહીં મંત્રોચ્ચાર કરે છે. સેંકડો બ્રાહ્મણો સોમેશ્વર દેવની પૂજામાં રોકાયેલા છે.'

સેનાપતિ કુલચંદ્રને અકળામણ થવા લાગી. એ બોલ્યો, 'મહેતાજી, આવી આડીઅવળી વાત છોડો. ગમે તે કહેશો, પણ તમે હવે છટકી શકો તેમ નથી.'

ડમરાએ તો એની વાત પર સહેજ પણ ધ્યાન ન આપતાં આગળ ચલાવ્યું: 'મહારાજ, પાટણપતિની અને મારી ઇચ્છા એવી છે કે એક વાર આપ ભગવાન સોમનાથનાં દર્શને આવો. પણ હમણાં એ કાંઈ બની શકે તેમ નથી.'

'હવે તો અમે પાટણ ભાંગીને જ ભગવાન સોમનાથનાં દર્શન કરીશું. આ અપમાન કદી સહન થશે નહીં.' વચ્ચે જ એક દરબારી બોલી ઊઠ્યો.

ડમરો તો એ સાંભળે તો ને ! એણે આગળ ચલાવ્યું. 'ભીમદેવ મહારાજ લાંબા સમયથી એક મહાન યજ્ઞ કરાવતા હતા. એમાં ચંદનનાં કાષ્ઠ, ઘી અને અન્ય પદાર્થો હોમવામાં આવ્યાં. લાંબા યજ્ઞને અંતે એમાંથી મહાકલ્યાણક ભસ્મ મળી. માત્ર બે દાબડા ભરાય તેટલી ! એક દાબડો એમણે પોતે રાખ્યો. એક દાબડો મિત્રરાજ્ય માળવાને ભેટ ધર્યો. આનાથી રાજા અને પ્રજાનું ભલું થશે. પૂર્વજોની સદ્‌ગતિ થશે. મહારાજ,



**ડમરાએ સણસણતો જવાબ આપ્યો**

એવી પવિત્ર ભસ્મ તમારા મિત્ર મહારાજ ભીમદેવે મોકલાવી છે. એનો અનાદર ન કરશો !'

રાજા ભોજ બોલી ઊઠ્યા, 'ઓહો ! આ ભભૂતિ તો હીરા-માણેકથી પણ વધે. લાવો, પહેલાં અમે ભાલમાં એનું તિલક કરીએ, પછી તમે સહુ તેનું તિલક કરો.'

આખા દરબારે એ રાખને પવિત્ર માની માથે ચડાવી. સહુ ગુજરાતની દોસ્તીની વાહ-વાહ પોકારવા લાગ્યા. ડમરાની આ વાત ગુજરાતે જાણી ત્યારે સહુએ કહ્યું, 'વાહ રે ડાહ્યા ડમરા ! સાચો ગુજરાતી તું. ગુજરાતી માનું દૂધ પીધું પ્રમાણ.'

❑

# એકે હજારાં

## [૧૨]

ડમરો ભોજના દરબારમાં વરસો સુધી રહ્યો. સંધિવિગ્રહિકની-એલચીની કામગીરી બજાવી. પાટણને લડાઈ પોસાય તેમ ન હતી, તો અવંતિ પાટણને પરાજય આપવા થનગનતું હતું.

ડમરાનું કામ તલવારની ધાર પર ચાલવા જેવું કપરું હતું. એવામાં એકાએક જાહેરાત થઈ કે ટૂંક સમયમાં ભોજરાજ બીજા દેશ પર ચડાઈ લઈ જશે. સહુ તૈયાર રહે.

કયા દેશ પર ચડાઈ થશે તે નક્કી નહોતું. પણ દામોદર સમજ્યો કે નક્કી ગુજરાત પર ચડાઈ થશે. ગુજરાતની કીર્તિ માળવાથી ખમી શકાતી નથી.

દામોદરે તરત એક કાસદ સાથે રાજા ભીમદેવને સંદેશો કહેવડાવી દીધો. યુદ્ધ માટે તૈયાર રહેવા જણાવ્યું. જોકે પોતે લડાઈ રોકવા મહેનત કરશે, પણ ગમે તે પળે લડાઈ આપવી પણ પડે.

આ ચડાઈ મોટી હતી. લોકોમાં શૂરાતન પેદા કરવા માટે ધારાનગરીના ચકલે-ચકલે વીરરસનાં નાટકો ભજવાવા માંડ્યાં.

માળવાના રાજાએ તિલંગ દેશના રાજા સાથે બહુ જૂનું વેર હતું. તિલંગ દેશનો રાજા તૈલપ. ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી. એ ગાંગો તેલી એટલે ગાંગેય તૈલપ.

આ રાજા તૈલપે એક વાર માળવા પર ચડાઈ કરી. એ વખતે

રાજા ભોજનો કાકો મુંજ રાજ કરે. મુંજ રાજા એની સામે લડવા ગયો. એ લડાઈમાં એ હાર્યો. રાજા તૈલપ તેને કેદ કરીને પોતાની રાજધાનીમાં લઈ આવ્યો.

રાજા મુંજ પરાક્રમી હતો. અભિમાની અને કડવાબોલો પણ હતો. રાજા તૈલપની કેદમાં રહ્યોરહ્યો પણ એ મૂંગો ન રહ્યો. એણે રાજા તૈલપને તેલી કહ્યો.

આખરે રાજા તૈલપે રાજા મુંજને હાથીના પગ તળે કચડાવી નાખ્યો. મુંજ તો મુંજ હતો. એ તો હસતો-હસતો મર્યો.

માળવા અને તિલંગ દેશ વચ્ચે વેર થયું. રાજા ભોજ ગાદીએ આવ્યો. એણે પોતાના કાકાનું વેર લેવાની પ્રતિજ્ઞા લીધી. રાજા તૈલપને ઘડીના છઠ્ઠા ભાગમાં હરાવવો ને કેદ કરવો, એવી જાહેરાત કરી. પણ પછી તરત કંઈ બની શક્યું નહીં. હવે તક હાથ આવી.

ડાહ્યો ડમરો ફરતો-ફરતો નાટકકારો પાસે પહોંચ્યો, તેઓને મુંજહત્યાનો પ્રસંગ આલેખવા આગ્રહ કર્યો. બનાવ એવો હતો કે ભલભલાનું લોહી ઊકળી ઊઠે.

માળવાના નાટકકારો હોશિયાર હતા. તેઓએ આ પ્રસંગ પર નાટક લખ્યું. માલવ દેશનાં નર-નારીઓ પ્રખ્યાત હતાં. તેઓએ આ નાટક ભજવવા માંડ્યું. નાટક એવી રીતે ભજવાય કે લોકો એ જોઈને તાનમાં આવી જાય, તલવાર ખેંચીને ખડા થઈ જાય, ને વેર, વેર અને વેરનો પોકાર કરે.

આજ એ 'કહાં રાજા ભોજ, કહાં ગાંગા તેલી'નું નાટક ભજવવાનું હતું. આખું નગર જોવા આવવાનું હતું.

ડાહ્યો દામોદર આ તકનો ઉપયોગ કરવા તૈયાર હતો. એણે તૈલપ રાજા પાસે એક ખાસ કાસદ મોકલ્યો. કહેવરાવ્યું કે જૂનું વેર વસૂલ કરવાનો આ સમય છે. તમારા દેશની નામોશી કરતાં નાટકો અહીં ભજવાય છે. તૈયાર થઈને આવાહન આપો. ગુજરાતનું લશ્કર પણ કૂચ કરતું આવી રહ્યું છે. બે જણા ભેગા થઈશું, માળવાનો

બોરફૂટો કરી નાખીશું. બીજી તરફ એક બનાવટી કાસદને પણ તૈયાર કર્યો. એના હાથમાં સહીસિક્કાવાળો કાગળ મૂક્યો, એ કાગળમાં લખ્યું હતું :

'હું ગુજરાતનો રાજા ભીમદેવ, તને ભોજને લડાઈ આપવા ભોગપુર સુધી આવ્યો છું. જો લડવું હોય તો સાબદો થા. સમાધાન કરવું હોય તો મારા એલચીની શરતો કબૂલ કર.'

ત્રીજી તરફ 'કહાં રાજા ભોજ, કહાં ગાંગો તેલી' નાટકના સૂત્રધારને ડમરો મળ્યો. એને સમજાવ્યું કે નાટક અસરકારક હોવું ઘટે. માત્ર સંવાદોથી ન ચાલે. દેખાવો પણ અસરકારક હોવા જોઈએ. આ નાટકમાં તમે હા પાડો તો એક એવું નાટક હું રજૂ કરું કે જેની ગજબ અસર થશે.

નાટકના સૂત્રધારે વાત કબૂલ કરી.

નાટક શરૂ થયું. રાજા ભોજ, એના પંડિતરત્નો અને બીજા દરબારીઓ, શ્રીમંતો, સામંતો ને સેનાપતિઓ આવી ગોઠવાઈ ગયા. નગરજનો પણ સારા પ્રમાણમાં આવ્યા. નાટક શરૂ થયું.

રાજા તૈલપ મૂછે હાથ નાખતો આવ્યો, અને બોલ્યો,

'રે ! પેલો મુંજ શિયાળ ક્યાં છે ?'

તરત ફૂંફાડા મારતો મુંજરાજ દેખાયો. બંને વચ્ચે વાગ્યુદ્ધ - વાણીની લડાઈ ચાલી. પછી શસ્ત્રની લડાઈ ચાલી. મુંજરાજ હાર્યો. કેદ પકડાયો.

રાજા તૈલપે તેને હાથીના પગ નીચે કચડાવ્યો. જય જય તૈલપ!

તરત એક વાંસ પર મુંજનું રક્ત ટપકતું માથું લટકાવીને ડમરો દાખલ થયો. એ બોલ્યો,

'હાથી જીવતો લાખનો, મર્યો સવા લાખનો. ક્યાં રાજા ભોજ, ક્યાં ગાંગો તેલી.'



જોનારા ગેલમાં આવી ગયા. બોલ્યા, 'મારો તૈલપને ! કૂટો કાઢો તૈલપનો.' આ વખતે તૈલપનો કાગળ લઈને તિલંગ દેશનો દૂત હાજર થયો. બોલ્યો,

'અમે લડાઈ માગીએ છીએ. અમને લડાઈ આપો.'

ત્યાં સામા દરવાજેથી ગુજરાતનો કાસદ હાજર થયો. રાજા ભીમદેવનો સંદેશો આપ્યો,

'અમે લડવા માગીએ છીએ, અમને લડાઈ આપો.'

રાજા ભોજ વિમાસણમાં પડી ગયો. બે શત્રુ સાથે એકસાથે લડવું

અશક્ય જ ગણાય. બેમાંથી કોની સાથે લડવું ને કોની સાથે સમાધાન કરવું તે નક્કી કરવા તરત દરબાર ભર્યો.

દરબારમાં એકીઅવાજે સહુએ કહ્યું,

'આપણો દુશ્મન તિલંગ દેશનો રાજા તૈલપ છે. મુંજરાજનું કપાયેલું મસ્તક આપણને વેર લેવા કહે છે. આપણી ફરજ એ છે કે વેર લેવું.'

રાજા ભોજ કહે, 'એનો અર્થ એ કે ગુજરાતના રાજા ભીમદેવ સાથે સમાધાન કરવું.'

સહુ કહે, 'બરાબર છે.'

રાજા ભોજે તરત દામોદર મહેતાને બોલાવ્યા અને કહ્યું, 'અમે ગુજરાત સાથે સમાધાન કરવા માગીએ છીએ.'

દામોદર કહે, 'સંધિની સત્તા મને નથી. આપ સંધિપત્ર લખી આપો. હું મંજૂરીની મહોર લઈ આવું.'

રાજા ભોજદેવે એક પત્ર લખ્યો. એમાં લખ્યું કે 'માળવા ગુજરાતનું મિત્ર રહેવા માગે છે. માટે અમારો દોસ્તીનો દાવો કબૂલ કરો.'

દામોદરે પત્ર લીધો. તરત ઘોડે ચડ્યો ને જઈને ચંપા માલણને ત્યાં બે દિવસ સૂઈ રહ્યો.

માળવાનું લશ્કર તિલંગ દેશ તરફ કૂચ કરવા લાગ્યું. રાજા તૈલપ મેદાને પડ્યો.

રાજા ભોજ પણ મેદાને પડ્યો. આ વખતે દામોદર હાજર થયો. એણે ધૂળવાળાં કપડાં પહેર્યાં હતાં. એણે કહ્યું. 'માલવપતિ ! મારા રાજાએ આપની વિનંતી માન્ય રાખી છે અને એમણે કહ્યું છે કે અમે મેદાનમાં નહીં આવીએ. ગુર્જરસિંહોને મેદાનમાં નહીં દેખે એટલે બિચારો તૈલપ પૂંછડી દબાવીને પાછો ફરી જશે.'

ભોજરાજે દામોદરને શિરપાવ આપ્યો.

હજી દરબારમાં સહુ બેઠા હતા ને સમાચાર આવ્યા કે રાજા તૈલપ મેદાનમાંથી પીછેહઠ કરી ગયો છે. એ લડવા માગતો નથી, સંધિ માગે છે. લડાઈની આફત દૂર થઈ. સામાન્ય લોકોમાં રાહત ફેલાઈ. સહુ જાણતા હતા કે લડાઈ થાય તો ચીજવસ્તુ મોંઘી થાય. જુવાન ભાઈ-દીકરા રણમેદાનમાં કામ આવે. અનાથ બાળકો અને વિધવાની વસ્તી વધી જાય.

આ સમાચાર ગુજરાતમાં પહોંચ્યા ત્યારે સહુ ડાહ્યા દામોદર પર વારી ગયા. કહ્યું કે ડમરો એકે હજારાં છે. એણે આ કામ એકલે હાથે કર્યું છે. સાચું જ કહ્યું છે કે એક ગુજરાતી બરાબર આખું ગુજરાત !

વાહ રે મુત્સદ્દી ! શી લડાઈ અને શી વાત ! અહીં તો કોઈએ તૈયારી કરી નથી કે તલવાર પણ સજાવી નથી. વાત પણ કોઈ જાણતું નથી ને માળવામાં તો બધે થઈ ગયું કે ગુજરાત ચડી આવ્યું ! ગુજરાતને મનાવો. ગુજરાત માગે તે આપો.

વાહ રે ડાહ્યા ડમરા ! તું એક નથી, પણ આખું ગુજરાત છે. એક ગુજરાતી એટલે આખું ગુજરાત તે આનું નામ ! એકે હજારાં તે આનું નામ !

❑

# દર્શન કર્યાં

## [૧૩]

ગુજરાતનો રાજા ભીમદેવ. ભોળો અને શૂરવીર. ભીમદેવને એક વાર ઇચ્છા થઈ. રાજા ભોજને બે આંખે સાવ નજીકથી જોવો, એની વાણી સાંભળવી. રાજા ભીમદેવે દામોદર મહેતાને તેડાવ્યો. જોજનવેગી સાંઢણી ઊપડી. પહોંચી માળવે. દામોદરને લઈને તરત પાછી ફરી.

દામોદરને એમ કે કંઈક ખાસ સમાચાર હશે. કોઈ દુશ્મનના આગમનની બાતમી હશે, કોઈ રાજા સાથે સમાધાન કરવું હશે, કાં લડાઈ છેડવી હશે. એ તો આવ્યો. રાતદિવસ એક કરીને આવ્યો. પહેલું રાજ ને પછી જાત.

દામોદર મહેતા દોડતો મહારાજ ભીમદેવ પાસે પહોંચ્યો. જઈને હાંફતો-હાંફતો બોલ્યો, 'હુકમ કરો, મહારાજ !'

રાજા ભીમે શાંતિથી પૂછ્યું, 'માળવાના શા સમાચાર છે ? લડાઈના કેવા હાલ છે ?'

'મહારાજ ! કાંટે કાંટો કાઢ્યો છે. માળવાની ફોજને રાજા તૈલપ સામે ભિડાવી છે. સમજાવ્યું છે કે શત્રુને સૂવા દેવો અને મિત્રને છંછેડવો એ કઈ નીતિ ? તૈલપ માળવાનો જૂનો વેરી. ગુજરાત તો તમારું મિત્ર. આમ કહી સૂતું જૂનું વેર જગાડ્યું છે. એક તરફ તૈલપ અને બીજી તરફ ગુજરાત. બે દુશ્મન દેશ સાથે બગાડવામાં રાજા ભોજ રાજી નથી. આપણી સાથે આપણી શરતે સમાધાન કર્યું છે.'

'શાબાશ, દામોદર શાબાશ.' અને મહારાજ ભીમદેવ પાનનું

બીડું મોંમાં નાખી ચાવવા લાગ્યા.

'મહારાજ ! આપે મને જલદી કેમ બોલાવ્યો ?' દામોદરે પૂછ્યું.

'દામોદર ! મારા મનની એક ઇચ્છા છે. મારે ધારાનગરી જોવી છે. છૂપા વેશે ત્યાંનો રાજા ભોજ જોવો છે. એને સાંભળવો છે.'

દામોદર કહે, 'મહારાજ ! ભોજ માણસ જેવો માણસ છે. બીજી નગરી જેવી ધારાનગરી છે. આ કિનારે ઊભેલાને સામો કિનારો સારો લાગે. સામા કિનારે ઊભેલાને આ કિનારો સારો લાગે. રાજા ભીમદેવના ગુજરાતમાં માળવાનાં વખાણ થાય. રાજા ભોજની ધારાનગરીમાં ગુજરાતનાં વખાણ થાય.'

'દામોદર ! મારી વાત એમ ઉડાવી દે નહીં. ગુજરાતનો હું રાજા છું. પણ ગુજરાતના એક-એક ઘરમાં રાજા ભોજનું નામ ગુંજે છે. જેમ મકાને-મકાને ફેર હોય છે, એમ માણસે-માણસે પણ ફેર હોય છે. ભોજના કંઠમાં સરસ્વતી છે, હાથમાં મહાકાલી છે. હૃદયમાં લક્ષ્મી છે. દાની, માની, અને જ્ઞાની એવો બીજો કોઈ રાજા મેં જાણ્યો નથી. શત્રુની પણ સારી વાત સ્વીકારવી જોઈએ. ગુજરાતીનું મન સાંકડું ન હોય.'

'પણ મહારાજ ! આપની મુલાકાત એટલે માથાના સોદા !' દામોદરે બીક બતાવી.

'માથાથી હું ડરતો નથી. પણ આવો દેશ ને આવો રાજા જોવો છે. કહે છે કે અભણ બ્રાહ્મણને માળવામાંથી દેશનિકાલ મળે છે, ને ભણેલા કુંભારને માન મળે છે. ત્યાં અભણ હોય તેને તિલક કરવાની કે છત્ર રાખવાની મનાઈ છે, શૌર્ય અને સંસ્કારમાં અલકાનગરી સમી અવંતિ જોવી છે, મુંજસાગરની સહેલ માણવી છે, મહાકવિ કાલિદાસને નજરે નિહાળવા છે. કહે છે કે ભોજની માતા સાવિત્રી અને ભોજની પત્ની લીલાવતી કલા અને કલ્પનાના અવતાર છે. દામોદર, જીવ્યા કરતાં જોયું ભલું. તું કહે ત્યારે રવાના થઈએ.'

જેવી બાળકની હઠ હોય એવી રાજાની હઠ. સમજાવ્યા સમજે નહીં.

દામોદરે વાર-તિથિ નક્કી કર્યાં અને તે દિવસે વેશ બદલીને બંને રવાના થયા. રાજા ભીમદેવને પાનની છાબવાળો બનાવ્યો. હાથમાં



**ભોજે હાથોહાથ બીડું લીધું**

પાનનાં બીડાંની છાબ લઈને દરબારમાં ગયા.

દામોદરે છાબવાળાના વેશમાં રહેલા રાજા ભીમદેવને કહ્યું, 'જાઓ, મહારાજને હાથોહાથ પાનનું બીડું આપો.'

રાજા ભોજ મોજમાં હતો. એણે હાથોહાથ બીડું લીધું ને બોલ્યો, 'મહેતા ! તમારા રાજા ભીમદેવને જોવાની મને ઇચ્છા છે.'

દામોદર કહે, 'ધણીનો કોઈ ધણી છે ? તેઓ અહીં થોડા આવે? છતાં મહારાજ ! આ છાબવાળાને જુઓ ! આ જ આકૃતિ, આ જ રૂપ, આ જ વય. સાક્ષાત્ ગજેન્દ્ર ભીમદેવ જ જોઈ લો. ફરક એટલો કે આ સેવકરામ છે અને પેલા રાજારામ છે.'

રાજા ભોજની નજર ચકોર હતી. એ શરીર પરનાં લક્ષણોથી માણસને પારખી શકતો. એને વહેમ પડી ગયો કે આ પાનબીડાંની છાબવાળો કદાચ ભીમદેવ પોતે હોય.

દામોદરે માલવપતિની નજર પારખી લીધી. તરત ભીમદેવને કહ્યું, 'જાઓ જાઓ ! માલવપતિને જે ભેટ ધરવાની છે તે તરત ને તરત લઈ આવો. ભેટ ધરવાનો આ ખૂબ જ અનુકૂળ સમય છે.'

છાબવાળાના વેશમાં રાજા ભીમદેવ તરત બહાર નીકળી ગયા. ભોજદેવ એના આવવાની રાહ જોઈ રહ્યા. એમને પાકી શંકા પડી હતી. આવે એટલે દરબારમાં રોકી લેવા અને પૂરી તપાસ કરવી.

આ તરફ દામોદરે ગુજરાતનું વર્ણન શરૂ કર્યું. ત્યાંની તીર્થભૂમિઓ, શૂરવીરો અને સતીઓનાં વખાણ શરૂ કર્યાં.

રાજા ભોજનું મન તો પેલા છાબવાળામાં હતું. આખરે પૂછ્યું,

'પેલો છાબવાળો હજી કેમ ન આવ્યો ?'

દામોદર કહે, 'મહારાજ ! એ તો ખુદ ભીમદેવ પોતે હતા. આપને રાજા ભીમદેવને જોવાની ઇચ્છા હતી. એમને રાજા ભોજદેવને નીરખવાની ઇચ્છા હતી. બંને કામ પતી ગયાં.'

ભોજરાજે બૂમ મારી, 'અરે દામોદર, રાજા જેવો રાજા આવે અને અમે મહેમાનગતિ ન કરીએ, એ કેવું કહેવાય ! અરે, છે કોઈ હાજર ? જાઓ છાબવાળાના વેશમાં ચાલ્યા જતા ગુજરાતના રાજાને પાછા લઈ આવો.'

ઘોડેસવારો ઊપડ્યા. પવનવેગે ઊપડ્યા.

પણ ભીમદેવ કંઈ પકડાય. એ હાથ ન લાગ્યા.

દામોદર કહે, 'મહારાજ ! અહીંથી ઠેઠ પાટણ સુધી દશ-દશ કોશના અંતરે પવનવેગી સાંઢણીઓ ગોઠવેલી છે. રાજા ભીમદેવ હવે હાથમાં આવે તેમ નથી. એ તો સાગરમાં માછલું સરી ગયું સમજો.'

❑

# મહાન ભીમ, મહાન ભોજ

## [૧૪]

માળવાના સેનાપતિઓ ગુજરાત પર દાઝ રાખતા. વીરત્વમાં, વિદ્યામાં અને વિચક્ષણતામાં માળવા સામે ગાંડું ગુજરાત માથું ઊંચું કરે, એ કેમ સહેવાય ? એક વાર એને પરચો આપીએ.

એક વાર ભીમદેવ સિંધ પર ચડાઈ લઈને ગયો હતો. પાટણમાં લશ્કર સાવ ઓછું હતું. લડાયક લોકો તો ગણ્યાગાંઠ્યા જ હતા. માળવાનો મહાન સેનાપતિ કુલચંદ્ર જૈન એકાએક પાટણ પર ચડાઈ લઈ આવ્યો. પાટણમાં જે વીરો હતા, તે લડવા તૈયાર થયા, પણ આટલા મોટા લશ્કર સામે તેઓનું શું ગજું ?

કુલચંદ્રે કહ્યું, 'મને વિજયપત્ર લખી આપો. હું પાછો જઈશ. મારે તમારું કંઈ જ જોઈતું નથી.'

પાટણવાસીઓએ વિજયપત્ર લખી આપ્યું. પાટણના દરવાજામાં કોડીઓ દાટી કુલચંદ્ર જૈન પાછો ફર્યો. રાજા ભીમદેવ પાછો આવ્યો. એને આ સમાચાર મળ્યા ત્યારે ખૂબ લાગી આવ્યું. એણે હુકમ કર્યો કે અપમાનથી જીવવું એના કરતાં માન સાથે મરવું બહેતર છે. માળવા પર ચડાઈ કરો !

પણ સહુ સમજતા હતા કે એકલું ગુજરાત માળવાને જીતી શકે નહીં. પડખે મદદ હોવી જોઈએ. કોઈની મદદ લેવી જોઈએ. શત્રુનો શત્રુ એ સહેજે આપણો મિત્ર !

રાજા તૈલપ માળવાનો હંમેશાંનો શત્રુ હતો. પણ એક વાર એ બનાવટમાં આવી ગયો હતો. હવે એ સાથ આપવા ઝટ તૈયાર થાય તેમ નહોતો.

બુંદેલખંડનો રાજા કર્ણ માળવા પર દ્વેષ ધરાવતો હતો. રાજા ભીમદેવે એને તૈયાર કર્યો. બંનેએ સાથે મેદાનમાં ઊતરવું અને માળવા અડધોઅડધ વહેંચી લેવું તેવા કરાર કર્યા. બંને જણા મેદાને પડ્યા. માળવાને હાકલ કરી. લડાઈ ચાલુ થઈ.

એકાએક માળવાનો રાજા ભોજ માંદો પડ્યો. એક તરફ બે રાજ્યો સામે લડાઈ અને એક તરફ પોતાની માંદગી. ભોજ ચિંતામાં ઘસાતો ચાલ્યો. એ સાવ નબળો પડી ગયો. રાજા નબળો એટલે એની સેના પણ નબળી.

દામોદર મહેતાએ આ જોયું ને એણે એક પંક્તિ લખીને ગુજરાત પર મોકલી.

'આમ્રફળ પૂરું પાકી ગયું છે.
ડીટું પણ ઢીલું થઈ ગયું છે



**રાજા ભોજ બીમાર પડ્યો**

પવન તેને હીંચોળી રહ્યો છે
કાલે શું થશે તે કહેવાય નહીં.'

રાજા ભીમદેવે આ પંક્તિ વાંચી. રાજા ભોજની ખરાબ હાલત જાણી અને એણે લડાઈ થંભાવી દીધી. એણે કહ્યું કે દુશ્મન પણ દાનો છે. આવે વખતે સતાવવો ન જોઈએ. આખરે ભોજરાજ ગુજરી ગયા.

બુંદેલખંડના કર્ણરાજાએ અણીનો વખત પારખ્યો. ધારાનો કિલ્લો તોડી નાખ્યો. નગરમાં પેઠો અને સંપત્તિ બધી લૂંટી ગયો.

રાજા ભીમદેવને આ વાતની ખબર પડી. એણે હુકમ કર્યો, 'તરત બુંદેલખંડ પર ચડાઈ કરો. કાં અડધી માલમત્તા હાથ કરો. કાં કર્ણનું માથું લાવો.'

દામોદર મહેતો રાજા કર્ણના દરબારમાં ગયો. રાજાને સમજાવ્યો કે અમે માળવા સાથે સંધિ કરીને બંને જણા તારા પર ચડી જઈશું. પછી એ વખતે રાજ્ય અને મસ્તક બંને લીધા વગર જંપીશું નહીં. માટે બાંધી મૂઠી લાખની છે.

રાજા કર્ણ સમજ્યો. એણે અડધોઅડધ ભાગ આપી દીધો., દામોદર ગુજરાત પાછો ફર્યો.

રાજા ભીમદેવે કહ્યું, 'રાજા ભોજ મરીને પણ અમર છે. એ રાજા હતો અને વિદ્વાન પણ હતો. રાજા પોતાના દેશમાં જીવતો હોય ત્યાં સુધી પૂજાય છે. વિદ્વાન જીવતાં અને મર્યા પછી પણ આખા જગતમાં પૂજાય છે.'

ગરવી ગુજરાત એ દિવસે મહાન રાજા ભોજને અંજલિ આપી પોતે મહાન બની.

❑

# કેસર કેરી

## [૧૫]

કેસર એ કેરી. સહુમાં અનેરી કેસર કેરી. આ કેરીનો રંગ અનોખો. એની સુગંધ અનોખી. એનો સ્વાદ પણ અનોખો.

સાચી કેસર કેરી કેસરના ક્યારામાં થાય. એને કાપો એટલે અંદરથી કેસરની સોડમ આવે !

આવી કેસર કેરીનો એક જ આંબો ગુજરાતમાં અને તેય મહારાજ ભીમદેવને ત્યાં. કાશ્મીર અને ઉત્તર હિંદની એ કેરી ચાખવા ભીમદેવે કેસરના ક્યારાઓ બનાવ્યા. એની જાળવણી માટે માળીઓ તેડાવ્યા.

એક દિવસ મહારાજ ભીમદેવે પોતાના મંત્રીમંડળને આવી બે-બે કેસર કેરીઓ આપી. ડમરો પણ માળવાથી ભોજના અવસાન બાદ પાછો પોતાના વતનમાં આવ્યો હતો. એલચી ડમરાને, લેખક વટેશ્વરને, ખર્ચખાતાના ઉપરી જાહિલ્લને અને પુરોહિત સોમશર્માને પણ આ કેરીઓ આપવામાં આવી.

પુરોહિત સોમશર્મા ઘેર આવ્યા. ઘેર આવીને એમની પત્ની રેણુવતીને એક કેરી આપી. એક પોતે ખાધી. કેરી તો એવી કે જીભ પર સ્વાદ રહી જાય.

રેણુવતીને થયું કે પોતે કેરી ખાય અને પોતાનો દસ વર્ષનો પુત્ર સમર ન ખાય તે કેમ ચાલે ? આવી ચીજો તો બાળકને બહુ ભાવે. એ તો ખાઈને રાજીનો રેડ થઈ જશે !

એણે પુરોહિત સોમશર્માને બીજી એક કેસર કેરી લઈ આવવા કહ્યું. પુરોહિત કહે, 'અરે ! હવે રાજા પાસે માંગી શકાય નહીં. વળી રાત પડવા આવી છે. આવે સમયે આપણાં છોકરાંને એક કેસર કેરી ખવડાવી હોય તે માટે રાજા ભીમદેવને ન ઉઠાડાય. વળી રાજપુરોહિતથી આમ તે કંઈ માગવા જવાય ?'

રેણુવતી બોલી, 'તમે તો છો મોટા રાજપુરોહિત. શું રાજના પુરોહિતને એક કેરી લાવવાનો પણ હક્ક નહીં ?'

'ના, જરૂર નહીં. રાજાનું ફરમાન છે કે એમની રજા સિવાય એક પણ કેસર કેરી કોઈને આપવી નહીં.' પુરોહિતે જવાબ વાળ્યો.

રેણુવતી તો રીસે ભરાઈ. એ કહે કે ગમે તે થાય, પણ આ સમરને માટે કેરી લાવી આપો. એ તો આ ખાઈને ખૂબ ખુશ થશે. છોકરો ખુશી તો આપણે ખુશી !

પુરોહિતે કહ્યું, 'તારી વાત સાચી. ધારો કે છાનીમાની કેસર કેરી લઈ આવું. પણ આ છોકરો કદાચ કોઈને કહી દે તો ? ભોળા બાળકના પેટમાં કોઈ વાત ખાનગી ન રહે ! પછી મારી બૂરી વલે થાય.'

રેણુવતીએ તો હઠ લીધી. 'ગમે તે થાય, પણ સમર માટે અબી ને અબી કેરી લઈ આવો.'

પુરોહિત મૂંઝાયા. આ સ્ત્રીહઠ આગળ કરવું શું ? એવામાં એમને ડમરો યાદ આવ્યો. નસીબજોગે ડમરો પાટણમાં હતો.

રાત વધતી જતી હતી. પુરોહિત દોડ્યા ડમરાના ઘર ભણી. મધરાતે બારણું ખખડાવ્યું. ડમરાએ બારણું ખોલ્યું ને આવે સમયે રાજપુરોહિતને જોઈ આશ્ચર્ય થયું.

પુરોહિતે બધી વાત કરી. એણે કહ્યું કે છાનીમાની કેસર કેરી લાવીને બાળકને ખવડાવીએ. પણ એ કોઈને કહી દે તો ? વળી, મહારાજ ભીમદેવના મિત્ર ભાભને ખબર પડી તો એ મને હેરાન કરવામાં બાકી નહીં રાખે. બીજી બાજું સ્ત્રીહઠ છે.



**રેણુવતીએ હઠ લીધી,**
**'ગમે તે થાય પણ સમર માટે અબીને અબી કેરી લઈ આવો'**

ડમરાએ થોડી વાર વિચાર કરીને પુરોહિતને કહ્યું, 'પુરોહિતજી, મૂંઝાશો નહીં. હું કહું તેમ કરજો. તમારા બાળક સમરને કેરી ખવડાવતાં પહેલાં ખૂબ પાણી રેડીને ઉઠાડજો. એટલું પાણી રેડજો કે એનાં બધાં કપડાં પલળી જાય. ઊઠે એટલે કહેજો કે બેટા, ખૂબ વરસાદ પડ્યો છે. કપડાં બદલી નાખ, એ પછી કેસર કેરી ખવડાવજો.'

પુરોહિતને આમાં કંઈ સમજ ન પડી. એણે કહ્યું, 'ડમરાભાઈ, તમે કહેશો તેમ કરીશ, પણ આ તમારો ઉપાય સમજાતો નથી.'

'પુરોહિતજી, તમને ડમરાની બુદ્ધિમાં વિશ્વાસ છે ને ?'

પુરોહિત કહે, 'જરૂર. મને શું, આખા ગુજરાતને છે.'

'બસ, તો રાજાને ખબર પડે ને રાજદરબારમાં બોલાવે તો મને જણાવજો. હું તમારી સાથે આવીશ.'

'ભલે,' કહી પુરોહિત સોમશર્માએ વિદાય લીધી. છાનામાના જઈને રાજબગીચામાંથી એક કેસર કેરી લઈ આવ્યા. ડમરાએ કહ્યા પ્રમાણે કરીને સમરને કેરી ખવડાવી.

બીજે દિવસે ચોરીની ખબર પડી ગઈ. પુરોહિતને માથે ચોરીનો આરોપ આવ્યો. રાજાનો મિત્ર ભાભ કોઈ પણ હિસાબે પુરોહિતને ગુનેગાર ઠેરવી સજા કરાવવા માગતો હતો.

ભાભ મહારાજ ભીમદેવને મળ્યો અને કહ્યું, 'મહારાજ, પુરોહિતે ચોરી કરી એની ખબર પડી ને ?'

ભીમદેવ કહે, 'હા, ખબર તો પડી. પણ એ સાચું છે કે ખોટું એની ખાતરી કઈ રીતે થાય ?'

ભાભ બોલ્યો, 'ઓહો ! મહારાજ, એ તો સાવ સહેલી વાત છે. પુરોહિતના છોકરા સમરને બોલાવો. એ બાળક હોવાથી સાચી વાત કહી દેશે.'

રાજાએ છૂપા વેશે માણસો મોકલીને શેરીમાં રમતા સમરને બોલાવી લીધો. સમરને રાજા પાસે લાવવામાં આવ્યો. ભાભે એને સમજાવી પટાવીને પૂછ્યું, 'તેં કેસર કેરી ખાધી છે ?'

'હા, મને મારાં માતાપિતાએ ખવડાવી હતી.' બાળકે સાચું કહી દીધું.

ભાભે પૂછ્યું, 'તેં એ કેરી ક્યારે ખાધી?'

બાળક બોલ્યો, 'મધરાતે !'

ભાભે આનંદમાં આવી જઈ મહારાજ ભીમદેવને કહ્યું, 'સાંભળ્યું ને મહારાજ ! રાતે છાનામાના આવી પુરોહિતજી કેરી ચોરી ગયા. નહીં તો તમે સાંજે આપેલી કેરી મધરાતે ખવડાવવાનું કારણ શું ?'

ભીમદેવ ભાભની ચતુરાઈ જોઈ ખુશખુશ થઈ ગયા અને બોલ્યા,

'વાહ ભાભ, વાહ, ડમરો ન હોત તો તું મારા દરબારનો સૌથી ચતુર માણસ ગણાત. ખેર ! હવે પુરોહિતને યોગ્ય સજા થવી જોઈએ.'

પુરોહિતને દરબારમાં બોલાવવામાં આવ્યા. એ તો રાહ જોઈને બેઠેલા કે વહેલુંમોડું દરબારમાંથી તેડું આવવું જોઈએ.

ડમરાને સાથે લઈ પુરોહિત સોમશર્મા દરબારમાં પહોંચ્યા. રાજાનો મિત્ર ભાભ તો ભરદરબારમાં પુરોહિતનું નાક કાપવા થનગની રહ્યો હતો. એણે રાજસભાને આખી ઘટના વર્ણવી. પછી છેલ્લે બાળક સમરને પૂછ્યું, 'કેમ, તારા પિતાએ તને મધરાતે કેસર કેરી ખવડાવી હતી ને ?'

નિર્દોષ સમરે હા કહી.

પુરોહિતને થયું કે હવે પોતાનું આવી બન્યું. દયામણી નજરે ડમરા સામે જોયું.

ડમરો બોલ્યો, 'મહારાજ, બાળકની વાત પર શો વિશ્વાસ ?'

ભાભ બાજી હાથમાંથી ન જાય તે માટે બોલ્યો, 'ડમરાજી, મોટાંઓ તો સાચુંખોટું બોલે, પણ નિર્દોષ બાળક સાચું જ બોલી નાખે.'

'ના, એવું નથી.' ડમરાએ ભારપૂર્વક કહ્યું.

ભીમદેવ કહે, 'તો તમે સાબિત કરી આપો.'

ડમરો કહે, 'ભલે ત્યારે. સાબિત કરી આપું.'

આમ કહી પાઘડી સરખી કરતાં ડમરાએ કહ્યું, 'બેટા ! સમર, તેં કેસર કેરી ક્યારે ખાધી ?'

સમર બોલ્યો, 'કાકા ! મધરાતે.'

ડમરાએ કહ્યું, 'એ મધરાતે બીજું કંઈ થયું હતું ?'

સમર બોલ્યો, 'એ રાતે ખૂબ વરસાદ પડ્યો હતો.'

ડમરાએ કહ્યું, 'શું ખૂબ વરસાદ પડ્યો હતો ?'

સમરે જવાબ આપ્યો, 'હા, એટલો બધો વરસાદ કે મારાં બધાં કપડાં ભીંજાઈ ગયાં હતાં. પહેલાં બધાં કપડાં બદલ્યાં, પછી કેસર કેરી ખાધી !'

ડમરાએ રાજસભા સામે જોઈ કહ્યું, 'આ ભરઉનાળામાં વળી વરસાદની વાત કેવી ? ગઈકાલે રાતે વરસાદ પડ્યાની કોઈને ખબર છે ?'

આખી રાજસભાએ ના કહી. ડમરાએ કહ્યું, 'મહારાજ, બાળકની વાત સાચી ન મનાય. એની વાત પરથી રાજપુરોહિત જેવાને ગુનેગાર સાબિત ન કરી શકાય.'

રાજા ભીમદેવે રાજપુરોહિતને આદર સાથે છોડી મૂક્યા. દરબાર વિખરાયો. સહુ ગયા. એ પછી પુરોહિત સોમશર્મા અને ડમરો રાજાને મળવા ગયા.

પુરોહિતે કહ્યું, 'દેવ, રાજા, ગુરુ અને વડીલ પાસે સત્ય વદવું જોઈએ.' અને પછી પોતાની પત્નીની હઠની વાત કરી.

❑

# રિસાયેલી રાણી

## [૧૯]

મહારાજ ભીમદેવને ત્રણ રાણીઓ : ઉદયમતી, બકુલાદેવી અને માયાવતી. આમાં ઉદયમતી અને બકુલાદેવીને ડમરા માટે ખૂબ માન, પણ માયાવતી ડમરાને જોઈને મનોમન બળે. એની ચડતી થતી જોઈને ખાવુંય ન ભાવે. આની પાછળ એક કારણ હતું. માયાવતીનો ભાઈ આહવમલ દરબારમાં બેસે. એ ચતુરાઈ લડાવવા જાય, પણ ડાહ્યા ડમરાની બુદ્ધિ આગળ એનું કશું ચાલે નહીં.

માયાવતીને મનમાં એમ કે આ ડમરો અહીંથી જાય તો પોતાના ભાઈનું રાજકાજમાં વર્ચસ્વ થાય. એના ભાઈએ પણ સમજાવેલું કે ડમરો દૂર થાય પછી પોતે આખું રાજકાજ પોતાના હાથમાં લઈ શકે તેમ છે.

આથી રાણી માયાવતીએ એક નવો દાવ રચ્યો. રાજા એને મળવા આવ્યો ત્યારે એરંડિયું પીધા જેવું મોં કરીને બેઠી. ન બોલે કે ન ચાલે. રાજા ભીમદેવ રાણીને મનાવવા લાગ્યા. આવી ઉદાસીનતાનું કારણ પૂછવા લાગ્યા. ત્યારે રાણી માયાવતી બોલી,

'મહારાજ, ભલે હું આ રાજની રાણી હોઉં, પણ રાજમાં મારું કંઈ ચાલતું નથી. હાલતાં-ચાલતાં મારું અપમાન થાય છે. સહુ દરબારીઓ કહે છે કે રાજ તો ભીમદેવનું, એમના મંત્રીઓનું અને ડાહ્યા ડમરાનું. બીજાં બધાં તો તણખલાની તોલે છે.'

રાજા ભીમદેવ બોલ્યા, 'રાણી, રાજની શાન રાજા અને એનું પ્રધાનમંડળ છે. વળી પાટણના વીર રાજાને ડમરાએ કેટકેટલાં સાહસોમાં સફળતા અપાવી છે. એ તો રાણી માયાવતી જાણે છે !'

'હવે એ તો ઠીક, મહારાજ ! મને કંઈ ડમરાની બુદ્ધિ પર વિશ્વાસ નથી. મારી આગળ ચતુરાઈ બતાવે તો ખરો. માળવામાં એણે ગમે તે કર્યું હશે, પણ માયાવતી આગળ એનું કંઈ ચાલે નહીં.'

રાજાએ કહ્યું, 'રાણી, આવું અભિમાન ખોટું છે.'

'મહારાજ, હું એક યુક્તિ લડાવું. એમાં ડમરો જીતશે તો પછી એની વિરુદ્ધમાં ભવિષ્યમાં એક શબ્દ પણ નહીં બોલું.'

'ભલે, તો આ છેલ્લી તક.' રાજાએ ચોખવટ કરી.

રાણી યુક્તિ સમજાવતાં બોલી, 'મહારાજ ! આપણે બંને ઝઘડ્યાં હોઈએ એવો દેખાવ કરવો. બંને પોતપોતાના કોપભવનમાં જઈને બેસીએ. પછી તમે ડમરાને હુકમ કરો કે એ એવી યુક્તિ લડાવે, જેથી ગુસ્સે થયેલી રાણી એક દિવસમાં જ પોતાની જાતે રાજા પાસે નમતી આવે ! આમ નહીં થાય તો રાજા એના બધા અધિકાર છીનવી લેશે.'

રાજા-રાણી બંને નક્કી કર્યા મુજબ જુદાં રહ્યાં. ડમરાને ભીમદેવનો હુકમ મળ્યો. એ તો સમજી ગયો કે નક્કી આ માયાવતીની માયા છે!

પણ ડરે એ ડમરો નહીં. એણે એક યુક્તિ ઘડી કાઢી. પછી ચાલ્યો રાણી માયાવતીને મળવા. રાણી તો રાહ જોઈને જ બેઠી હતી. મનમાં તો એમ કે ડમરો બોલાવવા આવે એટલે સાવ ચાટ પાડી દઉં. જેવી વિનંતી કરશે કે હું એને હડધૂત કરીશ. એની આજીજીઓને ફગાવી દઈશ, અને.. એ નિષ્ફળ જશે. રાજદરબારમાંથી જતો રહેશે. પછી તો પોતાના ભાઈ આહવમલનું ચલણ વધશે. ઉદયમતી અને બકુલાદેવી કરતાં પોતાનું માન વધારે થશે !

રાણી તો આવા વિચારે ચડી. ડમરો આવ્યો. રાણીએ ડમરાને આસન આપ્યું. ડમરો બેઠો. મોઢા પર નથી સહેજે ચિંતા કે નથી

ગભરાટ. એ તો આરામથી પલાંઠી લગાવીને બેઠો. રાણીને એની તબિયતના સમાચાર પૂછ્યા. એના ભાઈ અને પિતાના ખબર પૂછ્યા. થોડી માળવાની વાતો કરી. માયાવતી તો રાહ જુએ કે ક્યારે ડમરો પોતાને રાજા પાસે જવા વિનંતી કરે ને ...

એવામાં રાજસેવક આવ્યો. એણે ડમરાને કહ્યું, 'આપને માટે એક અત્યંત ખાનગી હુકમ છે. માટે આપ બાજુના ખંડમાં આવીને સાંભળો.'

ડમરો હસતાં-હસતાં બોલ્યો, 'અરે જે કંઈ કામ હોય તે અહીં જ કહે ને !'

રાજસેવક બોલ્યો, 'પણ મહારાજે આપને સાવ એકાંતમાં સંદેશો સંભળાવવાનું કહ્યું છે. વળી ખાસ કહ્યું છે કે આ વાત કહેતી વખતે આસપાસ ચકલુંય ફરકતું ન હોવું જોઈએ.'

ડમરો બોલ્યો, 'ભાઈ, રાણી માયાવતીથી કશું છૂપું હોય નહીં. માટે જે હોય એ અહીં જ કહે.'

રાજસેવક બોલ્યો, 'મહારાજ, મારા પર ગુસ્સે ભરાશે, મારું માથું વાઢી નાખશે. માટે મહેરબાની કરીને બાજુના ખંડમાં આવો ને!'

રાણીની આતુરતા વધતી ગઈ. ડમરો બોલ્યો, 'રાજસેવક, તમને કંઈ થાય એની જવાબદારી મારા પર.'

'ભલે' કહી રાજસેવક મહારાજ ભીમદેવનો સંદેશો વાંચવા લાગ્યો, 'ગુર્જરપતિ ભીમદેવનું ફરમાન છે કે મૂરખની જીદથી મૂંઝાશો નહીં. તમને કશું થવાનું નથી. વધુમાં પેલી રાજકુંવરીની વાત લઈને એનાં સગાં મહેલમાં આવ્યાં છે ને આજે જ બધું પતાવી દેવું છે. તમારે એ જોવાનું કે રાજખટપટ આડે ન આવે. તમે તરત ને તરત મને મળી જાઓ.'

ડમરો તો તરત ઊભો થઈ ગયો અને બોલ્યો, 'રાણીબા, મહારાજને જરૂરી કામ હોવાથી તરત ને તરત બોલાવે છે. નહીં તો આજે નિરાંતે તમારી સાથે દુનિયાદારીની એક-બે વાતો કરવાની ઇચ્છા હતી.'



**રાણી ધૂંઆપૂંઆ થતી ધસી આવી**

ડમરો ગયો, પણ રાણીનું મન સળવળવા લાગ્યું. એ આ ખાનગી સંદેશાનો અર્થ કાઢવા લાગી.

મૂરખની જીદ એટલે મારી જીદ ! વળી 'તમને કશું થવાનું નથી' એટલે 'ડમરો તો રાજકાજમાં રહેશે જ, ત્યારે શું રાજાએ મને ભરમાવી?'

માયાવતી આગળ વિચારવા લાગી. ડમરાનું તો ઠીક, પણ આ કુંવરીની વાત શી ? રાજા બીજી રાણી કરવાના છે ? એનાં સગાં આવવાની વાત કરી. વધુમાં આજ ને આજ પતાવી દેવાનું કહ્યું. નક્કી આજે રાજાને હું નથી મળવાની ત્યારે એ આ કામ પૂરું કરવાના લાગે છે ! આમ તો ડમરાને દૂર કરવા જતાં હું દૂર થઈ જાઉં એવી સ્થિતિ થઈ.

તરત ને તરત રાણીએ રથ મંગાવ્યો. સારાં વસ્ત્રો કે શણગાર કર્યા વિના જ દોડી. રાજા ભીમદેવ ને ડમરાભાઈ તો બેઠા હતા. ત્યાં ધૂંઆપૂંઆ થતી ધસી આવી ને બરાડી ઊઠી,

‘કેમ મહારાજ, બીજી રાણીના વિચારમાં પડ્યા છો ને ? કેમ પકડાઈ ગયા !’

રાજા કહે, ‘બીજી રાણી કેવી ને વાત કેવી ?’

રાણી ગુસ્સે થતાં બોલી, ‘અરે, હજીય બનાવટ કરો છો ? એનાં સગાં આવ્યાં છે અને આજે ને આજે બધું પતાવી દેવું છે, ખરું ને ?’

રાજા કહે, ‘રાણી ! આ શું ગાંડાં કાઢો છો ? અહીં તો કોઈનાંય સગાંવહાલાં આવ્યાં નથી.’

રાણી કહે, ‘તો રાજસેવકનો ખાનગી સંદેશો ખોટો ?’

‘મેં તો કોઈ સંદેશો મોકલાવ્યો જ નથી.’ રાજાએ આશ્ચર્યથી કહ્યું, ‘અરે ! ત્યારે આ તો ડમરાની જ ચાલાકી !’

રાણી હારી ગઈ અને શરત મુજબ ફરી કદી પણ ડમરાની વિરુદ્ધમાં એક શબ્દ પણ બોલી નહીં. ડમરો રાણીઓનો વિશ્વાસુ બન્યો. સાચો સલાહકાર બન્યો.

ભીમદેવ મહારાજના વારસદારોને પણ એ શિખામણ આપતો. રાજકુમારોએ કેવું રહેવું તે સમજાવતો. રાજમહેલ એટલે ખટપટોનું ધામ. નોકરોમાં ખટપટ, દાસીઓમાં ખટપટ, જ્યાં જુઓ ત્યાં ખટપટ! ડમરો એ બધાંને સાચો રસ્તો બતાવતો.

રાજના નોકરોનો પણ એ ગુરુ હતો, ને પ્રજાનો પ્રિય સાથી હતો. કોઈ કલમથી દેશની સેવા કરે, કોઈ તલવારથી કરે. ડમરાએ બુદ્ધિથી ગુજરાતની સેવા કરી. એણે બની શક્યું ત્યાં સુધી પ્રજામાં ને રાજ વચ્ચે સંપ રખાવ્યો. એક રાજા અને બીજા રાજા વચ્ચે એખલાસ સ્થાપ્યો.

દામોદર મહેતા વૃદ્ધ થયા. હવે તેમને પોતાના વતન જવાનું મન થયું. એક દિવસ મહારાજ ભીમદેવની રજા લઈ તેઓ સિદ્ધપુર આવ્યા. જાણે સાપે કાંચળી ઉતારી નાખી. રાજકાજની કોઈ વાત નહીં. આખો દિવસ આત્માની વાતો કરે. ચર્ચા કરે.

કોઈ વાર પાટણથી ખુદ મહારાજ ભીમદેવ આવે. મહારાજ બહુ મોટા મનના. એમની ઇચ્છા કે ડમરાભાઈને દોડાદોડ કરાવવી નહીં. ડમરાભાઈ પોતાના સ્વામીને જોઈ રાજી રાજી થઈ ખૂબ સેવા-સરભરા કરે. પૂછે તે બાબતમાં સલાહ આપે.

કોઈ વાર પાટણના મંત્રીઓ, સેનાપતિઓ કે અમલદારો આવે. ડમરાભાઈને કોઈ વાતનું અભિમાન નહીં. બસ, સિદ્ધેશ્વર મહાદેવની પૂજા, સરસ્વતી નદીનું સ્નાન ને ઇષ્ટદેવનું ધ્યાન.

આમ ભગવાનનું ભજન કરતા એક દિવસ ડમરાભાઈ આ ફાની દુનિયાને છોડી ગયા.

એ દિવસે રાજા ને રંકનો બેલી ગયો. વિધવા અને અનાથનો આધાર ગયો. આખું ગુજરાત રડ્યું - ડાહ્યા ડમરાને યાદ કરી કરીને! જીવ્યા પ્રમાણ, મર્યા પ્રમાણ !

❑